# કર્મસાર



-ચંદ્રહાસ ત્રિવેદી

# કર્મસાર

ચંદ્રહાસ ત્રિવેદી

: મુખ્ય વિક્રેતા :
ગૂર્જર એજન્સી
રતનપોળનાકા, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

**KARMSAAR**

*by Chandrahas Trivedi*

●

**કર્મસાર**

© લેખક : ચંદ્રહાસ ત્રિવેદી

●

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧

પૃષ્ઠ સંખ્યા : ૮૦

●

કિંમત રૂ. ૫૦-૦૦

●

: **પ્રકાશક** :

**ચંદ્રહાસ ત્રિવેદી**

'સુહાસ', ૬૪, જૈનનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૭

ફોન : ૨૬૬૨૦૬૧૦

●

: વિક્રેતા :

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

રતનપોળ નાકા, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ફોન : ૨૨૧૪૪૬૬૩

**નવભારત સાહિત્ય મંદિર**

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦°

ફોન : ૨૨૧૩૯૨૫૩

**નવભારત સાહિત્ય મંદિર**

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

ફોન : ૨૨૦૧૭૨૧૩

●

: **મુદ્રક** :

**ચંદ્રિકા પ્રિન્ટરી**

મિરજાપુર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

# અર્પણ

મારાં ધર્મપત્ની શ્રીમતી સુમિત્રા ત્રિવેદીને
જેમણે
મારા આત્માના હિતની ચિંતા કરીને
મને જૈન ધર્મનો પરિચય કરાવ્યો

– ચંદ્રહાસ ત્રિવેદી

# લેખકનો પરિચય



ઈ. સ. ૧૯૩૦માં કપડવંજમાં જન્મ. અર્થશાસ્ત્ર અને રાજકારણના વિષયો સાથે માસ્ટર ડિગ્રી લઈને અમદાવાદ અને મુંબઈની કૉલેજોમાં અધ્યાપન કાર્ય કર્યું. લગભગ પાંચ વર્ષ સુધી દિલ્હીમાં ઑલ ઈન્ડિયા રેડિયો ઉપરથી સમાચાર આપ્યા અને બે વર્ષ સુધી મુંબઈ રેડિયો સ્ટેશન ઉપરથી પરદેશમાં વસતાં ભારતીય ભાઈ-બહેનો માટે સમાચાર આપતા રહ્યા. જીવનના ઉત્તર કાળમાં પચીસ વર્ષ સુધી મૂળ બ્રિટિશ કંપની ગૅનન ડંકર્લિ ઍન્ડ કું.માં રીજીયોનલ મૅનેજરના ઉચ્ચ પદ ઉપર રહ્યા અને ત્યાંથી નિવૃત્ત થયા.

જીવ-જગત અને ઈશ્વર વિશે જાણવાની અદમ્ય ઝંખનાને કારણે વિધ વિધ ધર્મોનો અભ્યાસ કરતા રહેલા અને જેવા નિવૃત્ત થયા કે તુરત જ સાહિત્યસર્જન તરફ વળ્યા. સાહિત્ય તરફની સદાયની અભિરુચિ તેથી સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનું ઠીક ઠીક પરિશીલન કર્યું. જીવનનાં સાઠ વર્ષ પછી લખવા માંડ્યું. છતાંય આજ સુધીમાં તેમનાં ત્રીસ ઉપર પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. તેમણે ધર્મ ઉપર તો લખ્યું જ, પણ સાહિત્યનાં વિધ વિધ સ્વરૂપોને સ્પર્શીને પણ ઘણું લખ્યું છે. તેમણે નવલકથાઓ લખી, આત્મકથા લખી, ટૂંકી વાર્તાઓ લખી અને હાસ્યવિષયક પુસ્તકો પણ લખ્યાં. 'તનાવ' જેવા મનોવૈજ્ઞાનિક વિષય ઉપર લખ્યું તો 'મૃત્યુ' જેવા ગહન વિષય ઉપર પણ લખ્યું. 'કર્મવાદનાં રહસ્યો' નામનું તેમનું પુસ્તક ઘણું વખાણાયું અને તેની છ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ.

છેલ્લાં પંદર-વીસ વર્ષથી તેઓ ગુજરાત સમાચારની 'અગમ નિગમ'ની પૂર્તિના 'ધર્મલોક'માં ચિંતનાત્મક લેખો **'વિમર્શ'** શીર્ષક હેઠળ લખે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી માનવતાલક્ષી સાહિત્ય માટેનું પારિતોષિક તેમના **'પારકી ભૂમિ પર ઘર'** પુસ્તક માટે આપવામાં આવેલ છે. હ્યુમન સોસાયટી ઑફ ઈન્ડિયા તરફથી તેમને તેમની સત્ત્વશીલ નવલકથા **'સીમાની પેલે પાર'** માટે કનૈયાલાલ માણેકલાલ મુનશી ઍવૉર્ડ આપવામાં આવેલ છે. મૌલિક ચિંતનના પથ ઉપર આજે પણ તેમની કલમ આગળ વધી રહી છે.

---

## પ્રાસ્તાવિક
# સ્વસ્થ-શાંત અને સુખી જીવનનો માર્ગ

વિચારશીલ વ્યક્તિને ઘણી વાર મનમાં એવો પ્રશ્ન થાય છે કે જે લોકો અનાચારો કરતા હોય છે - ભ્રષ્ટાચારમાં ગળાડૂબ હોય છે છતાંય તેઓ મોજથી જીવે છે અને તેમને કેમ કંઈ સહન કરવું પડતું નથી ? તો બીજી બાજુ પ્રામાણિકતાથી મહેનત કરીને ગુજરાન ચલાવનારા લોકોને બધી બાજુથી કેમ વેઠવું પડતું હોય છે?

સંસારમાં દેખાતી આ વિષમતા જોઈને ઘણી વાર માણસની કર્મના સિદ્ધાંતમાંથી શ્રદ્ધા ઊઠી જાય છે. દુનિયામાં દેખાતી આ વિષમતાના મૂળમાં જે તે વ્યક્તિનાં પૂર્વજન્મનાં કર્મ રહેલ હોય છે પણ આપણને કર્મની ગતિ-વિધિની ખબર ન હોવાને કારણે આપણને વિષમતા લાગે છે. સામાન્ય રીતે કરેલું કર્મ વિફળ થતું નથી, પણ તેને પાકવા માટે - તેનો પ્રભાવ બતાવવા માટે સમય જોઈતો હોય છે. આ વાત આપણે ચૂકી જઈએ છીએ તેને કારણે આ વિષમતા દેખાય છે અને કર્મની વાતમાં આપણને શ્રદ્ધા રહેતી નથી.

આવો જ બીજો એક પ્રશ્ન વિચારશીલ વ્યક્તિને મૂંઝવે છે કે સંસારમાં જન્મનાર દરેક બાળક વચ્ચે આટલી બધી તરતમતા-તફાવત કેમ પ્રવર્તે છે? કોઈ બાળક રૂપાળું અને ઘાટીલું થાય અને કોઈ બાળક ઘાટઘૂટ વગરનું જન્મે. કોઈ બુદ્ધિશાળી થાય તો કોઈનામાં સામાન્ય બુદ્ધિનો પણ અભાવ હોય. કોઈ રાયને ઘરે જન્મે તો કોઈ રંકને ઘરે બોજારૂપ બનીને અવતરે. એક માટે જીવનમાં બધી તકો સુલભ તો બીજા માટે કોઈ તક જ નહીં. આ માટે પણ કર્મ જ જવાબદાર છે. પણ કોઈને શંકા થાય કે જન્મતા પહેલાં બાળકે એવાં કર્મ ક્યારે કર્યાં? પ્રત્યેક નવજાત બાળકનો જન્મ પોતાનાં પૂર્વજન્મોનાં કર્મને કારણે જ થાય છે અને તે પ્રમાણે જ તેને ન્યાત-જાત-કુટુંબ-રૂપ-રંગ-સ્વભાવ વગેરે મળે છે.

આજે આપણે જે છીએ તે કંઈ એક જ જન્મના કારણે નથી પણ તેની પાછળ અનેક જન્મોનાં કર્મ રહેલાં હોય છે. જે કર્મને કારણે આપણને જીવનમાં સુખ-દુઃખ-આશા-નિરાશા; સફળતા-નિષ્ફળતા ઈત્યાદિ મળે છે તે કર્મ કેવી રીતે બંધાય છે, તે ક્યારે ઉદયમાં આવે છે અને તેનો પ્રભાવ બતાવે છે તેનું વિજ્ઞાન છે. તેની જો આપણને જાણકારી હોય તો આપણે જીવનનું એવી રીતે ઘડતર કરી શકીએ કે આપણને પ્રાયઃ સુખ-શાંતિ જ રહે.

કોઈને એમ વિચાર આવે કે જીવનમાં શું બધું કર્મના હાથમાં જ છે અને આપણા હાથમાં કંઈ નથી? ના, એવું નથી. જીવન એટલે પૂર્વકૃત કર્મ દ્વારા નિર્માણ થયેલ પ્રારબ્ધ અને આ જન્મના પુરુષાર્થ વચ્ચેના સંઘર્ષની વાત. એમાં ક્યારેક પ્રારબ્ધ ઉપર આવી જાય અને ક્યારેક પુરુષાર્થ. વાસ્તવિકતામાં કર્મ એ પરમાણુની જડ સત્તા છે અને પુરુષાર્થ કરનાર ચૈતન્ય સત્તા છે. જો માણસ કર્મના વિષયને જાણીને - સમજીને સમ્યક્ પુરુષાર્થ કરે તો તે કર્મનો પરાવભ કરી શકે.

કેટલાકને પ્રશ્ન થાય છે કે શું કરેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો જ ન થાય? સામાન્ય રીતે એમ કહી શકાય, પણ કર્મનો ભોગવટો કર્યા વિના બચી જવાના ઉપાયો પણ છે. વળી બંધાયેલા કર્મમાં ફેરફાર પણ કરી શકાય છે. તેની અસરોને ઓછી વત્તી પણ કરી શકાય છે. પણ આ માટે વિષયની જાણકારીની આવશ્યકતા રહે છે.

તેમ છતાંય કેટલાંય કર્મો ભોગવ્યા વિના છૂટકો જ નથી હોતો. તો તે સમયે કર્મને કેવી રીતે વેદવું-ભોગવી લેવું એનું પણ વિજ્ઞાન છે. જો કર્મ ભોગવતાં ન આવડે તો કર્મની પરંપરા સર્જાય. માંડ થોડાંક કર્મ છૂટ્યાં હોય ત્યાં વળી નવાં કેટલાંય બંધાઈ ગયાં હોય. આમને આમ જ માણસ જન્મોજન્મ કર્મની જાળમાં ફસાતો જ રહે છે.

વળી એ પણ જાણવાની જરૂર છે કે દુનિયામાં જે કંઈ બને છે તે બધું કર્મને કારણે નથી બનતું હોતું. કુદરતી હોનારતો, અકસ્માતો, એવી કેટલીય વાતો છે કે જેમાં કર્મનું કંઈ ખાસ નીપજતું નથી. કર્મ એ પ્રબળ સત્તા છે. છતાંય તે સર્વ સત્તાધીશ નથી. સંસારમાં કર્મ સિવાયની સત્તાઓનું પણ અસ્તિત્વ છે જે મનુષ્યના જીવનને પ્રભાવિત કરે છે. તેની ચર્ચા પણ આ પુસ્તકમાં કરવામાં આવી છે.

આપણે ત્યાં કર્મ વિશે કેટલીક બાબતોમાં ઘણી ગેરસમજ પ્રવર્તે છે. જેને કારણે માણસ ગુમરાહ બની જાય છે. આ વાતમાં વાસ્તવિકતા શું છે તેની વૈજ્ઞાનિક ચર્ચા એક પ્રકરણમાં કરીને ભ્રમનું નિરસન કરવા પ્રયાસ કર્યો છે.

આપણો સકળ સંસાર કર્મને કારણે છે. જો સ્વસ્થ-શાંત અને સુખી જીવન જીવવું હોય તો કર્મથી બચીને રહેવું જોઈએ. કર્મથી બચવા માટે કર્મના વિષયની સાચી જાણકારી જોઈએ જે વાચકને 'કર્મસાર'માંથી મળી રહેશે. જો કે જીવનનું અંતિમ લક્ષ્ય તો કર્મરહિત અવસ્થા છે. એટલે છેલ્લા પ્રકરણમાં તેની પણ થોડીક ચર્ચા કરીને પુસ્તકનું સમાપન કર્યું છે. આ પુસ્તક જીવાત્માના આલોક અને પરલોક બંનેને સુધારી લેવામાં સહાયરૂપ નીવડશે એવી મને શ્રદ્ધા છે.

કર્મ જેવા ગહન અને જટિલ વિષયને હું સરળતાથી સ્પર્શી શક્યો છું તેનું એક કારણ કે કર્મને સમજાવવા મેં જે સિદ્ધાંતનો આશ્રય લીધો છે તે જૈન કર્મગ્રંથોમાંથી લીધેલ છે જે વિશિષ્ટ અને વૈજ્ઞાનિક છે. વળી વિધ વિધ ધર્મધારાઓનો મારો અભ્યાસ પણ તેમાં મદદરૂપ થઈ પડ્યો છે. આ નાનકડા પુસ્તકમાં મેં કર્મના વિસ્તૃત વિષયને સમાવી લીધો છે. છતાંય તેની અગત્યની કોઈ વાત છૂટી ગઈ નથી એમ હું વિશ્વાસપૂર્વક કહી શકું તેમ છું. મને ખાતરી છે કે વાચકને તેના મનમાં ઊઠતા કર્મ વિશેના દરેક પ્રશ્નનું સમાધાન 'કર્મસાર'માંથી મળી રહેશે અને કર્મ વિશેની કેટલીક ભ્રામક માન્યતાઓનું નિરસન થશે. 'કર્મસાર'ના વાચન પછી વાચકના જીવનમાં કંઈ પરિવર્તન થશે તો હું મારા પ્રયાસને સાર્થક ગણીશ.

– ચંદ્રહાસ ત્રિવેદી

તા.૨૮-૧૦-૨૦૧૧

'સુહાસ' ૬૪, જૈનનગર
અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૬૨૦૬૧૦

# અનુક્રમણિકા


૧. કર્મને કારણે ........................................ ૯

૨. ભવાંતરમાં ........................................ ૧૫

૩. પંચમ ગતિ પ્રતિ ........................................ ૨૧

૪. કર્મબંધ કેવી રીતે? ........................................ ૨૬

૫. કર્મના ચાર બંધ ........................................ ૩૨

૬. વિપાકોદય અને પ્રદેશોદય ........................................ ૪૪

૭. કર્મ સાથે રમત (આઠ કરણ) ........................................ ૫૧

૮. કર્મનો અનુબંધ (કર્મની પરંપરા) ........................................ ૫૬

૯. કર્મ સર્વસત્તાધીશ નથી ........................................ ૬૧

૧૦. વાસ્તવિકતા અને માન્યતા ........................................ ૬૬

૧૧. અંતિમ લક્ષ્ય ........................................ ૭૨

પરિશિષ્ટ ........................................ ૭૭

# ૧. કર્મને કારણે

આજે આપણે જે છીએ તે આપણાં કર્મને કારણે છીએ અને આજે આપણી સાથે જે ઘટિત થઈ રહ્યું છે તે પણ આપણાં જ કર્મને કારણે થઈ રહ્યું છે; પરંતુ આ માનવા માટે આપણું મન જલદીથી તૈયાર થતું નથી. કારણ કે આજે આપણે એવા કેટલાય સુખી-સંપન્ન અને સત્તાધારી માણસોને જોઈએ છીએ કે જેઓ સારાં કર્મ કરતા નથી હોતા છતાંય મોજશોખથી અમન-ચમનમાં જિંદગી ગુજારતા હોય છે. સમાજમાં આપણને એવા પણ કેટલાય માણસો જોવા મળે છે કે જેઓ પ્રામાણિકતાથી મહેનત-મજૂરી કરીને જીવનનો ગુજારો કરતા હોય છે. છતાંય તેમને બધી બાજુથી ઘણું સહન કરવું પડતું હોય છે.

આ દેખીતી વિષમતાના મૂળમાં એક સામાન્ય વાત રહેલી છે કે જેમ ફળને પાકવા માટે અમુક સમય જોઈએ છે, બીજમાંથી વૃક્ષ થવા માટે સમય જોઈએ છીએ, માતાના ઉદરમાં ઉત્પન્ન થયેલા જીવને બાળક બનીને બહાર આવવા માટે સમય જોઈએ છીએ તેમ કર્મને પાકવા માટે સમય જોઈએ છે. કર્મને પાકીને ફળ આપવા માટે જે સમય જોઈએ છીએ તે એકાદ-બે વર્ષનો હોતો નથી. કર્મને પાકવા માટે ઓછામાં ઓછાં બસો-ચારસો વર્ષનો સમય જોઈએ છે અને વધારેમાં વધારે સમય તો હજારો વર્ષનો હોય છે. ક્યારેક જ અંત્યત રસ રેડીને કરેલ કર્મ તે જ જન્મમાં ઉદયમાં આવીને તેનું ફળ બતાવે છે.

એનો અર્થ એ થયો કે આજે આપણે કર્મનાં જે ફળ ભોગવીએ છીએ તે કેટલાય જન્મો પહેલાં બંધાયેલાં કર્મનાં ફળ હોય છે. આજે આપણે જે કર્મ કરીએ છીએ તેનાં ફળ તો આપણે કેટલાય કાળ પછી કોઈ ને કોઈ જન્મમાં ભોગવીશું. બાકી કરેલું ક્યારેય મિથ્યા થતું નથી અને થવાનું નથી.તેમ છતાંય ધર્મ અને સદ્વર્તનથી બાંધેલ કર્મમાં ફેરફાર માટે અવકાશ રહે છે.

આપણને સમાજમાં  જે વિષમતા જોવા મળે છે તેના મૂળમાં કર્મ જ રહેલું હોય છે; પરંતુ કર્મની વ્યવસ્થાની આપણને પૂરી જાણકારી ન હોવાથી આપણા મનમાં કર્મના સિદ્ધાંત વિશે સંદેહ ઉત્પન્ન થાય છે બાકી કર્મની

વ્યવસ્થામાં ક્યાંય અપવાદ હોતો નથી. જો કે કર્મના સિદ્ધાંત વિશેના જ્ઞાનમાં ઘણી તરતમતા રહેલી હોય છે. વાસ્તવિકતામાં કર્મની વ્યવસ્થા વિશેનું વિશેષ જ્ઞાન સંસારની અમુક વિચારધારા પાસે જ છે અને જો તેનાથી આપણે પરિચિત ન હોઈએ તો આપણને સઘળા પ્રશ્નોનાં સમાધાન નહિ જ મળવાનાં.

આ સંસારમાં અને ખાસ કરીને આપણા જીવનમાં કશું આકસ્મિક બનતું નથી. જે કાંઈ બને છે તેની પાછળ કાર્ય-કારણની શૃંખલા રહેલી હોય છે. આપણો જન્મ થાય છે તેની પાછળ પણ કર્મ રહેલું હોય છે. જીવ ક્યાં જન્મશે, કેવા સંજોગોમાં જન્મશે, ક્યાં મા-બાપને ત્યાં જન્મશે તે બધું આકસ્મિક નથી હોતું. આપણે આગળના ભવમાં આપણા જન્મ માટેનાં કર્મ બાંધેલાં હોય છે – તે પ્રમાણે આપણો આ ભવમાં જન્મ થયો હોય છે. આપણા જન્મ, જીવન અને મરણ તે ત્રણેય ઉપર આપણાં ગત જન્મોનાં કર્મો અને આ જન્મનાં કર્મનો પ્રભાવ વર્તાતો હોય છે. માટે કર્મ વિશે જાણવું જીવન માટે ખૂબ આવશ્યક બની જાય છે. જો આ જાણકારી હોય તો આપણે વિકાસની સાચી વાટ પકડીને આગળ વધતા જઈએ.

આજે જેનેટિક વિજ્ઞાન કહે છે કે બાળકના જન્મ માટે તેના માતાપિતાનાં ગુણસૂત્રો જવાબદાર હોય છે. આ વાતમાં તથ્ય છે પણ તેથી કંઈ કર્મની વાત ખોટી ઠરતી નથી. એક જ માતા-પિતાનાં સંતાનો વચ્ચે જે તરતમતા જોવા મળે છે તેની પાછળ કર્મ રહેલું હોય છે. એક જ માતાપિતાનાં સંતાનોમાં કોઈ બુદ્ધિશાળી નીવડે, તો કોઈ રૂપાળું હોય, કોઈનામાં સામાન્ય બુદ્ધિ હોય, તો કોઈનો ઘાટ-ઘૂટ બરોબર ન હોય - એવું ઘણું બધું આપણે જોઈએ છીએ. હવે મા-બાપ તો એવું ન જ ઇચ્છતાં હોય કે તેમનું અમુક બાળક રૂપાળું થાય અને બીજું બાળક રૂપાળું ન હોય, અમુક બાળક હોશિયાર નીવડે અને બીજું બાળક સામાન્ય બુદ્ધિવાળું થાય અને છતાંય આવી ઘણી બધી તરતમતા એક જ માતાપિતાનાં સંતાનો વચ્ચે પ્રવર્તતી હોય છે. તેનું એ જ કારણ કે પ્રત્યેક બાળક પોતાની સાથે જે કર્મ લઈને આવ્યું હોય છે તેવાં ગુણસૂત્રો તેને મા-બાપ પાસેથી મળ્યાં હોય છે ગુણસૂત્રોની વાત ઊલટાના કર્મના સિદ્ધાંતનું સમર્થન કરે છે. આમ જન્મ પાછળ પૂર્વજન્મનાં કર્મોનું પ્રભુત્વ રહેલું સ્પષ્ટ વર્તાય છે.

એક રીતે જોઈએ તો આજે આપણે આપણાં પૂર્વજો કરતાં ઘણી-બધી સુવિધાઓ વચ્ચે જીવીએ છીએ. દૂર વસતાં સ્વજન સાથે આપણે પળવારમાં વાત કરી શકીએ છીએ, દુનિયાના કોઈ પણ ખૂણે વસતા આપણા સગા-સંબંધીને મળવા માટે કે માંદગીનો ઉપચાર કરાવવા થોડાક કલાકોમાં પહોંચી શકીએ છીએ. ઘરમાં મનમાન્યું વાતાવરણ સર્જીને દુનિયાભરની ખબરો જાણી શકીએ છીએ અને મનોરંજન માણી શકીએ છીએ. અરે, આપણું આયુષ્ય પણ પૂર્વજો કરતાં વધારે લંબાયું છે. આ બધું હોવા છતાંય આપણે એમ કહી શકીશું કે આપણને જીવન સામે કોઈ ફરિયાદ નથી ? શું આપણે મળેલા જીવનથી સુખી છીએ? શું આપણે સ્વસ્થ અને સંતુષ્ટ જીવન જીવી રહ્યા છીએ?

માણસ માત્રની આજે ફરિયાદ છે કે તેને જે જોઈએ છે તે તેને મળતું નથી. તેણે ધાર્યું હોય કંઈ અને થઈ જાય છે બીજું જ. તેની લાયકાત પ્રમાણે તેની કદર થતી નથી. આવી તો કેટકેટલીય ફરિયાદો સાથે આપણે જીવીએ છીએ. જીવન પ્રત્યે ફરિયાદ ન હોય એવો માણસ મળવો આજે મુશ્કેલ છે.

કોઈની પાસે ભર્યા ભંડાર હોય છે અને ઘરમાં રોજ ભાત ભાતનાં ભોજન રંધાતાં હોય પણ તે કોઈક એવા રોગથી પીડાતો હોય કે સુખે ખાઈ શકે જ નહીં. બીજી બાજુ એવા પણ માણસો જોવા મળે કે જેમને પથ્થર ખાય તોપણ પચી જાય એમ કહી શકાય; પણ તેમને એક ટંકનું ખાવાનું મળ્યા પછી બીજા ટંકનું ખાવાનું મળશે કે નહિ તેની ચિંતા કોરી ખાતી હોય.

કોઈને ઘરે શેર માટીની ખોટ હોય અને તે પૂરવા તેઓ કેટલાંય બાધા-આખડી રાખ્યાં કરતાં હોય. તો બીજી બાજુ કોઈને મોં માંગ્યો વસ્તાર આવી મળ્યો હોય પણ તેમનાં પેટ કેમ ભરવાં, તેમને ઉછેરવાં કેમ, તે જ તેમના માટે મોટો પ્રશ્ન બની ગયો હોય.

કોઈ શાળામાં જઈને જોઈએ તો એવાં કેટલાંક બાળકો જોવા મળશે કે ભણવાના પાઠ તેઓ સ્હેજમાં સમજી જાય અને એક બે વાર વાંચે ત્યાં બધું યાદ રહી જાય. તો એ જ વર્ગમાં કેટલાંય બાળકો એવાં હોય કે જેમને વિદ્યા કોઠે ચઢે જ નહીં અને કેટલુંયે વાંચે ત્યારે કંઈક યાદ રહે.

કોઈનામાં જ્ઞાન ઘણું હોય, સારામાં સારું તે લખતો હોય અને બોલતો હોય પણ સમાજમાં તેનું નામ થાય નહિ અને કોઈને સ્હેજમાં

કીર્તિ વરે. કોઈ માણસનું વ્યક્તિત્વ એવું હોય કે તે જોતાંની સાથે જ ગમી જાય અને સૌને પ્રિય થઈ પડે અને કોઈ કેટલુંયે કરે તો પણ લોકોને તે માણસ ગમે જ નહીં.

ઘરમાં અને સમાજમાં કોઈનો પડ્યો બોલ ઝિલાય અને સૌ તેણે કહેલી વાત સ્વીકારી લે અને બીજી બાજુ કોઈ સાચી વાત કહેતો હોય પણ લોકો તેને સાંભળે જ નહિ.

એવા પણ માણસો જોવા મળે છે કે તેઓ ધૂળમાં હાથ નાંખે ત્યાંથી પણ તેમને ધન મળે અને બીજી બાજુ એવા પણ માણસો હોય છે કે જેઓ સવારથી સાંજ સુધી તનતોડ મહેનત કર્યા કરે ત્યારે માંડ ખાવા ભેગા થાય.

જીવનમાં કોઈનાં બધાં કામ સરળતાથી થતાં રહે અને બધું તેને સાહજિક રીતે આવી મળે તો બીજી બાજુ એવા પણ માણસો હોય છે કે જેમનું  કોઈ કામ સીધું ઊતરે જ નહિ.

આ બાબતમાં **વાનગોંગ**નો દાખલો જાણવા જેવો છે. દુનિયાના આ શ્રેષ્ઠ ચિત્રકારની તેના જીવતાં ક્યારેય કદર થઈ નહીં અને તેના મર્યા પછી તેનાં ચિત્રોની અભૂતપૂર્વ માગ થવા લાગી. તેનાં ચિત્રો એટલાં વખાણાયાં કે લોકોએ મોં માંગ્યા દામ આપી તે ચિત્રો ખરીદ્યાં, જ્યારે તેનાં જીવતાં માંડ એકાદું ચિત્ર વેચાયેલું. જીવતાં તેને કોઈએ જાણ્યો નહીં અને મરણ પછી તેની કીર્તિ દુનિયાભરમાં પ્રસરી ગઈ.

આ બધું આપણને દુનિયામાં રોજ જોવા મળે છે. આમાંથી આપણી સાથે પણ આવું કંઈક ઘટિત થયું હશે કે થતું હશે જે આપણે સહી લેવું પડ્યું હશે. તે વખતે આપણાં મનમાં વિદ્રોહનો ભાવ પણ કદાચ થયો હશે. જે માણસોને આ રીતે વેઠવું પડ્યું હોય છે તેમાંથી કેટલાક નિરાશ થઈને જીવન હારી બેઠા હોય છે તો કેટલાક ખોટે માર્ગે ચઢી ગયા હોય છે. જે લોકોને બાળપણથી ધર્મના સંસ્કારો વારસામાં મળ્યા હોય છે તેઓ ઘણી વખત આવી વાતો જીરવી જાય છે તો એમાંથી કેટલાકની ધર્મમાંથી શ્રદ્ધા ઊઠી જાય છે. વાસ્તવિકતામાં માણસના જીવનમાં આવું જે કંઈક ઘટિત થાય છે કે બને છે. તેમાં ભગવાનનો કોઈ હાથ હોતો નથી. ભગવાનને તો આપણે કરુણાનો સાગર માનીએ છીએ. તે કોઈને દુઃખી ન કરે. તે તો સૌના સુખમાં રાજી હોય અને સૌને કલ્યાણનો માર્ગ બતાવે.

માણસો સંસારમાં પ્રવર્તતી આ વિષમતા એક કે બીજી રીતે સહન કરી લે છે પણ તેમના મનમાં આ વાત ઘણી કઠે છે. એમાં જે લોકો વિચારશીલ હોય છે તેઓ આની પાછળનાં કારણો શોધવા મથે છે કારણ કે જગતમાં કોઈ કાર્ય સામાન્ય રીતે કારણ વિના નીપજતું નથી. આ વિષમતાનાં કારણો વિશે ચિંતન કરતાં જ્ઞાનીઓએ જોયું અને જાણ્યું કે **જીવમાત્ર જે છે તે પોતાનાં કર્મને કારણે જ હોય છે.** પછી ભલે તે કર્મ તેણે ગમે ત્યારે ઉપાર્જિત કર્યાં હોય. વળી આ બધું અડસટ્ટે બનતું નથી.

કર્મનું શાસ્ત્ર છે – વિજ્ઞાન છે. તેની જો આપણને જાણકારી હોય તો આપણે એટલા મૂંઝાઈએ નહીં અને આપણે જ્યારે કંઈ સહન કરવાનું આવે ત્યારે આપણે કોઈનો દોષ કાઢીએ નહીં. એક વાર માણસને એ વાતની ખાતરી થઈ જાય કે તે જ તેના ભાગ્યને ઘડે છે તો તે મુશ્કેલીની વેળાએ એટલો સંતાપ ન કરે. માણસને જ્યારે લાગે છે કે તે સુખી થાય છે કે દુ:ખી થાય છે તે તેનાં પોતાનાં કર્મને કારણે જ છે – તો પછી તે જીવન પ્રતિનો પોતાનો અભિગમ બદલી નાખે છે. પછી તે એવાં કર્મ કરવા તત્પર થાય છે કે જેનાં ફળ તેને અનુકૂળ બની રહે. જે કર્મોનાં ફળ માઠાં આવે તેમ હોય તેવાં કર્મોથી તે માણસ પછી દૂર રહે છે અને ક્વચિત્ કરવાં જ પડે છે તો તે બહુ રસપૂર્વક કરતો નથી.

**કર્મનું શાસ્ત્ર ફક્ત એટલી જ વાત નથી બતાવતું કે કયાં કર્મ કરવા જેવાં છે અને કયાં કર્મ કરવા જેવાં નથી. કર્મવાદ એ વાત પણ બતાવે છે કે જે કર્મ આજે ઉદયમાં આવીને તેમનો પ્રભાવ બતાવી રહ્યાં હોય છે તેને કેવી રીતે ભોગવવાં જેથી ભાવિમાં માણસને વધારે સહન કરવું ન પડે. કર્મનો ભોગવટો કરવાની કળા છે; તો તેનું વિજ્ઞાન પણ છે.**

અહીં પ્રથમ પ્રકરણમાં કર્મની બાબત જે થોડીક વાતો કરી છે તે તો કર્મની વ્યવસ્થા તરફના ઈશારા જેવી છે. બાકી બીજી ઘણી બધી વાતો કર્મ સાથે સંલગ્ન-સંકળાયેલી છે જે જાણ્યા વિના કર્મની ગતિ-વિધિનો પૂરો ખ્યાલ ન આવે અને આ બધું જાણ્યા વિના તેનો લાભ ન લઈ શકાય. કર્મવાદ કેવળ જાણવા માટે નથી પણ જાણીને આચરણમાં મૂકવા માટે છે અને તે કામ એવું કંઈ મુશ્કેલ નથી. ઘણી વાર તો કર્મશાસ્ત્રનું સાચું જ્ઞાન ન હોવાને કારણે આપણે સંસારમાં કૂટાતા હોઈએ છીએ. **બાકી 'કર્મસાર'નું અંતિમ લક્ષ્ય તો**

**કર્મરહિત થઈને શાશ્વત કાળ માટે આનંદમાં સ્થિતિ કરવા માટેનું છે** જેના તરફ છેલ્લા પ્રકરણમાં થોડોક ઈશારો કરીને માર્ગ પણ ચીંધેલો છે.

અહીં આ પ્રકરણમાં આપણે કર્મની એક પ્રમુખ બાબતનો ઉલ્લેખ કર્યો છે કે આપણે જે કંઈ છીએ તે આપણાં જ કર્મને કારણે છીએ અને આજે સમાજમાં આપને જે વિષમતા જોવા મળે છે તેનું કારણ એટલું જ છે કે કર્મને ઉદયમાં આવતાં - પાકતાં વર્ષોનાં વર્ષો લાગે છે. આજે આપણે જે ભોગવીએ છીએ તે કેટલાય જન્મો પહેલાંનાં કર્મ છે અને આજે જે કરીએ છીએ તે આપણે હવે પછીના જન્મોમાં ભોગવવું પડશે અને એ ભોગવટામાં આપણે ફેરફાર કરી શકીશું કે નહીં અને કેવી રીતે તે થઈ શકે - તેવી ઘણી બધી બાબતોની આગળનાં પ્રકરણોમાં વિગતે ચર્ચા કરેલી છે.

---

# ૨. ભવાંતરમાં

આપણે જાણ્યું કે આપણે જે છીએ, જે ભોગવીએ છીએ તે ગત જન્મોનાં અને આ જન્મનાં કર્મને કારણે બાકી કોઈ અન્ય આપણને સુખી કે દુઃખી કરી શકતું નથી. આટલું જાણ્યા પછી સ્વાભાવિક છે કે આપણાં મનમાં પ્રશ્ન થાય કે આપણે કરેલાં કર્મ એક ભવમાંથી બીજા ભવમાં કેવી રીતે સાથે આવતાં હશે? વળી કોઈના મનમાં એ પ્રશ્ન પણ ઊઠે કે જે કર્મ કરનાર હોય તે મરી જાય પછી કરેલાં કર્મ ભોગવવાનાં તેને ક્યાં રહ્યાં?

વિચારશીલ વ્યક્તિને સ્વાભાવિક છે કે આવો વિચાર આવ્યા વિના ન રહે, કારણ કે આપણે જે કર્મ કરીએ છીએ તે આ શરીર દ્વારા કરીએ છીએ અને એ શરીરને તો મરણ પછી બાળી નાખવામાં આવે છે કે અન્ય રીતે તેનો નાશ કરવામાં આવે છે.

ભલે આપણને દેખાય કે શરીર કર્મ કરે છે પણ વાસ્તવિકતા એ છે કે શરીર તો જડ છે. તેનામાં કર્મ કરવાની કોઈ તાકાત જ નથી પણ તેની અંદર વ્યાપીને રહેલ ચેતન તત્ત્વ તેને કર્મ કરવા ઉત્તેજિત કરે છે. જો શરીર જ કર્મ કરતું હોત તો જીવ ગયા પછી પણ તે કંઈ કરતું રહેત, પણ આમ બનતું નથી. જેવો જીવ જાય છે કે શરીર લાકડા જેવું નિશ્ચેતન બની જાય છે. પછી તેનો નાશ કરવાનું અનિવાર્ય બની જાય છે. વાસ્તવિકતામાં જીવથી અલગ શરીરનું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. આ શરીરને માતાના ઉદરમાં ઘડનાર-બનાવનાર ચેતનત્તત્વ-આત્મા જ હતો. તેનો વિકાસ પણ તેને કારણે જ થયો હતો અને તે તેનાથી અળગો થઈ જતાં શરીર મરણ પામ્યું.

જો આ શરીર જ સર્વ કંઈ હોત તો તેના નિષ્પ્રાણ થવાની સાથે વાત પૂરી થઈ જાત પણ એમ વાતનો અંત આવતો નથી. આ શરીર જેને કારણે જીવંત બન્યું હોય છે તે આત્મતત્ત્વ મરણ વખતે તેનાથી છૂટું પડી જાય છે પણ તેનું અસ્તિત્વ બની રહેલું રહે છે. જ્યાં સુધી આ ચેતનત્તત્વ શરીરમાં વ્યાપેલ હોય છે ત્યાં સુધી શરીર સક્રિય બનીને કર્મ કરતું રહે છે. તેનો અર્થ એ થયો કે કર્મ કરનાર કે શરીર પાસે કરાવનાર આત્મતત્ત્વ છે જેને 'જીવાત્મા'

તરીકે ઓળખવામાં આવે છે. આ આત્મા ક્યારેય મરતો નથી. કર્મ અનુસાર તે જુદાં-જુદાં શરીરો ધારણ કરે છે અને જે તે શરીરો જર્જરીત થતાં કે સમય જતાં તે છોડીને ચાલ્યો જાય છે અને જ્યાં ગયો હોય ત્યાં વળી પાછાં નવાં શરીરો ધારણ કરીને કર્મ કરતો રહે છે અને કર્મ ભોગવતો રહે છે.

**વેદાંતવિચાર**માં ક્યાંક એવું નિરુપાણ થયેલું કે આત્મા તો જળકમળવત્ છે. તે નથી કર્તા કે નથી ભોક્તા. પરંતુ આ વાત સાપેક્ષ છે. જો આત્મા કર્મ કરતો ન હોય તો પછી કર્મ કરે છે કોણ અને ભોગવે છે કોણ? કર્મનો ભાર વહન કરનાર કોઈ એવું તત્ત્વ હોવું જોઈએ કે જે શાશ્વત હોય અને ભવાંતરમાં કર્મને લઈને સાથે જતું હોય. વાસ્તવિકતામાં વાતનો મર્મ એ છે કે શુદ્ધાત્મા કર્મ કરતો નથી અને ભોગવતો નથી. તેને કર્મ લાગતું નથી કારણ કે તે કષાય (રાગ-દ્વેષ)રહિત હોય છે. કષાયથી કલુષિત થયેલ આત્માને કર્મ લાગે છે અને તેને કારણે તે કર્મનો કર્તા અને ભોક્તા બને છે.

હવે કોઈના મનમાં પ્રશ્ન ઊઠે કે આત્માને ઓળખવો કેવી રીતે? જાણવો કેવી રીતે? આત્મતત્ત્વ ઘણું સૂક્ષ્મ છે. તેને આંખોથી જોઈ શકાય નહીં. સ્પર્શ કરીને તેના અસ્તિત્વનો અહેસાસ ન કરી શકીએ છતાંય જો વિગતે વિચાર કરીએ તો તેનો અંદાજ અવશ્ય લગાવી શકીએ.

જ્યારે કોઈ વ્યક્તિ ઘણી સફળ થાય છે અને બહુજન સમાજમાં તેની વાહ વાહ થાય છે ત્યારે તે ઘણી વાર બોલે છે : જોયું ને! મેં કેવી સિદ્ધિ મેળવી! મેં વિરોધીઓને કેવા પાછા પાડ્યા! તેના વક્તવ્યમાં હોશિયારીનો આવો જે 'હું' કાર વર્તાય છે તે આત્માની અત્યંત નજીકથી આવતો હોય છે.

કેટલીક વાર એવું બને છે કે માણસ ઘણો વૃદ્ધ થઈ ગયો હોય, શરીર જર્જરિત થઈ ગયું હોય, ઘણા રોગ થયા હોય, વેદના અસહ્ય બની ગઈ હોય ત્યારે અંદરથી કોઈ બોલે છે : હે ભગવાન! મને તું હવે છોડાવ. આ દર્દભર્યો અવાજ અંતરમાંથી આવે છે. તે આત્માની ઘણી નિકટનો અવાજ હોય છે. વેદનાગ્રસ્ત શરીરમાં આત્માની ભિન્નતાનો અહેસાસ વધારે વર્તાય છે.

વાતનો સાર એ છે કે મરણ વખતે જે મરે છે તે શરીર મરે છે. તેની અંદર વ્યાપીને રહેલ આત્મતત્ત્વ જેને જીવાત્મા કહે છે તે મરતો નથી. તે તો મરણ પછી આ શરીર છોડીને અન્ય કોઈક સ્થળે ચાલ્યો જાય છે અને ત્યાં જઈને બીજું શરીર ધારણ કરીને વળી પાછો કર્મનો કરનાર

અને ભોગવનાર બની જાય છે.

મરણ-સમયે આપણને વર્તાય છે કે જીવાત્માએ શરીર છોડ્યું પણ વાસ્તવિકતામાં તો જે છોડે છે તે સ્થૂળ શરીર હોય છે જે તેણે આ ભવ માટે બનાવ્યું હતું. પણ જીવાત્મા કંઈ એક જ શરીર ધારણ કરતો નથી. તેની સાથે બીજાં બે સૂક્ષ્મ શરીરો હોય છે જે તેની સાથે હંમેશાં રહે છે અને ભવાંતરમાં તે બંને શરીરો તેની સાથે જાય છે. આ શરીરોને **તૈજસ શરીર** અને **કર્મ શરીર** કહે છે.

તૈજસ શરીર એ ઊર્જા શરીર છે. તે શરીરના તાપમાનને યોગ્ય સપાટીએ જાળવી રાખે છે. તેને કારણે આપણે લીધેલો આહાર પચાવી શકીએ છીએ. આ ખોરાકમાંથી વળી પાછી ઊર્જા બને છે. જ્યારે જીવાત્મા બીજા ભવમાં જાય છે ત્યારે આ ઊર્જા શરીર જ કર્મ-પરમાણુઓને ગ્રહણ કરીને શરીર રૂપે પરિણમતું જાય છે. તૈજસ શરીર એ સૂક્ષ્મ શરીર છે. તેને આપણે જોઈ શકતા નથી, પણ તેથી તેના અસ્તિત્વનો અસ્વીકાર થઈ શકે નહીં. એમ તો આપણે વીજળીને પણ ક્યાં જોઈ શકીએ છીએ ? પણ તેનું અસ્તિત્વ સ્વીકારીએ જ છીએ ને ? ઊર્જાને કારણે તો પ્રાણી જીવંત રહે છે.

જીવાત્મા જ્યારે આ ભવનું શરીર છોડે છે ત્યારે તેની સાથે બીજું અત્યંત સૂક્ષ્મ શરીર પણ હોય છે. તે છે કર્મ-શરીર. આ કર્મશરીર અતિ-અતિ સૂક્ષ્મ કર્મપરમાણુઓથી બનેલું હોય છે. તેમાં જીવાત્માનાં આ જન્મનાં જ નહીં પણ અનેક જન્મોનાં કર્મો અંકિત થયેલાં હોય છે અને તે પ્રમાણે તેની ગતિ-વિધિ થતી રહે છે. આ શરીરને આપણે અમુક રીતે કમ્પ્યૂટર સાથે સરખાવી શકીએ. કમ્પ્યૂટરમાં જે વિગતો ઉતારી હોય તે તેને આપેલા કમાન્ડ મુજબ વિભાગીકરણ કરીને રજૂ કરી બતાવે છે. તેવી રીતે કર્મશરીરમાં અંકિત થયેલાં કર્મોનું વિભાગીકરણ થઈ જાય છે અને તેનો સમય થતાં તે ઉદયમાં આવીને તેનો પ્રભાવ બતાવવા માંડે છે. વળી તેમાં સતત નવાં કર્મો અંકિત થતાં રહે છે. આ કર્મશરીર સ્વયં સંચાલિત છે. તેને જરૂરી ઊર્જા તેની સાથે રહેલા ઊર્જા શરીર - તૈજસ શરીરમાંથી મળતી રહે છે અને આત્માના પ્રવર્તન સાથે તેને કમાન્ડ મળતા જ રહે છે.

સંસારમાં પ્રવર્તતી તરતમતા અને વિષમતાને બીજી કોઈ રીતે વાજબી ન ઠરાવી શકાય તેમ હોવાને કારણે લગભગ બધા ધર્મોને કર્મની વાતનો સ્વીકાર

તો કરવો જ પડ્યો છે; પણ સૌએ તેની ગતિ-વિધિ વિશે પોત-પોતાની રીતે તર્ક કર્યા છે. છતાંય સૌએ એક કે બીજી રીતે સૂક્ષ્મ શરીરનાં અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે. જો એમ ન હોય તો પછી કર્મ કરનાર અને કર્મ ભોગવનાર વચ્ચે સાતત્ય જળવાય નહીં.

થિયૉસૉફીએ ત્રણ શરીરની વાત કરી છે. એક સ્થૂળ શરીર જેનાથી આપણો બધો વ્યવહાર થાય છે. બીજાં બે સૂક્ષ્મ શરીર, ઈથરલ અને એસ્ટ્રલ તરીકે ઓળખાય છે. હિંદુ ધર્મ તરીકે કોઈ એક વિચારધારાની વાત થઈ શકે તેમ નથી કારણ કે તેમાં અનેક ધારાઓ ભળેલી છે. તેમ છતાંય, બધા સંપ્રદાયોએ મરણ પછી આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરેલો છે અને ભવાંતરમાં ગતિ કરવા માટે સૂક્ષ્મ શરીરની ધારણા કરેલી છે. આ સૂક્ષ્મ શરીરને અંગૂઠાના આકારનું માનવામાં આવે છે. કોઈએ તો તેને કરેલાં કર્મ ભોગવવા માટેનું સાધન ગણ્યું છે કારણ કે શરીર વિના અત્યંત સૂક્ષ્મ એવો આત્મા કર્મ ભોગવી ન શકે.

જે ધર્મોમાં **Day of Destiny** કયામતના દિવસની વાત આવે છે તેમાં તો સીધી જ એ ધારણા છે કે તે દિવસે સર્વ મૃતાત્માઓ પુનઃ સજીવન થાય છે અને પરમાત્મા તેમને તેમનાં સારાં-માઠાં કર્મ પ્રમાણે સુખ-સમૃદ્ધિથી નવાજે છે કે દોજખમાં નાખે છે જ્યાં તેમને અનંતકાળ દુઃખમાં વ્યતીત કરવો પડે છે.

આ બધાનો સાર એ જ નીકળે છે કે અહીં જે મરણ દેખાય છે તે જીવાત્માનું મરણ નથી. ત્યારપછી જીવાત્મા એક કે બીજે સ્વરૂપે વિદ્યમાન રહે છે અને તેને પોતાનાં કર્મ અનુસાર સુખ-દુઃખ ભોગવવાં પડે છે. પુનર્જન્મમાં માનનાર ધર્મો પ્રમાણે તે જીવાત્મા પોતાનાં કર્મ અનુસાર બીજે ક્યાંક જન્મે છે અને ત્યાં તે કર્મ ભોગવે છે અને નવાં બાંધે છે. પરિણામે તે સંસારમાં ચાર ગતિઓમાં ફરતો રહે છે. જીવાત્મા જ્યારે તદ્દન કર્મરહિત થઈ જાય છે ત્યારે તે મુક્ત થઈ જાય છે અને મુક્તિ વિશેના ખ્યાલો પણ બધા ધર્મોના જુદા-જુદા છે.

કેટલાક ધર્મવિચારકોને લાગ્યું કે જો આપણા જીવનનું સંચાલક બળ કર્મ જ હોય તો પરમાત્માની મહત્તા નહીં રહે. એટલે તેમણે એવો તર્ક કર્યો કે જીવાત્મા કર્મ કરે છે, જીવાત્મા કર્મ ભોગવે છે તે વાત ખરી; પણ કર્મનું ફળ

આપવાનું કામ ભગવાનના હાથમાં છે. ભગવાન જ જીવાત્માને તેનાં કર્મ પ્રમાણે ભવાંતરમાં બીજા ભવમાં મોકલી આપે છે. જીવે કરેલાં કર્મનો ન્યાય કરીને ભગવાન તેને સુખ-સુવિધા આપે છે કે દુઃખ અને પીડા આપે છે. આવો વિચાર કરનારાઓમાં ભગવાનનું પ્રભુત્વ જાળવી રાખવાનો ભાવ હશે એમ લાગે છે.

જો આજના મોબાઈલમાં અંકિત થયેલ સમયે એલાર્મ વાગી શકે, સૂચિત ગાયનો ઈન્ટરનેટ ઉપરથી પકડીને નીચે ઉતારીને સાંભળી શકાય, રેડિયો ચાલુ કરીને ગમે તે વેવલેન્થ પકડીને જુદાં-જુદાં સ્ટેશનો ઉપરથી વહેતા કાર્યક્રમો સાંભળી શકાય અને ટી.વી. ઉપર દુનિયાભરના કાર્યક્રમો જોઈ શકાય તો પછી કર્મશરીરમાં અંકિત થયેલ કર્મનો સમય પ્રમાણે ઉદય પણ થઈ શકે અને નવાં કર્મો તેની ઉપર અંકિત પણ થઈ શકે - તે માનવામાં શું વાંધો? વાત વૈજ્ઞાનિક છે.

વળી કર્મની વ્યવસ્થામાં ભગવાનને વચ્ચે લાવવાથી ભગવાનને સાચવી લેવામાં પણ મુશ્કેલી પડે છે. જો ભગવાન જ કર્મનું ફળ આપતો હોય તો તેણે હંમેશાં ન્યાય જ કરવો પડે. પછી તે અપવાદ કરીને ભક્તોની સજા માફ કરી દે અને તેમને મદદ કરે તે કેમ ચાલે? ભગવાન ઉપર શ્રદ્ધા ન રાખનાર કોઈ નાસ્તિકને તે ઉગ્ર દંડ આપે તો તે પણ ન ચાલે. જો આવું કંઈ કર્યાનું દેખાય તો તેના ઉપર પક્ષપાત કે પૂર્વગ્રહ રાખ્યાનો આરોપ આવે અને તેની ભગવત્તા જોખમાય. પછી તે કર્મનું શાસન ન રહે પણ ભગવાનનું એકહથ્થું શાસન બની રહે.

વાસ્તવિકતામાં કર્મનું ફળ આપવામાં ભગવાનને વચ્ચે લાવવાની કંઈ જરૂર નથી. કર્મસત્તા કમ્પ્યૂટર જેવી સ્વયંસંચાલિત છે અને તેનો ડેટા ફીડ કરવાનું અને કમાન્ડ આપી રાખવાનું કામ જીવાત્મા સ્વયં કરે છે. કર્મસત્તા ન્યાયી છે. તે કોઈના તરફ પક્ષપાત રાખતી નથી કે કોઈના પર રૂઠતી નથી. કોઈ બાહ્ય પરિબળોના સાથસહકાર વિના કેવળ આત્મામાં થતાં સ્પંદનોને કારણે કર્મશરીર સક્રિય બને છે. નિમિત્તો ભલે બહારથી આવતાં હોય પણ તેનાથી ઉત્તેજિત થવું કે ન થવું તે નક્કી કરવા માટે આત્મા સ્વતંત્ર હોય છે. આત્મા પાસે અનર્ગળ શક્તિ છે. તે સ્વેચ્છાએ જ કર્મનો કર્તા બને છે અને પછી તેને કરેલાં કર્મો ભોગવવાં પડે છે કે તેનો સામનો કરવો પડે છે. આત્મા

જ્યારે કર્મરહિત અવસ્થા પ્રાપ્ત કરી લે છે ત્યારે તે મુક્તાત્મા બની જાય છે અને ફરીથી તેને જન્મ-મરણ કરવાં પડતાં નથી.

કર્મની વ્યવસ્થા વિશે એક પૌરાણિક વાત પ્રચલિત છે. તે પ્રમાણે આપણે અહીં જે કંઈ કરીએ છીએ તેની નોંધ ઉપર આસમાનમાં ભગવાનનો કારભારી ચિત્રગુપ્ત રાખે છે. જ્યારે મરણ પછી જીવાત્મા ઉપર જાય છે ત્યારે ધર્મરાજા ચિત્રગુપ્તને ચોપડો લઈને બોલાવે છે. ચિત્રગુપ્ત તેમાંથી જીવાત્માએ કરેલાં પાપ-પુણ્ય વાંચી સંભળાવે છે. ત્યારપછી ધર્મરાજા ન્યાય કરીને પુણ્ય પ્રમાણે સુખ-સુવિધાવાળા ભવમાં મોકલી આપે છે અને પાપ પ્રમાણે તેને સજા મળી રહે તેવી યોનિઓમાં મોકલે છે. આ વાત બાળકોની વાર્તા જેવી રોચક લાગે છે પણ આજના સમયમાં માનવી મુશ્કેલ છે.

પુરાણોમાં કથાનકો દ્વારા ઉપદેશ અપાયેલો હોય છે જેમાં કલ્પનાનું પ્રમાણ વધારે અને વાસ્તવિકતા ઓછી હોય છે. બહુજન સમાજ સુધી ધર્મને પહોંચાડવામાં પુરાણોનો ફાળો મોટો છે. આપણે તેમાંથી સાર તત્ત્વને પકડી લેવાનું હોય છે અને મનોરંજનને બાજુએ મૂકવાનું હોય છે.

વાતનો સાર એટલો નીકળે છે કે મરણ પછી વાત પૂરી થતી નથી કે આત્મા છૂટી જતો નથી. કરેલાં કર્મ ભવાંતરમાં પણ તેની સામે આવીને ઊભાં રહે છે જે તેણે ભોગવવાં જ પડે છે. આટલું સમજીને ચાલનાર માણસ જીવનમાં પાપકર્મોથી દૂર રહે છે અને પુણ્ય-કર્મો કરતો રહે છે અને પાપથી ડરીને ચાલે છે.

ચર્ચાનું ફલિત એ છે કે જીવ જ્યારે આ ભવનું શરીર છોડે છે ત્યારે તે કરેલાં કર્મને સાથે લઈને ભવાંતરમાં જાય છે. વળી તેનો બીજો જન્મ પણ આ જન્મમાં કરેલાં કર્મને કારણે જ નક્કી થાય છે. જો જીવાત્મા તેની સાથે કર્મ લઈને જતો ન હોય તો પછી સંસારમાં જે જન્મજાત તરતમતા કે વિષમતા જોવા મળે છે તે ન હોય અને એમ કર્મ છૂટી જતાં હોય તો પછી તેમાં ન્યાય ક્યાં રહ્યો? કરેલું ભોગવ્યા વિના કોઈનો છુટકારો થતો નથી.

---

# ૩. પંચમ ગતિ પ્રતિ

આપણે એ બાબત જોયું કે મરણ પછી જીવાત્મા આ શરીર છોડીને પોતાનાં કર્મ અનુસાર અન્ય ગતિમાં જાય છે અને પછી ત્યાં જઈને પોતાનાં કર્મ અનુસાર સ્વયં પોતાની દેહાકૃતિ વગેરે બનાવે છે. તો વિચારશીલ વ્યક્તિને સહજ રીતે એ વિચાર થાય કે ગતિ કેટલી હશે. જ્ઞાનીઓએ ચાર ગતિનાં વર્ણન કર્યાં છે. એમાં મનુષ્યભવ, દેવલોક, તિર્યંચયોનિ અને નારકી એમ ચાર ગતિ આવે છે. એમાંથી મનુષ્યભવ તો આપણે જાણીએ છીએ. આપણી સામે પશુ-પક્ષી અને નાનામોટા જીવોને આપણે રિબાતા-રખડતા જોઈએ છીએ એટલે તિર્યંચ ગતિ વિશે શંકાને કંઈ સ્થાન નથી. આ ચારેય ગતિની ઉપરની પંચમ ગતિ છે. જે વાસ્તવિકતામાં પરમાત્મ અવસ્થા છે. ત્યાં પહોંચ્યા પછી જીવાત્માની અનંતકાળની યાત્રા પૂર્ણ થઈ જાય છે.

હવે આવે છે દેવલોક અને નારકીની વાત. કહે છે કે આસમાનમાં બાર દેવલોક અને તેનીય ઉપર વિશિષ્ટ પ્રભાવ અને સમૃદ્ધિવાળા કેટલાક દેવલોકો છે જ્યાં બહુ ઉચ્ચ કક્ષાના દેવો વસે છે. એ બધાના પુરાવાઓ આપવાનું તો મુશ્કેલ છે પણ તે વિશે અનુમાન કરી શકીએ. દેવલોક એ પુણ્યકર્મોને ભોગવવાની ભૂમિ છે. જે જીવાત્માઓ સદ્કાર્યો કરતા હોય છે, નિરંતર પુણ્ય-પ્રવૃત્તિઓ કરવા માટે તત્પર રહેતા હોય છે તેઓ દેવ ગતિના આયુષ્યનું ઉપાર્જન કરે છે. સદાચાર અને સદ્વિચારને કારણે તેઓ દેવલોકમાં જાય છે. કહે છે કે દેવોનો જન્મ માતાના ઉદરમાં થતો નથી. તેઓ ફૂલોની શય્યામાં સુખેથી ઉત્પન્ન થાય છે અને અલ્પકાળમાં જ તેઓ યૌવનને પ્રાપ્ત કરી લે છે. તેમને રોગ અને વૃદ્ધાવસ્થાનાં દુઃખો સહેવાં પડતાં નથી. પરંતુ પુણ્ય પરવારતાં તેમને દેવલોક છોડીને અન્ય ગતિમાં વળી પાછા પડવું પડે છે.

ચોથી ગતિ નર્કભૂમિની છે. ત્યાં જે જીવો ઉત્પન્ન થાય છે તેને નારકીના જીવો કહે છે. કહેવાય છે કે સાત નર્કભૂમિ છે અને તેમાં ઉત્તરોત્તર દુઃખ અને યાતનાઓની વૃદ્ધિ થતી રહે છે. આ નર્કલોક આપણી પૃથ્વીથી નીચેના આકાશમાં છેક ઊંડે સુધી ઊતરેલો છે. ત્યાં સતત દુઃખનો જ અનુભવ થતો

હોય છે. ત્યાં એક પળ પણ દુઃખ વિનાની નથી હોતી. જીવાત્માએ કરેલાં ગાઢ પાપકર્મ ભોગવવાની આ જગ્યાઓ છે. નર્કલોકનાં વર્ણનો વાંચીએ તો આપણે કંપી ઊઠીએ.

આ ચાર ગતિમાંથી મનુષ્ય અને દેવલોકની ગતિને સ્વાભાવિક રીતે સારી ગણવામાં આવે છે. તિર્યંચ ગતિ હાડછેડ અને રઝળપાટની ગતિ છે. આવી ચારેય ગતિઓની વાત અન્ય ધર્મોમાં પણ એક કે બીજા પ્રકારે આવે છે. ત્યાં સ્વર્ગને જન્નત અને નર્કને દોઝખ કહેવામાં આવે છે. તેમનામાં પણ ત્યાં પ્રવર્તતાં સુખ અને દુઃખનાં વર્ણનો થયેલાં છે. આ બધાં વર્ણનોને અક્ષરશઃ માનવા આપણે તત્પર થઈ શકતા નથી. વળી આપણી પાસે તેના પુરાવાઓ પણ છે નહીં. પરંતુ આપણે એટલું અનુમાન કરી શકીએ કે પુણ્યકર્મો ભોગવવા માટે જીવાત્મા દેવલોકમાં જાય છે અને ગાઢ પાપકર્મો ભોગવવા તે નર્કમાં જાય છે. સ્વર્ગમાં સુખ હશે અને નર્કમાં દુઃખ હશે. ત્યાં તે કેવાં હશે અને કેટલાં હશે તે ચર્ચામાં પડીને વધારે સમય વેડફવાની આપણે જરૂર નથી. આપણે એટલું તો સ્વીકારી શકીએ કે સારાં કામનો બદલો સારો મળે અને ભૂંડાં કામનો બદલો ભૂંડો મળે. આટલી વાત તો આપણને જચે તેવી લાગે છે.

અહીં આ વાત સંદર્ભમાં બહુજનસમાજના બૌદ્ધિક વર્ગમાં ચર્ચાતી એક વાત વિશે વિચાર કરી લઈએ. આપણા ત્યાં કેટલાક વિચારકો એવી દલીલ કરતા આવ્યા છે કે સંસાર જીવનની વિકાસયાત્રા છે તેમાં જે જીવો આગળ ગયા હોય તેમને ત્યાર પછી પાછા પડવું પડતું નથી. ઉપર ચઢ્યા પછી નીચે ઊતરવાનું ન હોય. આપણે આજે મનુષ્યના ભવમાં છીએ એટલે હવે આપણે તેનાથી આગળ જવાનું હોય. આ માટે તેઓ એક વ્યવહારિક દાખલો આપે છે કે ભણવામાં વિદ્યાર્થી એક વાર ઉપરના વર્ગમાં આવી ગયો પછી ત્યાં તે નપાસ થાય તો તેને આગળના વર્ગમાં ચઢાવવામાં ન આવે પણ નીચેના ધોરણમાં ઉતારી પાડી શકાતો નથી. આ વાત સ્વીકારવા આપણું મન જલદીથી તૈયાર થઈ જાય એ સ્વાભાવિક છે. કારણ કે તેનાથી એક પ્રકારની હૈયાધારણ રહે છે કે ભલે દેવના ભવમાં જવા નહીં મળે પણ મનુષ્યનો ભવ તો કાયમ માટે ટકી રહેશે.

વળી તત્ત્વને ન જાણનાર અને થોડીક સુવિધાઓ મળી હોય તેવા લોકોને અહીં ઘણું ફાવી ગયું હોય છે. પણ આવી ફાવટ તો જ્યાં સુધી

વૃદ્ધાવસ્થા ન આવી હોય કે દેહ રોગથી જર્જરિત ન થયો હોય ત્યાં સુધી જ લાગે. એક વાર જ્યાં મોતનો પડછાયો દેખાય છે ત્યાં તો માણસ ઢીલો થઈ જાય છે અને ભાંગી પડે છે. પછી તે બચવા માટે ધર્મનું શરણું શોધવા માંડે છે. મોડો મોડો પણ જો જીવ જાગે છે તો તેને બાજી સુધારી લેવાની તક મળી રહે છે. પણ જો તે અવળા તર્કની ઓથમાં જીવતો હોય છે તો તેને બચવાનો આરો મળતો નથી.

અહીં મનુષ્યભવમાં એક વાર આવી ગયા પછી હવે ફરીથી કોઈ દુઃખદ યોનિમાં નહીં જવું પડે, તે ખ્યાલ મનમાંથી કાઢી નાખવા જેવો છે. મનુષ્યભવ એવો ભવ હોય છે જેમાં જીવાત્મા પાસે મન અને બુદ્ધિ હોય છે. જેને પરિણામે તે મોટાં આયોજન કરી શકે છે. તે પોતાની બુદ્ધિના જોરે મોટાં કતલખાનાં ઊભાં કરી શકે જેમાં અનેક જીવોનો એક સાથે સંહાર થઈ જાય. એવાં સંશોધનો કરીને અનેક નાના જીવોનો ખાતમો બોલાવી દે તેવી દવાઓ બનાવી શકે. તે અણુબૉમ્બ બનાવીને લાખો લોકોનો જાન લઈ શકે અને તેમને જીવનભર વેદનામાં કણસતા કરી મૂકી શકે. આવાં દુષ્કૃત્યો કરનારને યથાયોગ્ય સજા ન થાય એવી વ્યવસ્થા જો હોય તો તે ન્યાયી ન કહેવાય. આવી સત્તા હોય તો તેને તો બળવો-કરી ઉથલાવી પાડવી જોઈએ.

મનુષ્યભવમાં જીવાત્મા ભયંકરમાં ભયંકર પાપો કરી શકે છે. માનવીઓનું શોષણ કરી શકે છે તો બીજી બાજુ તેને મળેલી બુદ્ધિ અને અંગ-ઉપાંગોને કારણે તે અનેક જીવોને ઉપકારક પણ થઈ શકે, અનેક જીવોનાં દુઃખ-દર્દ મિટાવી શકે અને તેમના જીવનને સુખદ બનાવી શકે. સંસારથી દાઝેલા જીવો માટે તે સુખ-શાંતિની યોજનાઓ કરી તેમને સારું જીવન આપી શકે.

મનુષ્યભવમાં જીવાત્મા જન્મ-મરણ અને જરાનો વિચાર કરીને તેમાંથી ઊગરવાના માર્ગો શોધી શકે છે. દેવ-ગુરુ-ધર્મનો આદર કરીને, દાન, શીલ, તપ અને ભાવમાં વર્તીને પુણ્યકર્મોનું ઉપાર્જન કરી શકે છે અને પોતાનો સંસાર ટૂંકાવી શકે છે. એટલું જ નહીં પણ તે ઘણા જીવોને દુઃખમાં લઈ જતા અધર્મના માર્ગેથી પાછા વાળીને ધર્મને માર્ગે ચઢાવી શકે છે. માટે મનુષ્યભવ વગોવવા જેવો નથી. **મનુષ્યનો ભવ એવો ભવ છે કે જેમાં અત્યંત પાપકર્મો કરીને નીચે પડી શકાય અને અત્યંત પુણ્યકર્મનું ઉપાર્જન કરી વિકાસની યાત્રામાં ઊંચે ચઢી શકાય.**

તિર્યંચ યોનિ અર્થાત્ પશુ-પક્ષીના કે નાના જીવજંતુના ભવ એવા છે કે જ્યાં જીવન જન્મજાત સંજ્ઞાઓ instinct દ્વારા જીવાય છે. ચાર મૂળભૂત સંજ્ઞાઓ છે : આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ. આ જીવો જે કંઈ પાપ કરે છે તે જન્મજાત સ્વભાવ અને જીવનના નિભાવ માટે કરતા હોય છે. તેથી તેઓ મોટાં પાપકર્મ કરી શકતા નથી અને મોટાં પુણ્યકર્મો કરવાનો તેમને અવકાશ હોતો નથી. દેવોની પાસે મન અને બુદ્ધિ તેમજ અનુકૂળ દેહ હોય છે. પણ તેઓ સુખમાં એટલા રત રહે છે કે બીજું કંઈ કરવાનો તેમને ઝાઝો વિચાર નથી આવતો. નર્ક ભૂમિમાં જીવો એટલા દુઃખમાં હોય છે કે તેમને પાપ કે પુણ્યનો વિચાર કરવા જેટલો પણ સમય હોતો નથી.

માનવભવને દુર્લભ કહેવામાં આવ્યો છે. તે એક એવો ચોરાયો (ચોરાહો-ચાર રસ્તા) છે જ્યાંથી પુણ્યકર્મ કરીને દેવલોકમાં જઈ શકાય, ગાઢ પાપકર્મ કરીને નર્કલોકમાં જઈ શકાય, મિશ્ર કર્મ કરીને મનુષ્યલોક્માં પાછા ફરી શકાય અને કર્મની ગુણવત્તા ઓછી હોય તો તિર્યંચ યોનિમાં જવું પડે. આવો અમૂલ્ય ભવ આપણને પ્રાપ્ત થયેલો છે જેનો ઉત્તમ ઉપયોગ કરવા માટે કર્મવાદ અથવા તો કર્મવિજ્ઞાનની જાણકારી આવશ્યક છે. તેનો ઉપયોગ કરીને આપણે સુખ-શાંતિનો માર્ગ પકડી શકીએ અને દુઃખમાંથી બચી જઈ શકીએ કે અલ્પ પીડા મળે એવી સ્થિતિમાં જઈ શકીએ. કર્મની વ્યવસ્થાનું જ્ઞાન કે તેની જાણકારી જીવનને બદલવા માટે છે, વધારે સુખી થવા માટે છે. તે માટે વૃત્તિઓને સારી રાખી સદ્કાર્યો અને ધર્મકાર્યો કરવાનો અભિગમ કેળવવો રહ્યો.

કદાચ અહીં કોઈને પ્રશ્ન થાય કે સંસારમાં શું ચાર જ ગતિ છે કે જેમાં જીવે કાયમ માટે રખડતા રહેવું પડે છે? જીવ સામાન્ય રીતે આ ચાર ગતિમાં ફરતો રહે છે અને તે પ્રમાણે તે સુખ-દુઃખ ભોગવતો રહે છે. પરંતુ તેની બહાર નીકળી જઈને કાયમ માટે સુખમાં અવસ્થિત થવા માટેનો માર્ગ તેના માટે ખુલ્લો જ હોય છે. આ માર્ગ જરા વિકટ છે; પણ જીવાત્મા ધારે તો તેના ઉપર યાત્રા કરીને પરમ સુખમાં કાયમ માટે સ્થિતિ કરી શકે છે. આ માર્ગને પંચમ ગતિ કહે છે અને ત્યાં જે સ્થિતિ થાય છે તેને તુરીય અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે.

જીવ આ સંસારમાં અનંત કાળથી રખડે છે તેનાં કર્મને કારણે અને કષાયોને કારણે. કષાય શબ્દ પારિભાષિક છે. કષાય શબ્દનો અર્થ જ એ છે

કે જેનાથી સંસાર વધે તે કષાય. મૂળ કષાય રાગ અને દ્વેષ બે છે. એમાંય વળી રાગ જ મુખ્ય છે કારણ કે દ્વેષ થવા માટે પણ પ્રથમ રાગ હોવો જરૂરી બની જાય છે. સરળતાથી કષાયને સમજવા માટે તેનું વિભાજન ચાર કષાયોમાં કરવામાં આવે છે. તે છે : ક્રોધ, માન(અહંકાર), માયા(કપટ) અને લોભ. આ ચાર કષાયોથી પ્રેરિત થઈને માણસ (જીવ) જીવતો હોય છે. **જ્યાં સુધી કષાય છે ત્યાં સુધી કર્મ છે અને જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી સંસાર છે.** તેથી જ્ઞાનીઓ કહે છે કે કષાયોથી મુક્ત થવું તે જ મુક્તિ-મોક્ષ. આ મોક્ષને જુદા જુદા ધર્મોએ વિધવિધ નામે ઓળખાવ્યો છે. વેદાંતીઓ તેને બ્રહ્મલીન થવું કહે છે. વૈષ્ણવો તેને ગોલોકવાસી તરીકે વર્ણવે છે. બૌદ્ધો તેને પરિનિર્વાણ તરીકે ઓળખાવે છે અને જૈનો તેને સિદ્ધશિલા ઉપરની શાશ્વત સ્થિતિ તરીકે સમજે છે. આ બધા શબ્દો એક જ વાત તરફ ઈશારો કરે છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે આ મોક્ષમાં જઈને કરવાનું શું? કંઈ કરવાનું જ ન હોય તો તેમાં અનંતકાળ માટે રહેવાય શી રીતે? સંસારી માટે આ પ્રશ્ન સ્વાભાવિક છે કારણ કે આપણે કંઈક કરતા રહીને જ જીવીએ છીએ. વળી કેટલાકને એમ પણ થાય કે ત્યાં ગમે કેવી રીતે? સુખ-દુઃખ વિના જીવવાની મજા શું? આ પ્રશ્ન સ્વાભાવિક છે કારણ કે આપણે ઈન્દ્રિયોથી ભોગવાતાં સુખોને જાણીએ છીએ. મોક્ષ એ પરમાત્મ અવસ્થા છે. ત્યાં અસ્તિત્વની પ્રસન્નતા પ્રવર્તતી હોય છે. બાકી તે માટે પુરાવાઓ સાથે કંઈ કહી શકાય તેમ નથી; પણ દુઃખથી આત્યંતિક મુક્તિ હશે એમ તો કહી જ શકાય.

## ૪. કર્મબંધ કેવી રીતે ?

જે કર્મ આપણને સંસારમાં અનંતકાળ રખડાવે છે, સુખે જીવવા દેતું નથી અને ચારે ગતિઓમાં ફંગોળ્યા કરે છે. તે કર્મ શું છે અને તે કેવી રીતે આપણા આત્માને લાગે છે – તે વિશે વિચાર કર્યા વિના આગળ ન વધી શકાય. જો આપણે તે વાત જાણતા હોઈએ તો જ કર્મની ચુંગાલમાંથી છૂટી જવાનો માર્ગ આપણને મળે. ઘણા બધાએ કર્મની વાત કરી છે પણ કર્મના સ્વરૂપની વાત બધા કરી શક્યા નથી અને તે સમજ્યા વિના કર્મનો મુકાબલો ન થઈ શકે. કર્મ એ સમર્થ સત્તા છે, પણ તેનો ભેદ જાણીને આપણે તેને તેના જ હથિયારથી પરાજય આપવાનો છે.

આજે વિજ્ઞાન ઘણું આગળ વધ્યું છે અને તેનાં ઉપકરણોનો આપણે એટલો બધો ઉપયોગ કરીએ છીએ તેથી કર્મની વાત એક રીતે સમજાવવી સરળ રહેશે. હવે તો ઘરે ઘરે ટી.વી. અને રેડિયો છે. ટી.વી. અને રેડિયો ઉપર દેશ-પરદેશના સમાચારો આવતા રહે છે, ગીત-સંગીત વહેતાં રહે છે. વળી તે એક જ પ્રકારનું નહીં. ટી.વીમાં કેટલીય ચૅનલો હોય છે, રેડિયોમાં કેટલાંય સ્ટેશનો હોય છે. આ બધા ઉપર જુદા-જુદા કાર્યક્રમો કેવી રીતે આવે છે ? ઘરની બહાર તારનું કોઈ દોરડું તો હોતું નથી કે જે આ બધાં સ્ટેશનો સાથે જોડી આપતું હોય. છતાંય ટી.વી અને રેડિયાનું અનુસંધાન આખી દુનિયા સાથે થાય છે. તે કેવી રીતે ?

રેડિયો ઉપર એક સામાન્ય એરિયલ હોય છે. તે દ્વારા રેડિયો જુદાં-જુદાં સ્ટેશનોના કાર્યક્રમો પકડીને સ્પીકર દ્વારા પુનઃ વહેતા કરે છે. વળી સહેજ બટન ફેરવતાંની સાથે સ્ટેશનો બદલાતાં રહે છે. એવું જ કંઈ ટી.વી.માં વિશેષ રીતે જોવા મળે છે. ટી.વી.માં કેટલીય ચૅનલો આવે છે. આ બધાના કાર્યક્રમો પકડવા માટે આપણે ઝાઝી મહેનત કરવી પડતી નથી. ઘરની ઉપર એક એન્ટેના કે ડિસ્ક લગાડેલી હોય છે. જે હવામાંથી આ બધી ચૅનલોના કાર્યક્રમો ગ્રહણ કરીને ટી.વી. ઉપર પુનઃ પ્રસારિત કરે છે.

એનો અર્થ એ થયો કે વાતાવરણમાં હવામાં આ બધાં સ્ટેશનો ઉપરથી

આવતા કાર્યક્રમો કે ટી.વી.ની ચૅનલોમાં આવતાં દશ્યોના સૂક્ષ્મ-અતિસૂક્ષ્મ પરમાણુઓ વિદ્યમાન હોય છે અને સતત આવતા જ રહે છે જે આપણા રેડિયો કે ટી.વીની સ્વીચ ચાલુ કરતાં એન્ટેના દ્વારા પકડાઈને નીચે ઊતરી આવે છે. મઝાની વાત એ છે કે જે હવા આપણને ચોખ્ખી લાગતી હોય છે તેમાં સૂક્ષ્મ પરમાણુઓ વિદ્યમાન હોય છે. તેને આપણે નરી આંખે જોઈ શકતા નથી, પણ રેડિયો કે ટી.વી.માં જેવાં ઉપકરણો તેને ગ્રહણ કરી લે છે અને તેમાંથી વિવિધ દશ્યો અને અવાજોનું નિર્માણ થાય છે જે આપણે જોઈએ છીએ-સાંભળીએ છીએ. સો વર્ષ પહેલાં આ વાત કરી હોત તો કોઈ તેને માનવા તૈયાર ન થાત અને તેને શ્રદ્ધાથી જ સ્વીકારવી પડત.

કર્મની બાબત પણ આને મળતી જ છે. જે વાતાવરણ આપણને ખાલી લાગે છે. ચોખ્ખું દેખાય છે તે અનેક પ્રકારના સૂક્ષ્મ પરમાણુઓથી વ્યાપ્ત છે. હવા તો શું પણ તેનીય ઉપર આકાશમાં ચાલ્યા જઈએ તો તે પણ અનેક પ્રકારના પરમાણુઓથી વ્યાપ્ત હોય છે. એમાં એક જ પ્રકારના જે પરમાણુઓ હોય છે તેની શ્રેણી બને છે અને તેને વર્ગણા કહે છે. આકાશમાં એવી તો કેટલીય વર્ગણાઓ છે. એમાં એક છે **કાર્મણ વર્ગણા**. આ વર્ગણામાં જે અત્યંત સૂક્ષ્મ પરમાણુઓ હોય છે તેમનામાં કર્મ બનવાની ક્ષમતા રહેલી હોય છે. આ પરમાણુઓને આપણે કર્મરજ પણ કહી શકીએ. આ કર્મરજ જીવાત્મા ગ્રહણ કરે કે તુરત જ તે કર્મમાં પરિણમી જાય છે.

જેમ માટીનો પીંડો હાથમાં લઈને કુંભાર તેમાંથી વિધ વિધ ઘાટ ઉતારે છે તેમ જીવાત્મા કાર્મણ વર્ગણાથી કર્મ બનાવી લે છે. એનો અર્થ એ થયો કે કર્મ પણ એક દ્રવ્યના અત્યંત સૂક્ષ્મ પરમાણુઓથી બનેલું હોય છે જે જીવંત નથી હોતા. આ વાત ઘણી ક્રાન્તિકારી છે અને તેના ઉપર કર્મવાદની ઈમારત ચણાયેલી છે. કર્મ એ ભાવ નથી કે સંસ્કાર નથી પણ તે એક દ્રવ્ય છે અને તેનો બધો વ્યવહાર દ્રવ્ય જેવો જ છે; પણ જીવાત્માનો સંસર્ગ થતાં તેનામાં શક્તિનો સંચાર થાય છે. જેમ માણસ વીજળીની શક્તિનું નિર્માણ કરે છે કે અણુનો વિસ્ફોટ કરીને અણુશક્તિ પેદા કરે છે તેમ જીવાત્મા સ્વયં કર્મશક્તિનો ભસ્માસૂર ઊભો કરે છે પછી તેનાથી બચવા ત્રણેય લોકમાં નાસભાગ કર્યા કરે છે.

આવી જ વાત આપણી વાણીની છે, પણ તે વિશે આપણને વિચાર આવતો નથી. જેમ માછલીને તરવા માટે જળ જોઈએ તેમ વિચારોને વાણીમાં ઊતરવા માટે પણ સૂક્ષ્મ પરમાણુઓનો સહારો જોઈએ. વાતાવરણમાં ભાષા બની શકે તેવા જે પરમાણુઓ વિદ્યમાન છે તેને **ભાષાવર્ગણા** કહે છે. જીવાત્મા તેને ગ્રહણ કરીને તેના માધ્યમથી વાણી કાઢે છે.

આપણે સરળતાથી બોલીએ છીએ કે 'મને મન થયું' પણ મન એમને એમ ઘટીત થઈ શકતું નથી. અંતઃકરણમાં કોઈ હિલચાલ થઈ તેને કારણે જે ભાવ ઉત્પન્ન થાય છે તે ભાવને વહન થવા માટે પણ પરમાણુઓના માધ્યમની જરૂર રહે છે. આમ મનને થવા માટે જરૂરી પરમાણુઓની જે શ્રેણી છે-વર્ગણા છે તેને **મનોવર્ગણા** કહે છે. તે અત્યંત સૂક્ષ્મ પરમાણુઓની બનેલી હોય છે. તદ્દન ખાલી લાગતા આકાશમાં કહે છે કે સોળ વર્ગણાઓનું અસ્તિત્વ છે. એમાંથી આઠ વર્ગણા જીવાત્માને કામની છે અને તેને તે ગ્રહણ કરી અન્ય રીતે પરિણમી પોતાનો સંસાર ઊભો કરે છે. વાત ઘણી સૂક્ષ્મ છે પણ વૈજ્ઞાનિક છે.

આમ તો સંસારમાં અનંત જીવોનું અસ્તિત્વ છે-અને કેટલીય સૂક્ષ્મ વર્ગણાઓ છે. આ બંને એટલા સૂક્ષ્મ છે કે તેમના અસ્તિત્વની એકબીજાને બાધા પહોંચતી નથી. તેમની વચ્ચે શાંતિમય સહઅસ્તિત્વ પ્રવર્તે છે. જીવ અને કાર્માણ વર્ગણા અડોઅડ હોય તો પણ કર્મવર્ગણાના પરમાણુઓ જીવાત્માને ચોંટતા નથી. પણ જીવાત્મા જેવો કંઈ ભાવ કરે છે કે તુરત જ કાર્માણ વર્ગણાના પરમાણુઓ તેની તરફ આકર્ષાઈને ચોંટી જાય છે અને પછી તે કર્મમાં પરિણમે છે. એક વાર કર્મનું નિર્માણ થઈ ગયું પછી જીવાત્મા કર્મના પ્રભાવ હેઠળ આવી જાય છે અને પછી કર્મ તેને જેમ નચાવે તેમ જીવાત્મા નાચતો રહે છે. જ્યાં સુધી જીવાત્માને કર્મ લાગેલાં રહે છે ત્યાં સુધી કર્મનો પ્રભાવ જીવ ઉપર સતત વર્તાતો રહે છે. તેને કારણે તે સુખ-દુઃખ ઈત્યાદિ ભોગવે છે. જીવાત્મા બાંધેલા કર્મનો ભોગવટો કરે છે અર્થાત્ કે તેનાં સારાં-માઠાં ફળ તે ભોગવી લે છે કે તુરત જ કર્મ તેનાથી વછૂટી જાય છે. પરંતુ કર્મના ભોગવટા દરમિયાન જીવાત્મા જે જે ભાવો કરે છે તેનાથી તેને નવાં કર્મો બંધાતાં રહે છે. આમ કર્મની પરંપરા ચાલતી જ રહે છે. તેને કારણે જીવાત્માનો સંસાર છૂટતો નથી. આમ દરેક જીવ સતત કર્મનું ઉપાર્જન અને

વિસર્જન કરતો જ રહે છે. આ વિષચક્રમાંથી છૂટવા માટે જીવાત્માએ ઘણો આત્મિક પુરુષાર્થ કરવો પડે છે.

ઉપર બેઠેલો કોઈ ભગવાન સંસાર ચલાવતો નથી. સંસાર કર્મને કારણે છે. કર્મનું ઉપાર્જન કરનાર આપણે છીએ અને તેનું ફળ આપણે જ ભોગવવાનું હોય છે. વાસ્તવિકતામાં ભગવાન કર્મની બાબતમાં વચ્ચે પડતો નથી પણ તેનું આલંબન લઈને જે જીવે છે તેનામાં કર્મ સહેવાની તાકાત વધી જાય છે. આવા જીવાત્માને કર્મ એટલું વિક્ષુબ્ધ કરી શકતું નથી. કર્મની વ્યવસ્થા સ્વયંસંચાલિત છે તેથી તેમાં લાગવગ કે લાંચરુશવતને અવકાશ નથી. જો આપણે કર્મની ગતિ-વિધિને જાણતા હોઈએ તો તેનાં માઠાં પરિણામોથી બચી શકીએ અથવા તો તેને હળવાં કરી શકીએ અને તેમાંથી મુક્ત પણ થઈ શકીએ પણ તે બધું કર્મના નિયમ પ્રમાણે જ થવાનું.

હવે આપણે એ વાત વિચારવી રહી કે કર્મ આત્માને વળગે છે કેવી રીતે? આત્માને કર્મ લાગવાનું પ્રથમ કારણ એ છે કે જીવાત્માને સ્પષ્ટ ખ્યાલ હોતો નથી કે જીવનમાં સાચું શું અને ખોટું શું? મેળવવા જેવું શું? અને છોડવા જેવું શું? તેથી તે વિવેક કરી જાણતો નથી અને તેનો બધો પુરુષાર્થ અવળે માર્ગે થાય છે. તેને માટેનો પારિભાષિક શબ્દ છે **'મિથ્યાત્વ'** અર્થાત્ કે વસ્તુના યર્થાથ જ્ઞાનનો અભાવ.

જીવાત્માને કર્મ લાગવાનું બીજું કારણ એ છે કે તે સંયમમાં રહેતો નથી. જો તે સંયમમાં વર્તતો હોય તો કર્મના પરમાણુઓ તેને વળગી શકતા નથી. જીવાત્મા જો પોતાના સ્વભાવમાં વર્તે અને વિભાવોમાં ન રમે તો કર્મના પરમાણુઓનો તેની સાથે સંયોગ થઈ શકતો નથી. પછી ભલેને જીવાત્માની અડોઅડ કર્મના પરમાણુઓ રહેલા હોય. સંયમ માનસિક અને શારીરિક બંને રીતનો હોય છે. કર્મને દૂર રાખવા માટે બંને રીતનો સંયમ જરૂરી બની રહે છે. સંયમના અભાવને **અવિરતી** કહે છે.

જો કે જીવાત્મા સાથે કર્મનો સંયોગ થવાનું પ્રમુખ કારણ તેણે ગ્રહણ કરીને પોતાની સાથે ઓતપ્રોત કરી દીધેલ કર્મ પરમાણુઓ છે. આમ તો કાર્મણ વર્ગણા જીવના અડોઅડ જ હોય છે પણ તે તેને લાગતી નથી. પણ જીવાત્મામાં જેવો રાગ-દ્વેષના ભાવનો સંચાર થાય છે કે જીવાત્મા તેનાથી ભીંજાઈ જાય છે. જેમ ભીની થયેલ ભીંતને ધૂળ ચીપકી જાય તેમ

કર્મ-પરમાણુઓ જીવાત્માને વળગી જાય છે. વળી રાગ-દ્વેષના ભાવમાં ચીકાશ હોય છે. તેથી તેને વળગી ગયેલ કર્મ પરમાણુઓ તેની સાથે ઓતપ્રોત થઈ જાય છે. **કર્મબંધનું પ્રબળ કારણ કષાયો (રાગ-દ્વેષ) છે** અને રાગ-દ્વેષ એ કંઈ નિર્દોષ ભાવો નથી. ક્રોધ-માન(અહંકાર), માયા(કપટ) અને લોભ એ તેની સંતતિ છે. વળી હાસ્ય, રતિ(ગમો) અરતિ(અણગમો), ભય, શોક અને જુગુપ્સા તો કષાયોની ત્રીજી પેઢી છે જેને ઉત્તરકષાયો કહેવામાં આવે છે. જીવાત્મા કષાયોમાં જ જીવે છે અને કષાયોથી મુક્ત થતાં તેની મુક્તિ થઈ જાય છે. કષાયનો અર્થ પણ એ જ છે કે જે સંસાર વધારે તેવા ભાવો.

આમ તો કર્મબંધ માટે પાંચ કારણો ગણાવાય છે, પણ તેમાં કષાય પ્રમુખ કારણ છે. કષાયને કારણે જીવાત્માનો સંયમ વિચલીત થાય છે અને તે અવિરતીમાં આવે છે. અવિરતી થતાની સાથે જ જીવાત્મામાં મન-વચન અને કાયાના યોગોનું પ્રવર્તન થાય છે. યોગોનું પ્રવર્તન થતાની સાથે જ જીવ નિકટ રહેલી કાર્મણ વર્ગણાના પરમાણુઓને ગ્રહણ કરીને તેને કર્મમાં પરિવર્તીત કરી દે છે. જેમ કષાય વિના કર્મબંધ્ નહીં તેમ મન-વચન અને કાયાના પ્રવર્તન વિના પણ કર્મનો બંધ ન થાય. **એ રીતે યોગ પણ કષાય જેટલું જ કર્મબંધનું પ્રબળ કારણ છે.**

કેટલાક જ્ઞાનીઓએ પ્રમાદને પણ કર્મબંધનું કારણ ગણ્યું છે. **પ્રમાદ** એટલે સ્વયંની જાગૃતિનો અભાવ. જો જીવાત્મા સજાગ હોય તો તે કર્મબંધનાં કારણોનું નિરસન કરીને આત્માને કર્મબંધથી બચાવી લે. જેમ જાગતા માણસને ઘરે ચોરી થતી નથી તેમ આત્મિક રીતે જાગેલા જીવાત્માને એટલો કર્મબંધ થઈ શકતો નથી.

અહીં એ વાતનો ઉલ્લેખ કરી લઉં કે નિમિત્ત મળ્યા વિના અંતરમાં કષાયનો ભાવ ભાગ્યે જ ઊઠે છે. સારું કે ખોટું નિમિત્ત મળતાં અંતરમાં ભાવની હલચલ થાય છે, સંયમ તૂટે છે અને પછી મન-વચન અને કાયાના યોગનું પ્રવર્તન થાય છે. જીવ નિમિત્ત વાસી છે. માટે શાસ્ત્રોમાં સારાં નિમિત્તો સેવવાનું અને ખરાબ નિમિત્તોથી દૂર રહેવાનું વિધાન છે.

બીજી પણ એક વાત અહીં સમજી લઈએ કે બાંધેલાં કર્મ સમય જતાં પાકે છે અને તેનો પ્રભાવ બતાવે છે. ત્યાર પછી તે આત્માથી અળગાં થઈ

જાય છે. કારણ કે પછી તેમાં ચીકાશ રહેતી નથી.

હવે જો-જીવાત્મા ધર્મ સમજ્યો હોય અથવા તેનામાં રાગ-દ્વેષનાં પરિણામો જ ન હોય કે અલ્પ હોય તો તે સંયમમાં જ વર્તે, અને મન-વચન અને કાયાના યોગોનું ખાસ પ્રવર્તન કરે નહીં કે અલ્પ કરે, તેથી તેને કર્મનો સંયોગ અલ્પ હોય. સાથે સાથે એ વાત સમજી લેવાની છે કે નિમ્ન કક્ષાના અવિકસિત કે અલ્પ વિકસિત જીવો આવો પુરુષાર્થ કરી શકતા નથી કારણ કે તેમનું જીવન સંજ્ઞાપ્રેરિત હોય છે. આ બધું જાણવાનો અને તે માટે પુરુષાર્થ કરવાનો અવકાશ મનુષ્યભવમાં જ વિશેષ મળી રહે છે.

આ બધી વાત જેને સંસાર કઠતો હોય તેને માટે છે. જેને સંસાર ગમતો જ હોય, જેને દુઃખ, દુઃખ જેવું લાગતું ન હોય, જે ઇન્દ્રિયોનાં સુખોને સુખ માનીને જીવતો હોય, દેવ-ગુરુ અને ધર્મમાં જેને શ્રદ્ધા ન હોય તેને માટે કર્મની આ વાતો કામની નથી. **જેને માટે જીવન પ્રશ્ન હોય તેને માટે કર્મ એ ઉત્તર છે.**

# ૫. કર્મના ચાર બંધ

આપણે આગળ જોઈ ગયા કે કર્મ શું છે અને તેનો જીવાત્મા ઉપર બંધ કેવી રીતે પડે છે. કર્મબંધનાં કારણો છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમત્તતા. કર્મની બધી વ્યવસ્થા સ્વયંસંચાલિત છે. જીવાત્મા અહીં કર્મ બાંધે અને ઉપર બેઠેલી કોઈ સત્તા તેનું ફળ આપે તેવું નથી. હવે આપણે એ જોઈએ કે કર્મનો બંધ કેટલા પ્રકારે પડે છે અને એ પ્રત્યેક બંધ વિશે વિચાર કરીએ. જીવાત્મા ઉપર કર્મબંધ ચાર પ્રકારે પડે છે : **પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ.** આવા ચાર પ્રકારના બંધની વાત બધાએ કરી નથી કે કરી શક્યા નથી અને તે જાતની વિચારણા વિના કર્મનું જ્ઞાન અધૂરું જ રહે. ફક્ત અમુક વિચારકો અને તત્ત્વજ્ઞો આ વાત કરી શક્યા છે.

આ ચાર પ્રકારના બંધની વાત સમજવા માટે આપણે હાલના કમ્પ્યૂટરનો દાખલો લઈએ તો ઠીક રહેશે. કમ્પ્યૂટરમાં સૉફ્ટવેર મૂકેલું હોય છે. ઑપરેટર જેવી માહિતી કમ્પ્યૂટરને આપે કે તરત જ તેનું સૉફ્ટવેર ચાલુ થઈ જાય છે અને તેમાં બીલ્ટઈન-સંગ્રહિત આદેશો પ્રમાણે માહિતીનું વિભાગીકરણ કરી પૃથક્કરણ કરી નાખે છે. પછી ઑપરેટર જે માગે તે રીતની માહિતી કમ્પ્યૂટર આપતું રહે. એ જ રીતે જેવો જીવાત્માં કર્મબંધ કરે કે તુરત જ ચાર પ્રકારે તેનું વિભાગીકરણ થઈ જાય છે.

પ્રકૃતિબંધથી એ વાત અંકિત થઈ જાય કે કરેલ કર્મબંધ આત્માના ક્યા ગુણોને દબાવશે કે અવરોધશે. સ્થિતિબંધથી એ વાત નક્કી થઈ જાય કે આ કર્મ આત્મા સાથે કેટલો સમય રહેશે અને તેનો વિપાક થશે. રસબંધથી એ વાત નિશ્ચિત થઈ જાય કે આ કર્મ જ્યારે ઉદયમાં આવશે ત્યારે તેનો જોસ-ફોર્સ કેટલો હશે, તેનો આવેગ કેવો હશે અને પ્રદેશબંધથી એ ખ્યાલ આવી જાય કે આ કર્મના કેટલા પરમાણુઓ (દલિકો) આત્મા સાથે લાગેલા છે.

કર્મ અદષ્ટ સંસ્કાર નથી પણ એક દ્રવ્ય છે. આત્મા સાથેનો તેનો સંયોગ પરમાણુઓના લાગવાથી થાય છે. કર્મ પરમાણુઓ અત્યંત સૂક્ષ્મ હોય છે. તે સમજાવવા માટે આપણી પાસે યોગ્ય શબ્દો પણ નથી.

**પ્રકૃતિબંધ** આઠ પ્રકારે પડે છે. આ કર્મ આઠ રીતે આત્માના ગુણોનો ઘાત કરે છે: એમાં પ્રથમ આવે છે **'જ્ઞાનાવરણીય કર્મ'**. આ કર્મ આત્માના જ્ઞાનગુણને આવરે છે - દબાવે છે. આ કર્મનો ઉદય હોય તો આપણને સામાન્ય વાત પણ ન સમજાય. સમજેલી વાત ઝાઝી યાદ ન રહે. જ્ઞાન કોઠે ન ચઢે. સ્મૃતિ ઘણી નબળી રહે. આપણે દરેક જણ વત્તે ઓછે અંશે આ કર્મ ભોગવીએ છીએ પણ તેને આ રીતે જાણતા નથી હોતા.

સંસારમાં જ્ઞાનીનાં માન-પાન થાય છે. જ્ઞાનના દીવાથી માણસ જીવનની વાટ જોઈ શકે છે. જ્ઞાનથી માણસ મોક્ષનો માર્ગ જાણી શકે છે. પ્રબળ પુણ્યપ્રકૃતિવાળા જીવને જ્ઞાન વધારે હોય છે; પરંતુ જો તે સમ્યક ન હોય (આત્માભિમુખ) તો તે નિરર્થક નીવડે અને જીવાત્માના પતનનું કારણ પણ બને. જ્ઞાનની કે જ્ઞાનીઓની નિંદા કરનાર, જ્ઞાનનાં સાધનોનો તિરસ્કાર કરનાર આ પ્રકારનું કર્મ બાંધે છે. કસમયે જ્ઞાનની આરાધના કરનારને પણ આવો બંધ પડે છે. ભલે આજે આપણી પાસે વધારે જ્ઞાન ન હોય પણ આપણે જ્ઞાનની કે જ્ઞાનીની વિરાધના ન કરવી. જ્ઞાન અને જ્ઞાનીનું બહુમાન કરવાથી જ્ઞાનાવરણીય કર્મ પાતળું પડે છે અને આપણામાં જ્ઞાનનો ઉઘાડ થાય છે.

**દર્શનાવરણીય** કર્મમાં દર્શનની વાત છે. દર્શન અને જ્ઞાનની વચ્ચે સૂક્ષ્મ ભેદ છે. સામાન્ય જ્ઞાન દર્શન કહેવાય. વિશેષ જ્ઞાન એ જ્ઞાન કહેવાય. દૂરથી કોઈને જોઈએ એટલે તેના વિશે સામાન્ય ખ્યાલ આવે - અંદાજ આવે પણ તે પાસે આવે એટલે તેનું પૂરું જ્ઞાન થાય. દર્શનમાં આંખોનું પ્રાધાન્ય છે. માણસે ગાઢ દર્શનાવરણીય કર્મ બાંધ્યું હોય તો તેને અંધાપો આવે કે ઘણું ઓછું દેખાય. દર્શનાવરણીય કર્મવાળાને વસ્તુ સ્થિતિનો સામાન્ય બોધ ન થાય, સામાન્ય વાત પણ ન સમજાય. આપણે ગત જન્મોમાં કોઈની દૃષ્ટિનો ઘાત કર્યો હોય, કોઈના ભોળપણની અવહેલના કરી હોય કે અન્યની દર્શનશક્તિના વિકાસમાં અવરોધ ઊભા કર્યા હોય તો આવાં કર્મનો બંધ પડે.

દર્શનનો ગર્ભિત અર્થ શ્રદ્ધા છે. દર્શન શ્રદ્ધાનું જનક છે. જેને દર્શનાવરણીય કર્મનો ઉદય પ્રવર્તતો હોય તેને શ્રદ્ધા ઓછી હોય. શ્રદ્ધા ઓછી હોય એટલે જ્ઞાન પણ ઓછું હોય તેમ માની શકાય. શ્રદ્ધા ન હોવાને કારણે માણસ હળવાશથી જીવી શકતો નથી અને તેને જીવન પ્રશ્ન સમું લાગ્યા કરે છે. કોઈને ખોટી સલાહ આપી હોય, કોઈને ગેરમાર્ગે દોર્યા હોય, અવળે રસ્તે

ચઢાવ્યા હોય તો દર્શનાવરણીય કર્મ બંધાય.

**વેદનીય કર્મ** દરેક જીવને ઘણું સ્પર્શે છે. જીવમાત્રને બે પ્રકારનું સંવેદન હોય છે. અનુકૂળ સંવેદન અને પ્રતિકૂળ સંવેદન. જે સંવેદન ગમે તેને શાતા વેદનીય કહે છે. જે સંવેદન ગમે નહીં અને દુઃખદ લાગે તેને અશાતા વેદનીય કહે છે. જેને મન હોય તેને સંવેદનની લાગણી વધારે થાય. અન્ય જીવોને સુખ-દુઃખની લાગણી થાય પણ તે એટલી ગાઢ ન થાય. જેટલો જીવ વધારે વિકસિત તેટલી સંવેદના વધારે. આપણાં સુખ અને દુઃખ આ કર્મને આભારી હોય છે. જો આપણે અન્ય જીવોને સુખ આપ્યું હોય તો આપણને સુખ મળે. જો અન્ય જીવોને દુઃખ આપ્યું હોય તો આપણે વધારે વેદના ભોગવવી પડે.

અહીં એટલું યાદ રાખવાનું છે કે જે શાતા વેદનીય કર્મ છે તે સાંસારિક સુખ છે. ઘણી વખત આ સુખને કારણે માણસ ધર્મ ભૂલે છે - એ તેનો મોટામાં મોટો ખતરો છે.

સામાન્ય રીતે જે પાપ કરતો નથી હોતો, અન્યને પીડા આપતો નથી, દુઃખી, પીડાગ્રસ્ત જીવોને સહાય આપી તેમને સુખ-શાંતિ આપે છે તે શાતા વેદનીય કર્મ બાંધે છે. લોભને વશ થઈને અન્યનાં સુખ-શાંતિને છીનવી લેનાર, સત્તાનો દુરુપયોગ કરી લોકોને ભયગ્રસ્ત કરનાર અને સજા કરનાર, અશાતા વેદનીય કર્મનો બંધ કરે છે. નાના મોટા જીવોને ત્રાસ આપનાર, તેમની ક્રૂરતાથી હિંસા કરનાર ગાઢ અશાતાવેદનીય કર્મનું ઉપાર્જન કરે છે.

કર્મશાસ્ત્રનો એક અફર નિયમ છે કે **જેવું આપશો તેવું તમને મળશે.** આ ભવમાં સત્તા-સમૃદ્ધિ મળ્યાં હોય ત્યારે તેનો દુરુપયોગ કરી હસી હસીને જીવોને કનડ્યા હશે તો કોઈ ભવે એટલાં દુઃખ અને પીડા મળવાનાં અને રડી રડીને તે ભોગવવાં પડશે. જો તમારે શાંતિ જોઈતી હોય તો અન્ય જીવોને શાંતિ થાય તેવાં કર્મ કરજો.

પછી આવે છે **મોહનીય કર્મ**ની પ્રકૃતિ. આ કર્મ ઉદયમાં આવતાં આત્માને ભ્રમમાં રાખી ભમાવે છે. જ્યાંથી વાસ્તવિકતામાં આનંદ-ખુશી મળવાનાં નથી ત્યાં તે બતાવે છે. આ કર્મનો ઉદય માણસને ઊંધે રસ્તે ચઢાવીને રખડાવે છે. જેના ઉપર મોહ હોય, પછી તે વસ્તુ હોય, વ્યક્તિ હોય કે પદ હોય તેને પ્રાપ્ત કરવા માણસ શું નથી કરતો ? જેના ઉપર મોહ છે તે ન મળે તો માણસ ગુસ્સે થાય છે, મોહવાળી વસ્તુને મેળવવા માણસ કપટ

કરે છે અને હિંસા કરતાં પાછો પડતો નથી. આપણી સકળ પ્રવૃત્તિઓનું સંચાલક બળ મોહમાં છે. મોહ એ રાગનું ફરજંદ છે. જેના પ્રતિ રાગ હોય તે ન મળે એટલે આડે આવનાર દરેક વસ્તુ પ્રતિ દ્વેષ થાય. દ્વેષ હિંસામાં પરિણમે. મોહને વશ થયેલ માણસ વિવેક ભૂલે છે અને ન કરવાનાં કામો કરે છે.

મોહનીય કર્મ બે પ્રકારનાં છે: **દર્શન મોહનીય** અને **ચારિત્ર મોહનીય.** દર્શન મોહનીય કર્મ વસ્તુનું યથાર્થ દર્શન ન થવા દે. જ્યાં વસ્તુ સાચા સ્વરૂપે દેખાય જ નહીં ત્યાં બધી પ્રવૃત્તિ અવળી જ થવાની. ચારિત્ર મોહનીય કમર્નો ઉદય પ્રવર્તતો હોય ત્યારે જીવાત્મા તેને જે સારું લાગ્યું હોય, કરવા જેવું લાગ્યું હોય તે આચરણમાં ન મૂકી શકે. જો દર્શન શુદ્ધ હોય તો આચરણ મોડું-વહેલું આવે તેમ માની શકાય.

જે ઉન્માર્ગની પ્રરૂપણા કરે છે તે વિશેષ પ્રકારે મોહનીય કર્મ બાંધે છે. ઉન્માર્ગ એટલે અવળો માર્ગ – જેના ઉપર જનારનું છેવટે પતન થાય. જે ખોટા મતની સ્થાપના કરે, તેનો સ્વીકાર કરવા લોકોને લલચાવે – લોભાવે કે દબાણ કરે તે મોહનીય કર્મ બાંધે છે. સન્માર્ગનો નાશ કરનાર, સાચા મતને ખોટો ઠરાવનાર આ કર્મ બાંધે છે. તેથી ભલે આપણે કોઈને ધર્મ આપી ન શકીએ પણ તેને અધર્મ અને અનીતિમાં તો ન જ લઈ જઈએ. ધર્મને વગોવવાથી પણ આ કર્મ બંધાય છે.

જે જીવાત્મા કષાયોને આધીન થઈને જીવે છે, રાગ-દ્વેષમાં રમે છે, ક્રોધ, અહંકાર, કપટ અને લોભમાં રાચે છે અને નોકષાયો હાસ્ય, રતિ-અરતિ, ભય, શોક અને જુગુપ્સાના ભાવો સાથે જીવે છે તે ચારિત્ર મોહનીય કર્મ બાંધે છે. કષાયરહિત સાધુજીવન જીવનારાઓનો જે દ્વેષ કરે છે, તેમના માર્ગમાં મુશ્કેલીઓ ઊભી કરે છે. તે ચારિત્ર મોહનીય કર્મનો બંધ કરે છે.

**કર્મની આઠેય પ્રકૃતિમાં મોહનીય કર્મ આત્માનું સૌથી વધારે અહિત કરનાર છે કારણ કે તેનાથી કર્મની પરંપરા સર્જાય છે. આત્માના ઊર્ધ્વારોહણને માર્ગે ચઢેલો સાધક સૌથી પહેલો મોહનીય કર્મ ઉપર ઘા કરે છે અને તેને દબાવ્યા પછી જ તે આગળ વધી શકે છે.**

**આયુષ્ય કર્મ** આપણા માટે ચિંતાનું વિશેષ કારણ બને છે. આયુષ્ય કર્મના બંધ પ્રમાણે જીવાત્મા એક ભવમાંથી બીજા ભવમાં જાય છે. તેની ઈચ્છા હોય કે ન હોય, તેને ગમે કે ન ગમે પણ તેને ચારેય ગતિમાં આયુષ્ય

કર્મને કારણે રખડવું પડે છે. જ્યાં સુધી તેનો ઉદય પ્રવર્તે ત્યાં સુધી તે ગતિમાં રહેવું પડે. આયુષ્યકર્મની બેડીમાં જકડાયેલો જીવાત્મા તે પૂરું ન થાય ત્યાં સુધી તેમાંથી છૂટી શકતો નથી.

જેના કષાયો તીવ્ર હોય, જેના ક્રોધ અને અહંકાર એટલા ફૂલ્યા-ફાલ્યા હોય કે તે લોકોનો ઘાત કરવામાં રાચતો હોય, ધોખાબાજી કરતો હોય અને મહાલોભી હોય, મોટો પરિગ્રહી હોય તે નર્કનું આયુષ્ય બાંધે છે. જેના આરંભ-સમારંભ મોટા, જેના પરિગ્રહ મોટા, અને જેના મનમાં અન્યનો ઘાત કરવાના વિચારો ચાલતા રહેતા હોય અને તે માટેનાં આયોજન કર્યા કરતો હોય તે સામાન્ય રીતે નારકીનું આયુષ્ય બાંધે છે.

જે કપટી હોય, સ્વાર્થમાં જ રાચતો રહેતો હોય, લોકોને છેતરીને વસ્તુઓ મેળવી લેવા હંમેશાં પ્રવૃત્ત થતો હોય તે સામાન્ય રીતે તિર્યંચનું આયુષ્ય બાંધે છે.

જેના કષાયો અલ્પ હોય, પાતળા હોય, દાન-ધર્મની રુચિ વાળો જીવ હોય, ઉદાર દિલનો હોય તે સામાન્ય રીતે મનુષ્યનું આયુષ્ય બાંધે છે.

જે જીવો સમ્યગ્દર્શન વાળા હોય, પાપપુણ્યનો સારા-નરસાનો, સાચા-ખોટાનો ભેદ કરી જાણતા હોય, દેવ-ગુરુ અને ધર્મના માર્ગે પડેલા હોય, કદાચ ધર્મ ઓછો કરતા હોય કે કરી શકતા હોય પણ ઋજુ પરિણામી હોય તે મોટે ભાગે દેવલોકમાં જાય છે.

દેવલોકમાં પણ બે પ્રકાર છે. ઊંચા દેવલોકો અને નીચલી કક્ષાના દેવલોકો. જે જીવોમાં સંસ્કારશુદ્ધિ હોય અને ધર્મનું લક્ષ્ય હોય તે ઊંચા દેવલોકમાં જાય છે. જેનામાં આ બધા ગુણોનો ઉઘાડ ઓછો થયો હોય, દર્શનમાં મલિનતા હોય તો તે નીચલી કોટીના દેવલોકમાં જઈ પહોંચે છે.

આયુષ્યના બંધમાં આત્માનાં પરિણામો ઘણાં મહત્ત્વનાં બની રહે છે. પ્રવૃત્તિનું મહત્ત્વ તો છે જ પણ તેનાથી વિશેષ વૃત્તિઓનું મહત્ત્વ છે. જીવનમાં એક જ વાર આયુષ્ય બંધાય છે અને તે બંધાયા પછી તેમાં ફેરફાર થઈ શકતો નથી. માટે હંમેશાં સારા ભાવો જ ભાવતા રહેવા અને પ્રવૃત્તિ પણ દેવ-ધર્મ અને ગુરુને નજરમાં રાખીને કરતા રહેવી.

**નામકર્મ** જીવને શરીર, તેનાં અંગ-ઉપાંગો, તેનો બાંધો, ચહેરો-મોહરો, રૂપ-રંગ ઈત્યાદિ આપે છે. તેનો આકાર, કદ, ઊંચાઈ, નીચાઈ પણ

નામકર્મને આધીન હોય છે. માણસનો સ્વર, સ્પર્શ અને પાંચેય ઇન્દ્રિયોની પૂર્ણતા કે ક્ષમતા નામકર્મને આભારી હોય છે. જીવે જે યોનિનું આયુષ્ય કર્મ બાંધ્યું હોય તે યોનિને અનુરૂપ જીવાત્માનું શરીર ઘડવાનું કામ નામકર્મ કરે છે. નામકર્મની જાણકારી ન હોવાને કારણે લોકો ભગવાનને અમથા વચ્ચે લાવીને તેના માથે દોષારોપણ કરે છે. જીવ પોતાના ભવનું શરીર પોતે જ બનાવે છે. તેના કર્મ અનુસાર બનાવે છે. તમને જાણીને નવાઈ લાગશે કે માણસને માન-અપમાન-કીર્તિ-અપકીર્તિ પણ નામકર્મને આધીન રહીને મળે છે. માણસનો પ્રભાવ તેનું વ્યક્તિત્વ નામ કર્મને આભારી રહે છે. એ રીતે નામકર્મ માણસના જીવનમાં ઘણું મહત્ત્વનું બની રહે છે.

જે જીવ સરળ હોય છે, નિષ્કપટ હોય છે, નમ્ર હોય છે, નિરાભિમાની હોય છે - તે શુભ નામકર્મ બાંધે છે. તેથી વિરુદ્ધ કપટી, ગર્વિષ્ઠ, નિષ્ઠુર સ્વભાવવાળો, અશુભ નામકર્મ બાંધે છે. કોઈને જન્મજાત ખોડ હોય, કોઈનો સ્વર ખરાબ હોય, કોઈના શરીરનું બંધારણ બરોબર ન હોય તે બધાનો ઉપહાસ કરનાર, તેની મશ્કરી કરી તેને ચીડવનાર અને વારેવારે ઉતારી પાડનાર બીજા ભવમાં અશુભનામકર્મ ભોગવે છે. માટે કોઈ માણસની તેના રૂપ-રંગ-સ્વર કે ખોડની, ઘાટની હાંસી કરી તેને ક્યારેય દુઃખ આપવું નહીં.

**ગોત્ર કર્મ**થી જીવને ઊંચા કે નીચા કુળમાં જન્મવું પડે છે. સમાજમાં નીચાં ગણાતાં કુળોમાં જન્મવાથી માણસને ઘણું દુઃખ વેઠવું પડે છે, ઘણી હાડ-છેડ સહન કરવી પડે છે. આગળ વધવાની તેની તકો છીનવાઈ જાય છે. એ રીતે ગોત્રકર્મ માણસના જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. અમુક કુળોમાં જન્મવાને કારણે માણસનો તિરસ્કાર કરવાથી અપમાન કરીને તેને દુઃખ આપવાથી, કુળને કારણે તેને અમુક લાભોથી વંચિત રાખવાથી જીવને નીચ ગોત્ર પ્રાપ્ત થાય છે. માટે ઉચ્ચ ગોત્રમાં જન્મવાનો કયારેય ગર્વ ન કરવો અને નીચા કુળમાં જન્મેલાનો ક્યારેય તિરસ્કાર ન કરવો. આ સમજણ ન હોવાને કારણે આપણે નીચ ગોત્રોમાં જન્મવાનું કર્મ બાંધીએ છીએ.

છેલ્લે આવે છે **અંતરાયકર્મ.** માણસનાં જીવનમાં અંતરાય પાંચ પ્રકારે પડે છે : **ભોગાંતરાય, ઉપભોગાંતરાય, લાભાંતરાય, દાનાંતરાય** અને **વીર્યાંતરાય.** માણસ જીવનમાં આવી પડતા અંતરાયોને કારણે હતાશ થઈ જાય છે, પણ તેણે કોઈ જન્મમાં બીજા જીવોના સુખમાં અંતરાય પાડ્યા હોય છે

માટે આ જીવનમાં તેના સુખમાં અંતરાય પડે છે. આટલી વાત જો તે સમજે તો અંતરાય કર્મ ઓછાં બાંધે કે ન બાંધે.

ઘરમાં ભર્યા ભંડાર પડેલા હોય પણ ભોગવાય નહીં. રોગ એવા થયા હોય કે ખાવાનો બાધ હોય. ખાધું હોય તો પચે નહીં. જેણે ગાઢ **ભોગાંતરાય કર્મ** બાંધ્યું હોય તે પોતાની સમૃદ્ધિ ભોગવી શકે નહીં. ઉપભોગાંતરાય આમ તો ભોગાંતરાયના જોડિયા કર્મ જેવું છે. પણ ફેર એટલો જ છે કે જે વસ્તુ એક વખત વાપર્યા પછી ફરી-ફરીને તેને વાપરી શકાય તેને ઉપભોગ કહે છે. વસ્ત્ર, દાગીના, સ્ત્રી-પુરુષના સંબંધો આવી બધી વસ્તુઓ **ઉપભોગાંતરાયમાં** આવે. કોઈને ઉપભોગ કરતાં રોક્યા હોય, તેમાં અંતરાય પાડ્યા હોય તો આવું કર્મ બંધાય અને તે ઉદયમાં આવે ત્યારે આપણે છતી સામગ્રીએ તેનો ઉપભોગ કરી શકીએ નહીં. કોઈના ભોગની આડે આવીએ તો ભોગાંતરાય કર્મ બંધાય. નોકર-ચાકરને ખાતાં ઉઠાડીએ, સુખે સૂવા ન દઈએ, ઘરમાં કુટુંબીજનોને ધાકથી સુખે રહેવા ન દઈએ અને ભોગ-ઉપભોગ કરવા ન દઈએ તો પણ આ કર્મનો બંધ પડે.

**લાભાંતરાય** કર્મ ઉદયમાં આવ્યું હોય તો લાખ પ્રયત્ન કરો તો પણ લાભ મળે નહીં. આપનાર દાનેશ્વરી હોય પણ તે મળે નહીં. આપનાર માંદો પડી જાય કે તેના ઘરમાં કોઈની માંદગી આવી પડે. લેવા જતા હોઈએ અને બસની હડતાળ પડે, ટૅક્સીઓ ફરકે નહીં, જઈ શકીએ નહીં કે પછી મોડા પડીએ. આ બધું આકસ્મિક લાગે પણ તેમાં આપણો લાભાંતરાય જ મોટો ભાગ ભજવતો હોય છે. જે કોઈના લાભની આડે આવે છે તે આ કર્મ બાંધે છે.

લાભાંતરાયથી વિપરીત કર્મ **દાનાંતરાય** છે. સંપત્તિ હોય પણ દાન દેવાની ઈચ્છા થાય જ નહીં. જો ઈચ્છા થાય તો પૈસો હાથથી જલદીથી છૂટે નહીં. દાન દેવા તૈયાર હોઈએ ત્યારે કોઈ દાન લેવા આવે જ નહીં અને આપણે દાન દેવાના પુણ્યકર્મની વંચિત રહી જઈએ. દાન લેવા કોઈ કહ્યા પ્રમાણે આવ્યું હોય ત્યારે કબાટની ચાવી ન મળે અથવા તો કોઈ સંજોગો એવા ઉપસ્થિત થાય કે આવનાર માણસને પાછો કાઢવો પડે. દાન એ પુણ્યકર્મ છે જે કરવા જેવું છે. કદાચ આપણને આ કર્મ આ જન્મમાં ન કઠે પણ દાનાંતરાય ભાવિ જન્મોનો લાભાંતરાય બનીને સામે આવ્યા વિના રહેશે નહીં – એ વાત ન ભૂલવી.

વીર્યાંતરાય દેખાય છે સામાન્ય, પણ છે ઘણુંબધું મહત્ત્વનું. અહીં વીર્ય નો અર્થ ઉત્સાહ છે. ઉત્સાહ હોય તો પુરુષાર્થ થાય અને પુરુષાર્થ કરીએ તો પ્રારબ્ધને હઠાવી શકીએ. જેનામાં વીર્યાંતરાય કર્મનો ઉદય વર્તતો હોય છે તે છતી શક્તિએ કંઈ કરતો નથી અને જાત-જાતનાં બહાનાં કાઢી પુરુષાર્થ કરતો નથી. ક્યારેક કંઈ કરવા માટે તત્પર થાય છે તો અડધેથી વાતને છોડી દે છે. પછી તે ક્યાંથી સફળ થવાનો ? વીર્યાંતરાય કર્મ ભોગવનાર મોટે ભાગે નિરાશામાં જીવન પસાર કરતો હોય છે અને પોતાની નિષ્ફળતા માટે અન્યના દોષો કાઢતો રહે છે કે ભાગ્યને ભાંડતો રહે છે. આવા માણસના બોલમાં જોમ ન હોય, ચાલમાં જોશ ન હોય. ગત જન્મોમાં આપણે કોઈના ઉત્સાહનો ભંગ કર્યો હોય, માણસોને-જીવોને શારીરિક અને માનસિક રીતે અસહાય કરી મૂક્યા હોય તો આપણે આવા કર્મનો ભોગ બનવાનો વખત આવે છે. માણસ મારને ખમી ખાય છે. પણ ઉત્સાહભંગ માણસને વગર મોતે મારી નાખે છે. માટે જીવનમાં સૌને બળ આપીને બેઠા કરતા રહો.

અવશ્ય યાદ રાખીએ કે કોઈને ભૂખ્યા રાખીશું તો આપણે ભૂખ્યા રહેવું પડશે, કોઈને તરસ્યા રાખીશું તો તરસ્યા રહેવું પડશે. કોઈને લાભ થતો રોકીશું તો આપણો લાભ પણ ક્યારેક રોકાવાનો. કોઈના ભોગની આડે ન આવવું, કોઈના ઉપભોગમાં અંતરાય ન પાડવો, કોઈને દાન દેતાં રોકવા નહીં, ઊલટાનાં દાન દેવા પ્રેરણા આપતા રહેવી, કોઈના ઉત્સાહનો ક્યારેય ભંગ કરવો નહીં. ઉત્સાહ એ તો જીવન છે. ઉત્સાહને આધારે માણસ અશક્ય દેખાતાં કામો કરી નાખી શકે છે.

જેઓ હિંસા, જૂઠ, ચોરી પ્રપંચ આદિ નીચ કામો કરીને અન્યના જીવનમાં અંતરાયો નાખે છે – તેઓ અંતરાય કર્મ બાંધે છે જે ઉદયમાં આવે માણસના જીવનમાં વિઘ્નો આવ્યા કરે છે. અંતરાય કર્મ માણસને સૌથી વધારે કઠે છે.

પ્રકૃતિનાં આઠેય કર્મોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયકર્મ ને **ઘાતી કર્મ** કહ્યાં છે. ઘાતી કર્મ એટલે જે આત્માના ગુણોનો ઘાત કરે છે. વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્યકર્મને **અઘાતી** કહે છે. આ કર્મો જીવનાં સાંસારિક સુખોનો ઘાત કરે છે, પણ આત્માના ગુણનો ઘાત કરતાં નથી.

અહીં આપણે પ્રકૃતિબંધનાં આઠ કર્મોની ચર્ચા કરી જે જાણીને માણસે પોતાના જીવનને દિશા આપવા માટે છે. જો માણસ જીવન પ્રતિનો અભિગમ બદલી નાખીને વર્તે તો તે આ લોકનાં સુખો નિર્વિઘ્ને મેળવી શકે, ભોગવી શકે અને સાનુકૂળ પરલોકનું આયુષ્ય બાંધીને આત્માના ઉત્કર્ષનો માર્ગ ચાતરી શકે.

કર્મનો બંધ ચાર પ્રકારે પડે છે. તેમાં પહેલો પ્રકૃતિબંધ આવે. બીજો સ્થિતિબંધ એટલે બાંધેલું કર્મ કેટલા સમય પછી ઉદયમાં આવશે અને તેનો પ્રભાવ બતાવશે, કેટલો સમય તે આત્માની સાથે પડ્યું રહેશે. કર્મના શાસ્ત્રમાં એવું નથી કે કર્મ ક્રમવાર ઉદયમાં આવે એટલે કે પહેલાં બાંધેલ પહેલાં ઉદયમાં આવે અને પછી બાંધેલું પછી- એ રીતે કર્મનો ઉદય થતો નથી. કોઈક જ કર્મ તત્કાળ ઉદયમાં આવે, બાકી કર્મનો પરિપાક થતાં વર્ષોનાં વર્ષો ચાલ્યાં જાય. વળી કર્મને ઉદયમાં આવવા માટે અમુક સંજોગો જોઈએ. જો તેને પોતાનો પ્રભાવ બતાવવા માટે અનુકૂળતા મળી ન હોય તો તે સત્તામાં પડ્યું રહે અર્થાત્ કે આત્મા સાથે વળગેલું રહે અને જ્યારે અનુકૂળતા મળે ત્યારે જ ઉદયમાં આવે. આપણે આજે જે કર્મ ભોગવી રહ્યાં છીએ તેમાં કોઈ બે વર્ષ પહેલાં બાંધેલાં હશે તો કોઈ બસો વર્ષ પહેલાં બાંધેલ હશે. અરે વર્ષોની વાત ક્યાં કરવી, આપણે અનેક જન્મોનાં કર્મો લઈને અહીં આ ભવમાં આવ્યા છીએ. ઉદય તરફ વહી રહેલા કર્મ પ્રવાહમાં અનેક જન્મોનાં કર્મોની ધારાઓ ભળેલી હોય છે.

કર્મના ઉદયમાં વર્તતી આ વિષમતાને કારણે આજે આપણે ઘણી વાર દુષ્ટોને - કુકર્મીઓને લહેર કરતા જોઈએ છીએ અને પ્રમાણિક સાચા માણસોને સહન કરતા જોઈએ છીએ; પણ તે લાંબો કાળ નહીં ચાલવાનું. જેમનો આજે પુણ્યકર્મનો ઉદય પ્રવર્તતો હોય તેઓ પાપકર્મો કરતા હોય તો પણ આજે તેઓ સુખ-સુવિધા અને આબરૂ ભોગવતા હોય એમ બને; પણ તેથી રખે માનતા કે તેઓ પાપકર્મનાં ફળ ભોગવવામાંથી બચી જશે. જ્યારે તેમનાં પાપકર્મ ઉદયમાં આવશે ત્યારે તેમનો પાપકર્મનાં ફળ ભોગવ્યા વિના છૂટકો નહીં થાય. આજે જેમનો પાપકર્મનો ઉદય પ્રવર્તતો હોય તેઓ અત્યારે પુણ્યપ્રવૃત્તિ કરતા હોય છતાંય દુઃખ-દુવિધામાં જીવતા જોવા મળે; પણ જ્યારે તેમનાં પુણ્યકર્મ ઉદયમાં આવશે ત્યારે તેઓ સુખ-સુવિધા ભોગવતા થઈ જવાના.

**માણસની આજની સ્થિતિ અને પ્રવૃત્તિ નજરમાં રાખીને કર્મને મૂલવવાની ભૂલ ન કરવી. કર્મને પાકવા માટે સમય જોઈએ છે. તે વાત જો આપણે જાણતા હોઈએ તો કર્મના ન્યાયમાંથી આપણી શ્રદ્ધા ઊઠી ન જાય.**

ચાર કર્મબંધોમાં **રસબંધ** પણ ઘણો મહત્ત્વનો છે. બાંધેલ કર્મ કેટલા જોસથી ઉદયમાં આવશે, તેની અસર કેટલી તીવ્ર હશે તે નક્કી કરનાર રસબંધ છે. ઉદયમાં આવતા કર્મની અસર તીવ્ર હશે કે હળવી હશે તેનો વેગ વધારે હશે કે ઓછો હશે તે બધું નક્કી કરનાર રસબંધ છે. કર્મ કરતી વખતે જીવાત્માનો ભાવ કેવો છે તેના ઉપર રસબંધનો આધાર હોય છે. એક જ કર્મ, માણસ રસ રેડીને કરી શકે અને એ જ કર્મ રસ વગર પણ કરી શકે. જો કોઈ કર્મ આપણે રસ વિના કર્યું હોય કે આપણે તે કરવું પડ્યું હોય તો તે કર્મ ઉદયમાં આવે ત્યારે તેનો વેગ ઓછો હોય અને તેની તીવ્રતા પણ ઓછી હોય. તેથી ધર્મપુરુષો કહે છે કે **પુણ્યકર્મ રસપૂર્વક કરવું અને પાપકર્મ કરવાનું થાય કે કરવું પડે તો તે ઉદાસીન ભાવે કરવું.** કોઈ માણસને ઉગ્ર વેદના સહન કરતો જોઈએ તો સમજી લેવું કે તેણે રસપૂર્વક કોઈને દુઃખ આપ્યું હશે. જો કોઈને સરળતાથી સફળતાનાં શિખરો સર કરતો જોઈએ તો માનવું કે તેણે રસ રેડીને પુણ્યકર્મ કર્યાં હશે.

હવે આપણે ચાર બંધમાંથી છેલ્લા **પ્રદેશબંધ**ની વાત લઈએ જે અત્યંત વિશિષ્ટ છે. આપણે આગળ જોઈ ગયા કે કર્મ એ પદાર્થ (matter) છે. કર્મની રજ અત્યંત સૂક્ષ્મ પરમાણુઓની બનેલી હોય છે. કર્મ જીવાત્મા ઉપર સંસ્કાર છોડી જાય છે પણ કર્મ એ કેવળ અદષ્ટ સંસ્કાર નથી. જીવાત્મા જ્યારે કર્મ બાંધે છે ત્યારે તે કર્મના અત્યંત સૂક્ષ્મ પરમાણુઓ ગ્રહણ કરીને પોતાની સાથે ઓતપ્રોત કરી દે છે. આ પરમાણુઓ ગ્રહણ કરવાની વાતને પ્રદેશબંધ કહે છે. કોઈ કર્મ કરતી વેળાએ જીવાત્માએ કેટલા પરમાણુઓ ગ્રહણ કર્યા તે વાત ઘણી મહત્ત્વની છે. સ્વાભાવિક છે કે વધારે પરમાણુઓ લીધેલા હોય તો તે કર્મ આત્મા સાથે વધારે વખત રહે. ઓછા પરમાણુઓ ગ્રહણ કરેલા હોય તે કર્મનો ભોગવટો ઓછો કાળ રહે.

પ્રદેશબંધની વાત સંપત્તિ જેવી છે. જેની સંપત્તિ વધારે તે વધારે લાંબો કાળ સુખ ભોગવે. જેની ઓછી તે ઓછો કાળ સુખ ભોગવે. વળી આ

કર્મપરમાણુઓ આત્મા સાથે કેટલા ગાઢ રીતે સંકળાયા છે તેના ઉપર કર્મના ભોગવટાના કાળનો પણ આધાર રહેલો હોય છે. સજ્જડ ચોંટી ગયેલ કર્મના પરમાણુઓ આત્મા ઉપરથી ખસતાં વાર લાગે કે ન ખસે તેથી તે કર્મનો ભોગવટો લાંબો સમય ચાલે. જો કર્મના પરમાણુઓ આત્મા સાથે સજ્જડ ચોંટેલા હોય નહીં તો તે પરમાણુઓ આઘાત-પ્રત્યાઘાત થતાં આત્મા ઉપરથી તુરત ખરી પડે અને કર્મનો ભોગવટાકાળ પૂરો થઈ જાય.

પ્રદેશબંધની જેની પાસે વાત ન હોય તેઓ અકાળે થતાં મૃત્યુને નહીં સમજાવી શકે. જ્યારે કોઈ અકસ્માત થાય છે કે મોટી કુદરતી હોનારત થાય છે. ત્યારે તેના આઘાત-પ્રત્યાઘાતમાં જીવાત્મા સાથે ચોંટેલા પરમાણુઓ તત્કાળ ખરી પડે છે અને માણસનું અકાળે મૃત્યુ થાય છે. તે વખતે જીવાત્માના આયુષ્યકર્મની સ્થિતિ લાંબી હોય તો પણ તેનો અંત આવે. અહીં એ વાતનો ઉલ્લેખ કરી લેવાનું યોગ્ય રહેશે કે મનુષ્ય અને તિર્યંચોના આયુષ્ય કર્મના પરમાણુઓનો સ્વભાવ જ એવો હોય છે કે તે વ્યાઘાત થતાં તૂટે અને વિખરાઈ જાય, જ્યારે દેવો અને નારકીના જીવોના આયુષ્યના પરમાણુઓ એવા હોય છે કે જે વ્યાઘાતથી ન તૂટે. તેથી તેઓ બાંધેલું આયુષ્ય ભોગવે જ. માનવી અને તિર્યંચ માટે તે વાત સંભવિત નથી.

દેવો અને નારકીના જીવોનું આયુષ્ય અપરિવર્તનીય હોય છે. એટલે કે તેમાં ફેરફાર થઈ શકતો નથી. જ્યારે મનુષ્યય અને તિર્યંચનું આયુષ્ય પરિવર્તનીય હોય છે. અર્થાત્ કે તેમાં ફેરફાર થઈ શકે તેવો તેનો સ્વભાવ જ હોય છે.

કર્મના ચાર પ્રકારના બંધની આપણે જે ચર્ચા કરી તેમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ મન-વચન અને કાયાના યોગોના પ્રવર્તનને કારણે પડે છે. જીવાત્મામાં જેટલી ચંચળતા વધારે તેટલું મન-વચન અને કાયાનું પ્રવર્તન વધારે અને એટલો પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ વધારે. જો યોગોનું પ્રવર્તન ઓછું તો આ બંધ ઓછો પડવાના.

જ્યારે રસબંધ અને સ્થિતિબંધ કષાયોને કારણે પડે છે. જેટલા કષાયો તીવ્ર એટલો એ બંધ તીવ્ર. કષાયો જેટલા પાતળા તેટલો રસબંધ અને સ્થિતિબંધ ઓછો.

બંધની વાત પૂરી કરતાં પહેલાં એ વાતને ફરીથી યાદ કરી લઈએ કે કર્મબંધ કેવળ ક્રિયાથી નથી પડતો. મન અને વચનના ઉપયોગથી પણ બંધ

પડી જાય. કોઈને મારવાની વાત કરીએ તો પણ કર્મબંધ પડવાનો. કોઈને મારવાનો વિચાર કર્યો તે તુરત જ તેનો કર્મબંધ થઈ જવાનો-ભલે પછી કાયદાની અદાલતમાં તે ગુનો ન ગણાય, પણ કર્મની અદાલતમાં તો તે ગુનો દાખલ થઈ ગયો. કર્મ જાતે કરીએ નહીં અને કોઈની પાસે કરાવીએ તો પણ આપણે દોષિત અને તેનોય બંધ પાડવાનો. અરે, કોઈ કર્મ કરતું હોય અને એની અનુમોદના કરીએ અર્થાત્ તેની પ્રશંસા કરીએ કે તેમાં રસ રેડીએ તો પણ આપણા ઉપર કર્મબંધ પડવાનો.

કર્મની વાત સૂક્ષ્મ છે. પણ જો આપણે તે સમજી લીધી હોય તો આપણે કેટલાય કર્મ બંધોથી બચી જઈએ અને કયા કર્મનો બંધ હળવો કરી નાખવો અને કયા કર્મબંધને તીવ્ર કરવો તેનું આયોજન કરી શકીએ. **કર્મશાસ્ત્રનું જ્ઞાન પુસ્તકમાં રાખવા માટે નથી પણ કર્મથી બચવા માટે છે અને પુણ્યકર્મ કરતાં કરતાં અંતે કર્મરહિત થઈને પરમાત્મ અવસ્થા પ્રાપ્ત કરવા માટે છે.**

---

# ૬. વિપાકોદય અને પ્રદેશોદય

આપણે કર્મબંધની વાત કરી. જીવાત્મા ઉપર કેવી રીતે કર્મનો બંધ પડે છે, કયા કારણે પડે છે તેની પણ ચર્ચા કરી. ત્યાર પછી આપણે ચાર પ્રકારના કર્મબંધ : પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધની વિગતોમાં ગયા.

આપણે એ પણ જાણ્યું કે બંધાયેલ કર્મ ભાગ્યે જ તત્કાળ ઉદયમાં આવે છે. જેમ ફળને પાકવા માટે સમય જોઈએ છે, માતાના ઉદરમાં પડેલાં બીજમાંથી બાળકનો જન્મ થવા માટે અમુક સમય જોઈએ છે, બીજમાંથી વૃક્ષ થતાં સમય લાગે તેમ કરેલ કર્મને પણ ફળ આપવા માટે સમય જોઈએ. જેમ પાકેલું ફળ ઝાડ ઉપરથી નીચે પડે છે તેમ પાકેલું કર્મ તેનો પ્રભાવ બતાવવા માંડે છે. તેને ઉદયમાં આવેલા કર્મ તરીકે વર્ણવવામાં આવે છે. પછી જે પ્રકારનું કર્મ હોય તે પ્રમાણેનો તે પ્રભાવ બતાવે અને સુખ-દુઃખ આપે. આ રીતે પરિપક્વ થઈને ઉદયમાં આવેલ કર્મને વિપાકોદય તરીકે ઓળખવામાં આવે છે.

તમને જાણીને નવાઈ લાગશે કે આજે આપણે જે કર્મ ભોગવીએ છીએ તેમાંથી કેટલાંક તો હજારો શું પણ લાખો વર્ષ પહેલાંનાં બાંધેલાં હશે. પણ તેનો વિપાક થતાં તેને ઘણો સમય લાગ્યો. કર્મને પાકવા માટેનો સમય થઈ ગયો હોય પણ તેને પ્રભાવ બતાવવા માટે અનુકૂળતા ન મળી હોય તો ત્યાં સુધી તે કર્મ જીવાત્મા સાથે જડાયેલું પડ્યું રહે. તેને સત્તા(stock)માં પડેલ કર્મ તરીકે ઓળખવામાં આવે છે. વળી કર્મનો સ્વભાવ પણ એવો હોય છે. તે અમુક સમય સુધી ઉદયમાં આવતું નથી. જેને કર્મના **અબાધાકાળ** તરીકે ઓળખવામાં આવે છે. કેટલીક વાર એવું પણ બને છે કે કર્મને પાકવાની અવધિ પૂરી થઈ ગઈ હોય તો પણ તેને ફળ આપવા માટે તક જ ન મળે તો તે કર્મ પ્રભાવ બતાવ્યા વિના પણ જીવાત્મા ઉપરથી ખરી પડે.

સામાન્ય રીતે એવું હોય છે કે કર્મ તેનો પ્રભાવ બતાવી દે એટલે તે તેની ચીકાશ છોડી દે અને પછી તે જીવ સાથે ન રહી શકે. કહેવાય છે કે કર્મને પાકવા માટે ઓછામાં ઓછો સમય પણ બસો-ત્રણસો વર્ષનો હોય છે અને

વધારેમાં વધારે સમય તો હજારો અને લાખો વર્ષનો હોય છે. આ કાળચક્રમાં જીવાત્માએ અનંત ભવો કર્યા હશે અને કેટલાંય શરીરો ધારણ કરીને મૂકયાં હશે – તે જોતાં આ સમયગાળો કંઈ મોટો ન ગણાય.

ભવભ્રમણ કરતા જીવાત્મા પાસે સત્તામાં પડેલાં કર્મોનો અનર્ગળ જથ્થો હોય છે. એવાં કેટલાંય કર્મો હશે કે જેને પાકવા માટેનો સમય જ નહીં થયો હોય. એવાં પણ કેટલાંય કર્મો હશે કે ઉદયમાં આવવા માટે તેમનો સમય થઈ ગયો હશે પણ તે માટેનો અનુકૂળ ભવ ન મળવાને કારણે તે સત્તામાં પડી રહ્યાં હશે. માન્યામાં ન આવે પણ આપણે કેટલાય જન્મોનાં આવાં કર્મો આપણી સાથે લઈને ભવાંતરમાં એક ભવમાંથી બીજા ભવમાં જઈએ છીએ – ફરતા રહીએ છીએ. કર્મ અતિ સૂક્ષ્મ હોવાને કારણે આપણને તેનો ભાર ક્યારેય વર્તાતો નથી. વળી આત્મા પણ અત્યંત સૂક્ષ્મ હોવાને કારણે તેને ભવાંતરમાં ગતિ કરતાં કોઈ વ્યાબાધ નડતો નથી.

કર્મ કેવી રીતે ઉદયમાં આવે છે તે સમજવા માટે તેની ગતિ- રીતિ વિશે થોડુંક જાણવું જરૂરી છે. પહેલી વાત તો એ કે આજે જે સ્વરૂપે કર્મ બાંધ્યું હોય તે સ્વરૂપે તે ભાગ્યે જ ઉદયમાં આવે છે કારણ કે ઉદયમાં આવતાં પહેલાં તેમાં કેટલાય ફેરફારો થઈ ગયા હોય છે. કર્મમાં ફેરફાર થવાનું કારણ જીવના ભાવ (અધ્યવસાય) હોય છે. જો જીવ ધર્મ તરફ વળ્યો હોય તો તેના આત્માનાં પરિણામો (ભાવો) કૂણા પડ્યાં હોય તો પાપકર્મનો બંધ શિથિલ થઈ જાય અને તેનો જોસ પણ ઘટી જાય. વળી તપમાં વળ્યો હોય તો કેટલાંય કર્મ ખરી પડ્યાં હોય કે આઘાંપાછાં થઈ ગયાં હોય. જો જીવનાં પરિણામો (ભાવો) ક્રૂર અને ઘાતકી બની ગયાં હોય તો પાપકર્મના શિથિલ બંધ ગાઢ પણ થઈ ગયા હોય અને કેટલાંય પુણ્યકર્મ પરવારી ગયાં હોય. જો કે જીવનમાં કરેલો ધર્મ ક્યારેય વિફલ જતો નથી.

બીજી વાત એ છે કે કર્મ ક્યારેય ક્રમબદ્ધ રીતે ઉદયમાં આવતાં નથી. એક સાથે બંધાયેલાં કર્મનો સ્થિતિબંધ જુદો-જુદો હોય છે. પ્રત્યેક કર્મને પાકવાની મુદત જુદી-જુદી રહે છે. કર્મની પ્રકૃતિ અનુસાર તેને પાકવાના સમયમાં પણ ફેરફાર હોય છે – તરતમતા હોય છે. સ્થિતિબંધનો આધાર મુખ્યત્વે જીવાત્માના ભાવ ઉપર હોય છે. પ્રત્યેક કર્મ બાંધતી વેળાએ જીવાત્માના ભાવ સરખા હોતા નથી. કેટલાંક કર્મ તીવ્ર ભાવમાં બંધાયેલાં હોય

છે. તો કેટલાં હળવા ભાવમાં. વળી કર્મ બંધાયા પછી પણ તેની સ્થિતિ-મુદતમાં ફેરફારો થતા જ હોય છે. કર્મ વિશે લખનારાઓને જો સ્થિતિબંધની વાતની ખબર હોય નહીં તો તેઓ કર્મના ઉદયમાં વર્તતી સમયની તરતમતા સમજાવી ન શકે.

આગળ આપણે પ્રકૃતિબંધની વાત કરી છે. જીવાત્મા પ્રત્યેક પળે સાત પ્રકારે કર્મબંધ કરે છે અને આઠ પ્રકારે ભોગવે છે. આયુષ્યકર્મનો બંધ જીવનમાં એક જ વાર પડે છે તેથી તે પળ સિવાય જીવ સતત સાત પ્રકૃતિનો બંધ કરે છે પણ આયુષ્ય તો ભોગવે છે. તેથી તે આઠે પ્રકારે કર્મ ભોગવે છે એમ કહેવાયું. ઊંઘમાં પણ કર્મનો બંધ પડતો રહે અને તેનો ઉદય પણ વર્તાતો રહે, પણ તે જીવાત્માને એટલો સ્પષ્ટ ન વર્તાય. આત્માના પ્રત્યેક સ્પંદન સાથે કર્મબંધની પ્રક્રિયા ચાલુ જ હોય છે અને જીવાત્મા કર્મના ઉદયને પણ વેદતો-ભોગવતો જ હોય છે.

આપણે ગંગા-જમુના કે નર્મદા જેવી વિશાળ પટમાં વહેતી નદીઓ જોઈ હશે. પહાડ ઉપરથી પડતાં અનેક ઝરણાંઓ અને ધારાઓ એમાં ભળતી હોવાને કારણે તેનો પટ વિશાળ બન્યો હોય છે. વાસ્તવિકતામાં આ પ્રવાહમાં અનેક ધારાઓ વહેતી હોય છે. લગભગ એ રીતે આપણા જીવનનો કર્મપ્રવાહ આઠ પ્રકૃતિની ધારાએ વહી રહ્યો હોય છે. એમાં કોઈ ધારા સેંકડો વર્ષ પહેલાંની હોય. તો કોઈ ધારા હજારો વર્ષ પહેલાંની હોય. જેમ નદી સમુદ્ર-મિલન માટે આગળ વધતી જાય છે તેમ કર્મપ્રવાહ ઉદય તરફ વહેતો હોય છે. આઠ ધારાએ વહેતો કર્મપ્રવાહ જ્યારે તેના અંતિમ તબક્કામાં આવી જાય છે ત્યાર પછી તેને રોકી શકાતો નથી. જેમ નદી પહાડ ઉપરથી પડવા માટે વળાંક લઈ ચૂકી હોય પછી તેને રોકી શકાય નહીં તેમ અંતિમ તબક્કામાં પ્રવેશ કરેલા કર્મપ્રવાહને ઉદયમાં આવતાં રોકી શકાતો નથી. આ તબક્કાને **ઉદયાવલિકામાં** પ્રવેશેલ કર્મ તરીકે ઓળખવામાં આવે છે. કર્મ જ્યાં સુધી ઉદયાવલિકામાં ન પ્રવેશ્યું હોય ત્યાં સુધી તેને રોકી શકાય કે તેમાં ફેરફાર કરી શકાય. આ કર્મપ્રવાહમાં કયું કર્મ આગળ છે અને કયું પાછળ છે તેનો આધાર તેના સ્થિતિબંધ ઉપર હોય છે.

ઉદયાવલિકામાં પ્રવેશેલ કર્મ એ તદ્દન પાકી ગયેલા ફળ જેવું છે. જે પાક્યા પછી ઝાડ ઉપર ન રહી શકે. તે નીચે પડી જ જાય. તેમ

ઉદયાવલિકામાં પ્રવેશેલ કર્મનો ઉદય થઈને જ રહે. હવે જ્યારે બાંધેલ કર્મ ભોગવાઈ જાય છે, તેનો પ્રભાવ બતાવી દે છે ત્યાર પછી તે કર્મપરમાણુઓમાં ચીકાશ રહેતી નથી. પછી તે કર્મનું વિઘટન થઈ જાય છે અને જીવાત્મા ઉપરથી ખરી પડે છે. પછી તે કર્મ જીવાત્માને ફરીથી ભોગવવું પડતું નથી. પરંતુ કર્મની પરંપરા અહીં અટકી જતી નથી. કારણ કે જીવાત્મા ભોગવટા દરમિયાન પણ નવાં કર્મ બાંધતો જ રહે છે. વળી તેની પાસે સત્તામાં (સ્ટોકમાં) રહેલાં કર્મનો પણ મોટો જથ્થો હોય છે. ઘણી વાર તો એવું બને છે કે જીવ ભોગવે તેના કરતાં વધારે કર્મ બાંધતો રહે છે. આમ સંસારનું આ વિષચક્ર ચાલતું જ રહે છે.

હવે કોઈને પ્રશ્ન થાય કે શું બાંધેલાં કર્મ ભોગવવાં જ પડે? આપણે તેની વિગતે ચર્ચા કરીએ તે પહેલાં એટલી વાત સમજી લઈએ કે જીવ જેટલો વધારે વિકસિત, તેટલો તે વધારે કર્મ બાંધે અને કર્મના ભોગવટાનું સંવેદન તેને વધારે. વિકસિત જીવોને મન-વચન અને કાયાના યોગો હોય, પાંચેય ઇન્દ્રિયોનો પૂર્ણ વિકાસ થયેલો હોય તેથી તે કર્મ વધારે બાંધે અને જો જાગૃત હોય તો તે વધારે કર્મ ખપાવી શકે અર્થાત્ કે ઓછાં કરી શકે.

હવે જો આપણે મૂળ પ્રશ્ન ઉપર આવીએ તો સૌપ્રથમ એમ કહી શકાય કે મોટે ભાગે બાંધેલાં કર્મ ઉદયમાં આવતાં રહે અને ભોગવાતાં રહે. કર્મ ભોગવાય એટલે તે જીવાત્મા ઉપરથી ખરી પડે-પછીથી જીવાત્માએ તે ભોગવવાનાં ન રહે. કર્મ જ્યારે પાકીને ઉદયમાં આવે અને તેનો પ્રભાવ બતાવે ત્યારે તે કર્મનો વિપાકોદય થયો કહેવાય છે. આમ ફળ આપતા કર્મનું સંવેદન જીવાત્માને ભોગવવું પડે. પછી તે સુખનું સંવેદન હોય કે દુઃખનું સંવેદન હોય. ટૂંકમાં કર્મ આત્મા ઉપરથી ખસી જાય કે ખરી પડે ત્યાર પછી તેનો પ્રભાવ જીવાત્મા ઉપર ન પડે અને જીવાત્મા તેની સંવેદનાથી મુક્ત થઈ જાય.

પણ બહુ મજાની વાત એ છે કે ઘણી વાર કર્મ તેનો પ્રભાવ બતાવ્યા વિના, સુખ કે દુઃખની સંવેદના આપ્યા વિના પણ જીવાત્મા ઉપરથી ખસી જાય છે કે ખરી પડે છે. તેને પ્રદેશોદયથી ખરી પડેલાં કર્મ કહે છે. આ વાત ઘણી સૂક્ષ્મ છે અને બધા ધર્મોની પાસે તે નથી.

સ્વભાવિક છે કે બાંધેલાં પાપકર્મ પ્રદેશોદયથી જીવાત્મા ઉપરથી દૂર થઈ જાય એ વાત આપણને ગમે જ, કારણ કે પાપકર્મનો ભોગવટો દુઃખદ હોય

છે – પીડાજનક હોય છે. પુણ્ય ભોગવવું સૌને ગમે, પાપ ભોગવવું કોને ગમે? પ્રદેશોદયથી કર્મના ખરી પડવાની વાત અનાયાસે બને અને પ્રયત્નથી પણ બને. આપણે જો કર્મવાદનાં રહસ્યો જાણતા હોઈએ તો કર્મને આમ હાથ-તાળી આપવાની રમત રમી શકીએ.

આપણે એ વાત જાણી કે કેટલાય જન્મોનાં કર્મને વહન કરતો કર્મપ્રવાહ આઠ ધારાએ (પ્રકૃતિની) ઉદય તરફ જઈ રહ્યો હોય છે. હવે આકસ્મિક રીતે એવું બને કે એક બાજુ પ્રબળ પુણ્યકર્મ ઉદયમાં આવ્યું હોય અને તે સમયે એક અલ્પ પાપકર્મ પણ ઉદયમાં આવ્યું હોય તો તે વખતે પ્રબળ પુણ્યકર્મના ભોગવટામાં અલ્પ પાપકર્મ તણાઈ જાય. આવો પ્રદેશોદય અનાયાસે પણ થઈ જાય અને આપણે પાપકર્મના ભોગવટામાંથી બચી જઈએ. જેની પાસે પુણ્યકર્મનું ભાથું વધારે હોય તે જીવોને આવી તક મળવાનો સંભવ વધારે રહે.

કેટલીક વાર એવું પણ બને છે કે જીવે પ્રબળ પુણ્યકર્મ બાંધ્યું હોય જે ભોગવવા તેને દેવના ભવમાં જ આવવું પડે અને પાપકર્મ ભોગવવા નર્કના ભવમાં જવું પડે. હવે તે કર્મનો ભોગવટો કરવા માટે જરૂરી ભવ મળ્યો ન હોય અને તે કર્મ પાકી ગયું હોય તો તેને પોતાનો પ્રભાવ બતાવ્યા વિના જીવાત્માંથી અળગા થઈ જવું પડે કે પછી યોગ્ય ભવની વાટ જોતા બાજુમાં ખસી જવું પડે. આમ જો કર્મને ઉદય વેળાએ પરપ્રકૃતિમાં બેસવાનું થાય તો તેનો ભોગવટો પરપ્રકૃતિમાં થાય જ્યાં તેનો પ્રભાવ ન પડે. વિરોધીના ઘરમાં બેઠેલ માણસ કંઈ કરી ન શકે તેના જેવો ઘાટ થાય.

કોઈક વાર એવું પણ બને કે કર્મનો જે સ્થિતિબંધ પડ્યો હોય તે પ્રમાણે તેનો સમય પૂરો થવા આવ્યો હોય પણ તેને ઉદયમાં આવવા માટે યોગ્ય નિમિત્ત ન મળે. સામાન્ય રીતે કર્મ સ્વયં ઉદયમાં આવતું નથી. તે કોઈ ને કોઈ નિમિત્તનો આશ્રય કરીને ઉદયમાં આવે છે. **કર્મને ઉદયમાં આવવા માટેનાં પાંચ પ્રબળ નિમિત્તો છે : દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ.** આ પાંચમાંથી તેને જે નિમિત્તની ઉદયમાં આવવા જરૂર હોય તે નિમિત્ત જ મળે નહીં એ કર્મ નિમિત્તની રાહ જોઈને બેસી રહે. દરમિયાન તેનો સમય પૂરો થઈ જાય તો પણ તેને આત્માથી અળગા થઈ જવું પડે. સાંસારિક રીતે આ વાતને જોઈએ તો મુદત બહાર ગયેલું લેણું ફોગટ જાય છે અને તેની વસૂલાત થઈ શકતી નથી તેના જેવી આ વાત છે.

કર્મની વ્યવસ્થાનો જાણકાર માણસ કેટલેક અંશે નિમિત્તોની રમત રમીને કર્મથી બચી શકે, પણ તેમ કરવાનું હળવાં કર્મ માટે શક્ય છે. ગાઢ રીતે બંધાયેલ કર્મ તો એમને એમ પાછાં ન જાય. તે તો જરૂરી નિમિત્ત ઊભું કરીને ઉદયમાં આવી પોતાનું લેણું વસૂલ કરીને જ ખસે. આ બધી વાતો નિયમ કરતાં અપવાદ જેવી વધારે છે. પણ જાણકારી માટે અહીં તેનો ઉલ્લેખ કર્યો છે.

નિમિત્તોની વાતને જરા વિગતે સમજીએ. શરીરને વ્યાધિ થયો હોય અને યોગ્ય ઔષધનો ઉપચાર થાય તો વ્યાધિ મટી જાય કે હળવો પડે. અતિશય ગરમી વેઠવાનો યોગ હોય પણ પહાડ ઉપર શીતળ ક્ષેત્રમાં જઈને વસીએ તો તે કર્મ પ્રદેશોદયથી ખસી જાય. કાળના નિમિત્ત સાથે તો ખાસ ચાલાકી ચાલતી નથી. મોટે ભાગે આપણે કાળને આધીન થવું જ પડે છે. આપણી વૃદ્ધાવસ્થા કાળને કારણે આવે છે. તેનાથી કેમ બચાશે ? કાળનો પ્રભાવ તો આપણે સૌ જાણીએ છીએ. અમુક રોગો રાતનાં સમયે વકરે છે, અમુક રોગો શિયાળામાં વકરે તો ચોમાસામાં કેટલાક રોગોનો ઉપદ્રવ વધારે હોય. આ બધો કાળનો પ્રભાવ છે. કાળની સામે થોડીક આડશ ઊભી કરી શકાય પણ કાળને સદંતર રોકવાનું અશક્ય છે. ભવની વાત તો આપણે આગળ કરી ગયા. પ્રબળ પુણ્ય ભોગવવા દેવલોક જોઈએ અને પ્રબળ પાપનો ભોગવટો નર્કમાં થાય. અમુક કર્મ ભોગવવા તિર્યંચ યોનિમાં જ જવું પડે. જીવને કચડીને તમે ખુશી થઈને માર્યો હોય તો તેનો ભોગવટો મનુષ્યભવમાં ભાગ્યે જ થઈ શકે. તે માટે તિર્યંચ યોનિમાં જવું પડે.

ભાવની વાત વિશિષ્ટ છે અને સાથે સાથે સૂક્ષ્મ પણ છે. લાગણી, વિચાર, બુદ્ધિ, રુચિ અને જીવન પ્રત્યેનો અભિગમ આ બધું મળીને જીવાત્માનું ભાવતંત્ર બંધાય છે. જો જીવ ધર્મિષ્ટ હોય, શ્રદ્ધાળુ હોય તો તે ઉદયમાં આવેલા પાપકર્મને સમતાપૂર્વક વેઠી લે જેથી તેની તેના ઉપર એટલી અસર ન વર્તાય. આવો જીવ પુણ્યકર્મના ઉદયને મમતા વિના – અહંકાર કે અભિમાન વિના ભોગવતો હોય છે જેથી કર્મની પરંપરા નથી સર્જાતી કે ઓછી સર્જાય છે. જો સાધક ધ્યાનની ધારાએ ચઢયો હોય તો તેનામાં શુદ્ધ ભાવ પ્રવર્તતો હોય છે. તે વખતે તેનો ધ્યાનાગ્નિ એટલો પ્રજવલિત થયો હોય છે કે તેમાં સકળ કર્મોને બાળી નાખવાની ક્ષમતા હોય છે. તે વખતે સાધક ભોગવટો કર્યા વિના તેનાં સકળ કર્મોને પ્રદેશોદયથી ખેરવી નાખે છે. આત્માના

ઊર્ધ્વારોહણના માર્ગમાં આ ધ્યાનને ક્ષપકશ્રેણી તરીકે ઓળખવામાં આવે છે.

વાતનો સાર એ થયો કે જીવે સંસારમાં સારા ભાવો સેવવા, ધર્મ કરતા રહેવો, દેવ-ગુરુના સાન્નિધ્યમાં રહેવું, અન્ય જીવોને દુઃખ ન આપવું અને સર્વ સાથે મૈત્રીભાવ રાખવો. આવા ભાવોમાં રમનાર કેટલાંય કર્મો પ્રદેશોદયથી ખસેડી નાખે છે અને નવાં કર્મ ઓછાં બાંધે છે. જીવ નિમિત્તવાસી છે. માટે માણસે હંમેશાં સારાં નિમિત્તો સેવવાં જેથી તેના ભાવ સારા રહે. જેવો ભાવ તેવી પ્રવૃત્તિ. સારા સંગમાં પાપ નહીં થાય, ખોટી સોબતમાં પાપના ભારા બંધાશે.

અનંત જીવસૃષ્ટિમાં એવા કેટલાય જીવાત્માઓ હોય છે કે તેઓ કર્મની વ્યવસ્થા વિશે જાણીને કે જાણ્યા વિના પણ ધર્મમય જીવન જીવીને કર્મથી મુક્ત થઈ જાય છે. આવા જીવાત્માઓને મુક્તાત્માઓ કહેવામાં આવે છે તેઓ જ્યારે શરીર છોડે છે ત્યાર પછી પરમાત્મા જ બની જાય છે અને એક વાર કર્મરહિત થઈ ગયેલ શુદ્ધાત્માને ફરીથી સંસારમાં આવવું પડતું નથી. આવા મુક્તાત્માઓ હંમેશાં પ્રસન્ન રહે છે. તેઓ અસ્તિત્વના આનંદને માણે છે. તેમના અસ્તિત્વને કોઈ વ્યાબાધ નડતો નથી કારણકે તેમને દેહ હોતો જ નથી. દેહ કર્મજન્ય હોય છે અને આ મુક્તાત્માઓ કર્મરહિત હોય છે, કષાયથી મુક્ત હોય છે, ઈચ્છારહિત હોય છે અને નિજાનંદમાં મસ્ત રહે છે.

---

# ૭ કર્મ સાથે રમત - આઠ કરણ

આપણે એ વાત જાણી કે બાંધેલું કર્મ જ્યાં સુધી જીવાત્મા ઉપર હોય ત્યાં સુધી તે કર્મનો દેવાદાર રહે છે અને એ દેવું ચૂકવ્યા વિના તે છૂટી શકતો નથી. આપણે કર્મબંધ વિશે જાણ્યું અને તેના વિપાકોદય તેમજ પ્રદેશોદયની વાતની ચર્ચા કરી. કર્મ પાકી જાય અને ઉદયમાં આવી જાય એટલે તેનો પ્રભાવ પૂરો થઈ જાય અને તેને જીવાત્મા ઉપરથી ખસવું જ પડે કે ખરવું પડે, પણ કર્મ વિશે એક મહત્ત્વની વાત એ છે કે બાંધેલું કર્મ ક્યારેય તેના તે જ સ્વરૂપે ઉદયમાં આવતું નથી. તેનું કારણ એ છે કે કર્મને બંધાયા પછી ઉદયમાં આવતાં વર્ષો લાગી જાય છે. તે દરમિયાન જીવાત્મા કંઈ ને કંઈ કરતો રહ્યો છે જેને કારણે તેના આચાર-વિચાર-ભાવોમાં સતત ફેરફારો થતા રહે છે. તેને લીધે કર્મના પ્રભાવમાં પણ ફેરફાર થઈ જાય છે. જ્યાં સુધી કર્મ ઉદયમાં ન આવ્યું હોય ત્યાં સુધી જીવાત્મા તેના મન-વચન અને કાયાના યોગો, તેમજ આત્મિક ભાવો-રુચિ ઈત્યાદિને કારણે બાંધેલાં કર્મોમાં જાણતાં-અજાણતાં ફેરફાર કરતો જ રહે છે.

આ ફેરફારને કારણે બાંધેલું કર્મ વધુ કિલષ્ટ અને કપરું પણ બની જાય કે હળવું પણ થઈ જાય. આ ફેરફાર કેવી રીતનો થશે તેનો આધાર જીવાત્માના વલણ, વૃત્તિ, પ્રવૃત્તિ ઉપર રહે છે. જો જીવાત્માની વૃત્તિ અને પ્રવૃત્તિ સારી હશે તો તેનાં પુણ્યકર્મનો પ્રભાવ વધારે પડવાનો અને પાપકર્મનો પ્રભાવ ઘટવાનો. જો જીવાત્માની વૃત્તિ અને પ્રવૃત્તિ ખરાબ રહી હશે તો તેનાં પુણ્યકર્મની અસર ઓછી થઈ જવાની અને પાપકર્મ વધારે દુઃખ આપવાનાં. જ્યાં સુધી કર્મ ઉદયમાં ન આવ્યું હોય ત્યાં સુધી જીવાત્માની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓની અસર બંધાયેલા કર્મ ઉપર પડતી જ રહેવાની અને તેમાં ફેરફારો થયા કરવાના. આ ફેરફારો સારા માટે પણ હોય અને ખરાબ માટે પણ થાય.

જીવાત્માએ બાંધેલા કર્મમાં આમ જે ફેરફારો થતા રહે છે. તેનાથી જીવાત્મા મોટે ભાગે અજાણ હોય છે; પરંતુ જો જીવાત્મા કર્મની વ્યવસ્થા વિશે જાણતો હોય તો તે સભાનતાપૂર્વક-હેતુપૂર્વક પોતાની વૃત્તિઓ અને

પ્રવૃત્તિઓમાં ફેરફાર કરતો રહે અને સત્તામાં પડેલાં કર્મોને સાનુકૂળ બનાવવા પ્રયત્નશીલ રહે. આમ ઉદયમાં નહીં આવેલાં કર્મોમાં જે ફેરફારો થાય છે કે કરવામાં આવે છે તેને કરણો કહે છે.

બંધાયેલ કર્મ ઉપર જાણી-વિચારીને કરણ લગાડવાનું કામ તો કેવળ મનુષ્યભવમાં જ થઈ શકે છે જ્યારે માણસને મન વચન અને કાયાનો પૂર્ણ યોગ હોય છે, ધર્મ મળેલો હોય છે અને દેવ-ગુરુનો જોગ હોય છે. મનુષ્યભવમાં માણસ શું સારું કે શું ખોટું તે સમજીને પોતાના ભાવ બદલી શકે છે અને તેને અનુરુપ પ્રવૃત્તિ કરી શકે છે. દેવો તો સુખ અને ભોગોમાં એવા લપટાયેલા હોય છે કે તેઓ આ બાબત ઓછો પુરુષાર્થ કરે છે. નારકીના જીવો એવા દુઃખમાં હોય છે કે તેઓ આ બાબત પ્રવૃત્ત થઈ શકતા નથી. તિર્યંચ પાસે એવી ક્ષમતા હોતી નથી.

**સત્તામાં પડેલાં કર્મોમાં કે ઉદયમાં નહીં આવેલાં કર્મોમાં આઠ પ્રકારે ફેરફારો થઈ શકે છે જેને આઠ કરણો કહેવામાં આવે છે. (૧) બંધનકરણ (૨) નિદ્ધત્તિકરણ (૩) નિકાચનાકરણ (૪) સંક્રમણ (૫) ઉદ્‌વર્તના (૬) અપવર્તના (૭) ઉદ્દીરણા (૮) ઉપશમન**

આપણે આગળ જોઈ ગયા કે સંસારમાં અત્યંત સૂક્ષ્મ પરમાણુઓની કેટલીય વર્ગણાઓ છે. તેમાંથી કેટલીક વર્ગણાઓ એવી છે કે જે મનુષ્યના કામમાં આવે. સંસાર અનંત જીવોથી ખીચોખીચ ભરેલો છે. આ વર્ગણાઓ અને જીવો સાથે સાથે વસે છે. જીવ એ ચેતન છે. વર્ગણાઓ જડ દ્રવ્યના અત્યંત સૂક્ષ્મ પરમાણુઓની હોય છે. જીવ જ્યારે કષાયનો ભાવ કરે છે અને યોગોનું પ્રવર્તન કરે છે એટલે આ વર્ગણાઓમાંથી કર્મવર્ગણા જીવાત્મા ગ્રહણ કરે છે અને પોતાની સાથે ઓતપ્રોત કરી દે છે. કર્મવર્ગણાના અત્યંત સૂક્ષ્મ પરમાણુઓના જીવાત્મા સાથે જોડાવાને-લાગવાને **બંધનકરણ** કહે છે. આ પહેલાં આ વર્ગણાના પરમાણુઓ જીવાત્માને સ્પર્શીને રહેલા હતા પણ તેને લાગ્યા ન હતા.

કર્મવર્ગણાના પરમાણુઓને ગ્રહણ કરતી વખતે જો જીવાત્માના કષાયો (રાગ-દ્વેષનાં પરિણામો) તીવ્ર હોય તો આ પરમાણુઓ જીવ સાથે ગાઢ રીતે સંકળાઈ જાય છે. તેને **નિદ્ધત્તિકરણ** કહે છે. કર્મપરમાણુઓને ગ્રહણ કરતી વેળાએ જો જીવાત્માનાં પરિણામો અત્યંત કષાયમય હોય અને યોગોનું પ્રવર્તન

પણ તે રીતનું હોય તો કર્મ પરમાણુઓ જીવાત્માને સજ્જડ રીતે ચોંટી જાય છે. તેને **નિકાચના કરણ** કહે છે. આ રીતે જીવાત્માને લાગેલા કર્મપરમાણુઓને ભોગવ્યા વિના જીવાત્માનો છૂટકો થતો નથી. નિદ્ધત્તિકરણથી લાગેલું કર્મ જીવાત્માએ ભોગવવું પડે છે પણ પ્રબળ પુણ્યકર્મથી તેમાં થોડાક ફેરફાર કરવાનો અવકાશ રહે છે. પરંતુ નિકાચીત થયેલું કર્મ તો ભોગવ્યા વગર જીવાત્માને છોડતું નથી. અપવાદ તરીકે તે કર્મ કેવળ ધ્યાનની ક્ષપક શ્રેણીમાં જ આત્માથી અળગું થાય છે.

આ ત્રણેય કરણો કર્મબંધ વેળાએ પણ લાગે અને કર્મ બંધાયા પછી પણ લાગે-તે વાત ધ્યાનમાં લેવા જેવી છે.

કર્મમાં ફેરફાર કરનાર જે કરણો લાગે છે તેમાં એક મહત્ત્વનું કરણ, **સંક્રમણ** છે. સંક્રમણ એટલે એક સાથે બીજાને ભેળવવું. કોઈ જીવે એવાં કર્મ બાંધ્યાં હોય કે જેને કારણે તેને ઘણી વેદના અને ત્રાસ ભોગવવો પડે તેમ હોય પણ જો જીવ પાછળથી ધર્મમાં આવી ગયો હોય, તેનામાં સદ્ભાવો પ્રવર્તન થતા રહ્યા હોય અને તેનાં વાણી વર્તણૂક તે પ્રમાણે બદલાઈ ગયાં હોય તો તેનાથી બાંધેલું પાપકર્મ નબળું પડી જાય અને તે ઉદયમાં આવે ત્યારે તેનામાં એટલો જોસ ન હોય. વળી એમ પણ બને કે પાપકર્મ કર્યા પછી જીવે પાછળથી તેને માટે પશ્ચાત્તાપ કર્યો હોય તો તેનાથી તેના પરમાણુઓના ગુણમાં પણ ફેરફાર થઈ ગયો હોય. અશાન્તિ અને દુઃખ આપનારુ કર્મ શાન્તિ અને સાનુકૂળ સંવેદન આપતું થઈ જાય.

અહીં એ વાત ધ્યાનમાં રાખવાની છે કે સંક્રમણ એની એ પ્રકૃતિના કર્મમાં થઈ શકે. આઠેય પ્રકૃતિનાં કર્મોમાં સંક્રમણને અવકાશ છે, પણ એક પ્રકૃતિબંધ થયેલ કર્મનું બીજી પ્રકૃતિના કર્મમાં સંક્રમણ ન થઈ શકે. સંક્રમણ સારા માટેય થાય અને ખોટા માટેય થાય. જીવાત્માના ભાવો પાછળથી બગડ્યા હોય અને તે પ્રમાણે જો તે ખોટી પ્રવૃત્તિઓ કરતો હોય તો તેને વધારે વેદના અને પીડા ભોગવવાનો પણ વખત આવે. સામાન્ય રીતે આપણને વેદનીય કર્મમાં થતું સંક્રમણ વધારે સ્પર્શે છે.

અબાધાકાળમાં અર્થાત સત્તામાં પડેલાં-ઉદયમાં નહિ આવેલાં કર્મોમાં ફેરફાર કરનારાં બે મહત્ત્વનાં કરણો છે-તેમાં **અપવર્તના** અને **ઉદ્વર્તના** છે. જો માણસને કર્મની ગતિ-વિધિની જાણકારી હોય તો તે પોતાના ભાવ, રુચિ,

વલણ, આચાર-વિચાર અને મન-વચન-કાયાના યોગોના યથા તથા પ્રવર્તન દ્વારા ભોગવવાના કર્મને ટૂંકાવી શકે. જે કર્મ લાંબો સમય ભોગવવાનું હોય તેને ઓછા સમયમાં ભોગવાય તેવું બનાવી લે અને તેના જોસમાં પણ તે ઘટાડો કરી શકે. આ રીતે થતા કર્મના ભોગવટાના ઘટાડાને અપર્વતના કહે છે. જીવાત્મા પોતાના હિતનો વિચાર કરીને આ કરણનો ઉપયોગ કરે છે.

અપવર્તનાનું જોડિયાકરણ ઉદ્‌વર્તના છે. તેમાં પણ અંતરના ભાવો અને મન-વચન-કાયાના યોગોના યર્થાથ પ્રવર્તનથી કર્મનો ભોગવટાકાળ લંબાવી શકાય અને તેની તીવ્રતામાં વધારો કરી શકાય.

જીવ પોતાના આત્મિક પુરુષાર્થથી અને અનુરૂપ યોગોના પ્રવર્તનથી સત્તામાં રહેલાં કર્મોની અપવર્તના કે ઉદ્‌વર્તના કરે છે. તેનાથી તે પુણ્યકર્મની તીવ્રતામાં વધારો કરે છે અને પાપકર્મની તીવ્રતામાં ઘટાડો કરે છે. એ જ રીતે કર્મના ભોગવટા કાળમાં પણ જીવ તેને ઉપકારક રહે તે રીતે વધઘટ કરી લે છે.

આ કરણો લગાડીને જીવ લાંબો સમય પુણ્ય ભોગવી શકે અને પાપકર્મનો ભોગવટો ટૂંકાવી શકે અને તે રીતે તેની અસરમાં પણ વધ-ઘટ કરી શકે છે. જો જીવ દુર્ભાગ્યવસાત્ અવળો પુરુષાર્થ કરે તો તેના પાપકર્મની તીવ્રતામાં અને કાળમાં વધારો પણ થાય. આ કરણો લગાડવા માટે જીવે આત્મિક પુરુષાર્થ કરવાનો હોય છે. જેને કારણે કર્મના પરમાણુઓમાં આનુષંગિક ફેરફારો થઈ જાય છે.

એક **ઉપશમકરણ** છે. આ કરણથી જીવાત્મા એવી અવસ્થામાં આવી જાય છે કે તેનાં કર્મોનો ઉપશમ થઈ જાય છે. ઉપશમ એટલે શમી જવું. જેમ પાણીમાં કચરો હોય પણ તેનો ઉપશમ થાય એટલે તે તળીએ બેસી જાય. પછી પાણી ચોખ્ખું થઈ જાય. પણ જો કોઈ પાણીને હલાવે કે ડહોળે તો કચરો ઉપર આવી જાય. આવું કર્મની બાબત બને છે. એક વાર કર્મોનું ઉપશમન થયું પછી તાત્કાલિક કર્મની બધી ગતિ-વિધિ અટકી જાય છે અને જીવાત્મા જાણે કર્મરહિત થયો હોય તેવી નિર્મળતા તે પ્રાપ્ત કરે છે. એ અવસ્થામાં બાંધેલ કર્મનો ઉદય પણ થતો નથી. જ્યારે જીવાત્માને આ કરણ લાગેલું હોય છે ત્યારે સંસારમાં રખડાવનાર મિથ્યાત્વ અને મોહનીય કર્મનો ઉદય પણ વીરમી ગયો હોય છે; પરંતુ આ સ્થિતિ લાંબો સમય ટકી રહેતી

નથી. થોડાક સમય પછી ઉપશમ થયેલ કર્મ વળી પાછાં ઉપર આવી જાય છે અને તેનો પ્રભાવ બતાવવા માંડે છે. આત્માના ઊર્ધ્વારોહણની યાત્રામાં સાધક કેટલીક વખત આ અવસ્થામાં આવી જાય છે.

**ઉદ્દીરણા** એક રીતે ઘણું મહત્ત્વનું છે. ઉદ્દીરણા એટલે કે જે કર્મ ઉદયમાં આવવાની ઘણી વાર હોય તેને આત્મિક પુરુષાર્થથી વહેલા ઉદયમાં લાવી ભોગવી લેવાં. કોઈને એવો વિચાર આવે કે માણસ આવી ઉદ્દીરણા શા માટે કરે ? જે જીવાત્મા જ્ઞાની હોય, મુમુક્ષુ હોય તેને લાગે કે બાંધેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો થવાનો નથી, તો શા માટે આજે જ્યારે બધી રીતની અનુકૂળતા હોય ત્યારે તે ભોગવી ના લેવાં? મનુષ્યભવમાં પુણ્યોદય ચાલતો હોય, દેવ-ગુરુ અને ધર્મની નિશ્રા મળી હોય ત્યારે જીવ સમતાથી કર્મને વેદી શકે છે તેથી આવા સાધકો કર્મની ઉદ્દીરણા કરી તેને ભોગવી લે છે. વ્યાવહારિક રીતે વાતને મૂલવીએ તો જ્યારે સારી દશા ચાલતી હોય ત્યારે જ દેવું ભરપાઈ કરી દેવું, જેથી કપરા કાળમાં લેણદાર સામે ન આવે.

જે જીવાત્માઓ મોક્ષમાર્ગે પ્રયાણ કરતા હોય છે અને સકળ કર્મોથી મુક્ત થવા માટે ધ્યાનની ધારાએ ચઢ્યા હોય છે. તેઓને તો પુણ્યકર્મ પણ બંધનરૂપ લાગતું હોય છે. જ્યાં સુધી કર્મ હોય ત્યાં સુધી જીવાત્માની મુક્તિ ન થઈ શકે એટલે સાધક પોતાની પાસે જે કંઈ કર્મ બચ્યાં હોય તે સર્વની એક સાથે ઉદ્દીરણા કરી નાખે છે. આત્માના વિકાસક્રમના છેલ્લે પગથિયે આવીને ઊભેલા જીવાત્માનાં જે અઘાતીકર્મ વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય બાકી રહ્યાં હોય તેની તેઓ એક સાથે ઉદ્દીરણા કરી નાખે છે જેને **કેવળી સમુદ્‌ઘાત** તરીકે ઓળખવામાં આવે છે. આ સમુદ્‌ઘાત કર્યા પછી સાધક સર્વ કર્મ રહિત થઈને મોક્ષ તરફ પ્રયાણ કરે છે.

કર્મનો અભ્યાસી જો આ આઠેય કરણને ન જાણે તો તેનું જ્ઞાન અધૂરું કહેવાય. જીવાત્મા માનવભવમાં આ આઠેય કરણોનો ધાર્યો લાભ લઈ શકે છે. આપણે તે પ્રમાણે અંતર-બાહ્ય પુરુષાર્થ કરતા રહી આપણા ભાવિ પથને સુગમ બનાવી શકીએ અને ત્વરિત ગતિએ જીવનના પરમ પ્રાપ્તવ્ય તરફ ગતિ કરી શકીએ.

---

# ૮. કર્મનો અનુબંધ-કર્મની પરંપરા

કર્મની વાત કરીએ અને તેમાં અનુબંધની વાત ન આવે તો તે વાત જ અધૂરી ગણાય. કર્મનાં બંધની તો સૌ વાત કરે છે પણ અનુબંધની વાત બહુ ઓછા કરે છે અને જાણે છે. અનુબંધને જે સાચવી જાણે છે તે કાળક્રમે જીવનની બાજી જીતતો જ રહે છે અને ઉત્તરોત્તર આગળ જ વધતો રહે છે.

આપણે જોયું કે કર્મનો બંધ પડવાનાં કારણોમાં રાગ-દ્વેષ અને મન-વચન-કાયાના યોગની પ્રબળતા રહેલી છે. રાગ અને દ્વેષ - એમ તો બે જ શબ્દો છે પણ તેની સંતતિ જેવા ભાવો ક્રોધ, અહંકાર (માન), કપટ (માયા) અને લોભ રહેલા છે. વળી તેના સહાયક ભાવો હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા છે. આ બધાને કારણે જીવાત્મા કર્મનો બંધ કરે છે.

કહેવાય છે કે **ક્રિયાએ કર્મ, પરિણામે બંધ અને ઉપયોગે ધર્મ.** તેનો તાત્ત્વિક અર્થ લઈએ તો, મન, વચન અને કાયાના પ્રવર્તનથી કંઈ પણ થાય એટલે કર્મ તો થઈ ગયું એમ સમજી લેવાનું. તે ક્રિયા કરતી વખતે જીવના કષાયો કેવા છે તેના ઉપરથી કર્મનો બંધ પડી જવાનો. હવે આવે છે ઉપયોગની વાત-જેના ઉપરથી કર્મનો અનુબંધ પડે છે. ઉપયોગ શબ્દ પારિભાષિક છે. તેનો અર્થ પણ જરા ગહન છે. ઉપયોગ એટલે આત્માની રુચિ તેનું વલણ, તેનો અભિગમ અર્થાત્ કે આત્માનું ભાવજગત. જો આ ભાવજગત સારું શુભ અને શુદ્ધ હોય તો તેનો પગ ધર્મમાં જ છે - એમ માનવાનું. જો જીવાત્માની રુચિ ખરાબ હોય, તેનું વલણ કોઈને દુઃખ આપવાનું, કોઈના દુઃખમાં રાચવાનું હોય અને તેનો અભિગમ જીવનમાં યેન-કેન પ્રકારે પોતાને જોઈતું મેળવી લેવાનો હોય તો સમજી લેવાનું કે આ જીવાત્માનો પગ પાપમાં છે - પછી ભલે તે આજે પરોપકારનાં કામો કરતો દેખાતો હોય.

જ્યારે માણસ કંઈ કર્મ કરે છે ત્યારે તે વખતે કર્મ કોરું નથી હોતું. તેની પાછળ તેનું ભાવતંત્ર પડેલું હોય છે કર્મ કરતી વેળાએ માણસનું જે ભાવજગત હોય છે તેને અનુલક્ષીને તેણે કરેલા કર્મનો અનુબંધ પડે છે.

માણસ પુણ્યકર્મ કરતો હોય, ભલમનસાઈ કરતો હોય, પરોપકારનું કોઈ કૃત્ય કરતો હોય કે ધર્મની ક્રિયા કરતો હોય તો તે વેળાએ તેને પુણ્યકર્મનો બંધ તો પડવાનો જ, પણ તે વખતે તેનું ભાવજગત પણ દાન, શીલ, તપ, ધર્મ જેવા ભાવોથી ભરેલું હોય તો તે કર્મનો અનુબંધ પણ પુણ્યનો પડવાનો. જો તેનું ભાવજગત શુભ કે શુદ્ધ ભાવોથી ભરેલું ન હોય, જો તે કલુષિત હોય તો તેના કર્મનો અનુબંધ સારો નહિ પડવાનો. તેથી તો શાસ્ત્રોમાં કહે છે કે **સમ્યગ્દૃષ્ટિ જીવ સંજોગોવશાત્ પાપકર્મ કરે તો પણ તેને પુણ્યનો જ અનુબંધ પડે.**

અનુબંધ એટલે બંધની પાછળ પડતો બંધ. કર્મના બંધ પ્રમાણે જીવાત્માને સુખ-દુઃખ ઈત્યાદિ ભોગવવાનાં આવે પરંતુ જો અનુબંધ સારો પડ્યો હોય તો તે કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે જીવાત્માના ભાવો સારા રહે. સારા એટલે તે પુણ્યકર્મના ઉદયને મમતા વિના (અહંકાર કર્યા વિના) ભોગવે અને પાપકર્મના ઉદયને સમતાપૂર્વક વેદી લે અર્થાત વેઠી લે. પરિણામે માણસ પોતાનાં સુખ-સમૃદ્ધિ કે સફળતાને કારણે અહંકાર કરીને બીજાં પાપકર્મો ન કરે. તે સમજતો હોય છે કે જે મળ્યું છે તે પુણ્યકર્મના ઉદયને કારણે છે. પુણ્યકર્મ પરવારી જશે તો બધું ચાલ્યું જવાનું. તો પછી મળ્યાનો ગર્વ શો કરવો ? જો પાપકર્મનો ઉદય આવી ગયો હોય તો તે વિચારે : મારાં જ કરેલાં કર્મો સામે આવ્યાં છે તો એમાં બીજાનો શા માટે દોષ કાઢવો અને તેને નિંદવો ? આવા ઉદાત્ત ભાવો અને અભિગમ સાથે જે વ્યક્તિ જીવતી હોય તેની પ્રવૃત્તિ પણ સારી અને સૌને સુખદ બની રહે તેવી થવાની. આમ વળી પાછાં તે સારાં કર્મ કરવાનો તેથી પુણ્યકર્મના બંધની અને ઉદયની પરંપરા ઊભી થતી રહેવાની.

જો કંઈ કરતી વખતે માણસનું ભાવજગત ધૂંધળું હોય, તેની રુચિ પાપની હોય, જીવનનો અભિગમ તદ્દન સ્વાર્થનો હોય, દેવ-ગુરુ-ધર્મ જેવાં તત્ત્વોમાં તેને શ્રદ્ધા ન હોય તો તે જયારે કર્મબંધ કરે છે ત્યારે તેની સાથેનો અનુબંધ પાપનો પડે છે; પછી ભલે તે માણસ તે વખતે કોઈ સારું કે પરોપકારનું કામ કરતો હોય અને તેનો કર્મબંધ પુણ્યકર્મનો પડતો હોય. પરિણામે જયારે તે કર્મ ઉદયમાં આવશે ત્યારે તે અહંકારથી છકી જવાનો અને એવાં કર્મ કરવાનો કે જેને પરિણામે તેને પાપકર્મના જ બંધ પડતા રહેવાના અને આમ પાપકર્મોના બંધની પરંપરા સર્જાવાની, જે લાંબે સમયે જીવાત્માને

પતનના માર્ગે દોરી જવાની. વળી આવી વ્યક્તિને પાપકર્મનો ઉદય થયો હોય તો વાત ઘણી વિપરીત બની જવાની. એક તો તે પાપ ભોગવતો હશે અને તેના ભોગવટા દરમિયાન વધારે ને વધારે પાપપ્રવૃત્તિ કરવાનો. પરિણામે તેના જીવનમાં પાપની પરંપરા ચાલવાની. આવી વ્યક્તિને છુટકારાની આશા ઓછી.

આ વાત ઉપરથી એ સમજાશે કે પાપકર્મ તો એક વાર માર ખવડાવે અને દુ:ખી કરે પણ પાપનો અનુબંધ વારંવાર પાપ કરવાની પરંપરા સર્જવાનો અને તે જીવાત્માને પતનની ખીણમાં ધકેલતો જવાનો. તેથી ઊલટું જો જીવાત્મા પુણ્યકર્મનો અનુબંધ કરતો રહેતો હશે તો તે પુણ્ય ભોગવવાનો અને પુણ્યની પરંપરા સર્જવાની. પરિણામે ઉત્તરોત્તર તેનું ઊર્ધ્વારોહણ થવાનું.

જેનું ભાવજગત સ્વસ્થ હોય છે, જેની પાસે સમ્યગ્‌દર્શન હોય છે તે પાપ કરે તો પણ તેનો અનુબંધ પુણ્યનો જ હોય. જેનું દર્શન અશુદ્ધ હોય છે, જે અવળું જ જોતો હોય અને તે પુણ્યકર્મ કરે તો પણ તેને અનુબંધ પાપનો પડવાનો. અનુબંધનો આધાર માણસની સમ્યગ્‌દૃષ્ટિ ઉપર વિશેષ હોય છે. તેને માણસના ભાવજગત સાથે વધારે સંબંધ રહે છે.

અધ્યાત્મમાર્ગના યાત્રીઓ જાણે છે કે જીવનમાં જો કંઈ કરવા જેવું હોય તો તે કર્મથી બચવાનું. પાપકર્મથી તો બચવાનું જ, પણ પરંપરાએ પુણ્યકર્મને છોડીને કર્મરહિત થવાનું. **કર્મસહિત જીવ એટલે સંસાર, કર્મરહિત જીવ એટલે મોક્ષ – પરમાત્મ અવસ્થા.**

અનુબંધને ધ્યાનમાં રાખીને જ્ઞાનીઓએ તેનું ચાર ભાગમાં વિભાગીકરણ કર્યું છે. જે રસપ્રદ છે અને સમજીને ચાલીએ તો તે ઘણું ઉપકારક બની રહે તેવું છે. આ ચાર ભાગ છે : (૧) પુણ્યાનુબંધી પુણ્ય (૨) પાપાનુબંધી પુણ્ય, (૩) પુણ્યાનુબંધી પાપ અને (૪) પાપનુબંધી પાપ. આમ તો આ વાત આપણી પ્રત્યક્ષ હોય છે પણ આપણું તેના ઉપર જોઈએ એવું ધ્યાન જતું નથી.

પુણ્યાનુબંધી પુણ્ય એવું હોય કે જેમાં કર્મનો બંધ પુણ્યનો પડ્યો હોય અને તેનો અનુબંધ પણ પુણ્યનો પડ્યો હોય. આવું કર્મ ઉદયમાં આવે ત્યારે માણસ ભોગવે પુણ્ય જેને લીધે તેને સુખ, સંપત્તિ, સંતતિ બધું મળ્યું હોય અને તેના ભોગવટા દરમિયાન તેની વૃત્તિ અને પ્રવૃત્તિ એવી હોય કે તે પુણ્યકર્મો જ કરતો રહે. તેને કારણે બીજા ભવોમાં વળી પાછી તેને પુણ્યની

સામગ્રી જ મળી રહે. આમ જીવાત્મા ઉત્તરોત્તર આગળ જ વધતો જાય.

પછી આવે છે પાપાનુબંધી પુણ્ય. જેમાં ભોગવાય પુણ્ય અને અનુબંધ પાપનો પડે. આ પ્રકારમાં હાલના મોટા ભાગના અગ્રણીઓ આવી જાય છે. તેઓ આજે પુણ્યકર્મના ઉપાર્જનથી થતા લાભો : સત્તા-સંપત્તિ-સંતતિ-કીર્તિ વગેરે ભોગવે છે, પણ તેમનું ભાવજગત સંકુચિત, સ્વાર્થી, ગણતરીબાજ હોવાને કારણે તેમને પાપનો જ અનુબંધ પડવાનો. વળી સત્તા અને સંપત્તિ બંને હોવાને કારણે તેમનો વગ-વસીલો વધારે હોય છે. તેને કારણે તેઓ એવાં પાપકર્મ કરતા હોય છે કે જેનો બંધ પણ ગાઢ પડવાનો અને તે કર્મ ઉદયમાં આવે ત્યારે તેમને ઘણાં દુઃખ ભોગવવાં પડવાનાં. આવા લોકો વ્યવસ્થિત રીતે રસ રેડીને મોટે પાયે પાપ કરતા હોય છે તેથી તેમને રસબંધ પણ આકરો પડવાનો.

ત્યારપછી છે પુણ્યાનુબંધી પાપ. જેમાં જીવ ભોગવે છે પાપકર્મનાં ફળ પણ બાંધે છે પુણ્ય. વાત વિપરીત લાગે તેવી છે, પણ સૂક્ષ્મ છે. પાપકર્મનો ઉદય આવે ત્યારે આવા લોકો દુઃખમાં જીવતા હોય. તેમની શક્તિ અને બુદ્ધિ પ્રમાણે તેમને મળતું ન હોય, તેમની કદર થતી ન હોય છતાંય તેઓ કોઈનો દ્વેષ કરતા નથી, કોઈની નિંદા કરતા નથી. પોતાની પરિસ્થિતિ માટે તેઓ પોતાનાં જ પૂર્વકૃત કર્મનો-ભાગ્યનો દોષ કાઢે છે અને અન્યને તો તેઓ નિમિત્ત ગણે છે. આવા લોકો આવેલ આપત્તિઓ સમતાથી ભોગવે છે તેથી તેમને અનુબંધ પુણ્યનો જ પડતો હોય છે. જે કાળક્રમે ઉદયમાં આવતાં તેમને ભાવિમાં સારા દિવસો જોવા મળવાના.

પછી આવે છે કનિષ્ટમાં કનિષ્ટ કર્મ જે પાપાનુબંધી પાપનું છે. તે વેળાએ માણસ ભોગવે છે પાપકર્મ અને તે વેળાએ તેની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ પણ એવી હોય છે કે તે વધારે ને વધારે પાપ કરતો રહે છે. ઉદાહરણ તરીકે લઈએ તો અમુક લોકોનો જન્મ ગંદી ગલીઓમાં અને ગુનેગાર માતા-પિતાની કુખેથી થયો હોય છે. જન્મથી જ તેમને સારા સંસ્કાર મળ્યા હોતા નથી. તેઓ પાપ વચ્ચે જન્મે છે અને પાપ કરીને જ જીવે છે. તેમનો તો આ ભવ અને પરભવ બંને બગડેલા હોય છે. આવા જીવોનું પરંપરાએ પતન થતું રહે છે અને તેઓ વધારે ને વધારે દુઃખી થતા રહેવાના.

આ ચારેય અનુબંધો વિશે જે ચર્ચા કરી છે તે તેને આધીન થવા માટે નહિ પણ અનુબંધની વાત સમજીને હવે પછી પાપનો અનુબંધ તો આપણને ન જ પડે એટલા સજાગ રહેવા માટે અને તે પ્રમાણે જીવનનો અભિગમ રાખવા માટે કે કેળવવા માટે. ભલે કદાચ સંજોગોવસાત્ આજે પાપકર્મમાં પગ હોય, પણ હૈયુ કૂણું હોય, તેમાં સૌના કલ્યાણનો ભાવ હોય, જીવ પ્રત્યે દયા હોય, રાગ-દ્વેષ ઘણા પાતળા પડી ગયેલા હોય તો આપણને અનુબંધ તો પુણ્યનો જ પડે.

પશુપક્ષીના ભવમાં તો જીવ આવો પુરુષાર્થ કરી શકતો નથી પણ મનુષ્યભવ પામીને આપણે આટલું ન કરીએ તો તો એમ જ કહેવાય કે હાથમાં આવેલી બાજી આપણે હારી ગયા. જીવનમાં કર્મ તો પ્રત્યેક પળે બંધાતાં રહે છે પણ તેનો અનુબંધ પુણ્યનો જ પડે એટલું કરીએ તો પણ ક્યાં?

---

## ૯. કર્મ સર્વસત્તાધીશ નથી

કર્મના બંધની અને અનુબંધની અસરોની આટલી ચર્ચા કર્યા પછી કદાચ કોઈ એમ માની લે કે આ સંસારમાં સર્વ કંઈ કર્મસત્તા જ છે. રખે, આવું માનવાની ભૂલ કરતા. કર્મ એ પ્રબળ સત્તા છે, પણ સંસારમાં તે એક જ નથી. સકળ સંસારને અસર કરનાર અન્ય સત્તાઓ પણ અસ્તિત્વમાં છે જેના ઉપર કર્મનો કોઈ અંકુશ નથી. આ સત્તાઓ - પરિબળો છેઃ **કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, પૂર્વકૃત કર્મ** (પ્રારબ્ધ) અને **પુરુષાર્થ.** આ પાંચેય સત્તાઓમાં એક પુરુષાર્થ જ આપણા હાથમાં છે. જેના જોરે આપણે જીવનને સુખી, સમૃદ્ધ અને પ્રસન્ન રાખવા માટે મથ્યા કરીએ છીએ. પુરુષાર્થ એટલે આજનું કર્મ. ગઈકાલનું ભૂતકાળનું કર્મ એ આપણું પ્રારબ્ધ. આપણા પ્રારબ્ધને આગળના જન્મોમાં આપણે આપણા હાથે જ ઘડ્યું હોય છે જે આજે આપણી સામે આવીને ઊભું રહે છે. આમ જોઈએ તો અસ્તિત્વની પાંચ સત્તાઓમાંથી ત્રણ સત્તાઓ કાળ, સ્વભાવ અને ભવિતવ્યતા સાથે આપણે કંઈ કરી શકીએ તેમ નથી. તેમનો તો તે જેમ આવે તેમ સ્વીકાર કર્યા વિના આપણે છૂટકો થતો જ નથી. એનો અર્થ એ થયો કે આપણું સમસ્ત જીવન પ્રારબ્ધ અને પુરુષાર્થ વચ્ચેના સંઘર્ષ જેવું બની રહે છે. એ સંઘર્ષમાં કોઈ એક વખત પુરુષાર્થ સફળ થઈને ઉપર આવી જાય તો કોઈ વખત પ્રારબ્ધ પુરુષાર્થને દબાવીને ઉપર આવી જાય.

**કાળ** એક એવી સત્તા છે કે ભગવાન કે ભગવાન સમકક્ષ બની રહેલ મહાત્માઓને પણ તેને આધીન થવું પડે છે. કાળ ઉપર કોઈનુંય નિયંત્રણ ચાલતું નથી : ભગવાન શ્રીકૃષ્ણ હોય કે ભગવાન મહાવીર હોય કે પછી ભગવાન બુદ્ધ હોય. સૌનેય કાળને આધીન થવું પડે અને શરીર છોડવું પડે. જેને જગતે ફરિસ્તાઓ તરીકે જાણ્યા હતા તેઓ પણ આજે ક્યાં છે ? કોઈ કાળને પાછો ઠેલી શક્યું નથી.

કરોડો કે અબજો વર્ષોથી કાળચક્ર ચાલ્યા જ કરે છે. સવાર થાય છે, સાંજ થાય છે, રાત્રિ થાય છે અને વળી પાછી સવાર. તે પ્રમાણે ઋતુઓ થયા

કરે છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું. કોઈ આદેશ કરતું નથી કે કરી શકતું નથી. બધું એની મેળે ચાલ્યા જ કરે છે. બધું સ્વયંસંચાલિત. એમાં અત્યંત લબ્ધિવાળા દેવો પણ વિક્ષેપ કરી શકતા નથી. ત્યાં માનવીની વિસાત શી?

સમય એ કાળનો જ નાનો ઘટક છે. જેની અસરો આપણને સ્પષ્ટ વર્તાય છે. જમીનમાં પડેલ બીજમાંથી અંકૂર ફૂટી તેમાંથી છોડ બની વૃક્ષ બનવા માટે સમય જોઈએ. માતાના ઉદરમાં આવેલ જીવને ભવ પ્રમાણે શરીર ઘડવા માટે અને તેનો પ્રસવ થવા માટે પણ અમુક સમય આવશ્યક હોય છે. સમય જતાં બાળક પુખ્ત થાય. એમાંથી પ્રૌઢ બને અને છેવટે વૃદ્ધ બનીને મરણાધીન થાય. આ બધું કાળને કારણે બને છે. કાળની સામે માણસનો પુરુષાર્થ ન ચાલે.

સંસારમાં બીજી સત્તા **સ્વભાવસત્તા** છે. દરેક વસ્તુને તેનો સ્વભાવ હોય છે. અહીં વસ્તુ શબ્દ વિશાળ અર્થમાં લેવાનો છે. જડ પદાર્થોનો સ્વભાવ ધીમે ધીમે ગલન અને વિગલન થવાનો છે. તેમાં કાળની પણ અસર હોય છે. ત્રસ જીવનો સ્વભાવ સુખ માટે અહીં-તહીં ગતિ કરવાનો - પ્રવૃત્તિ કરવાનો હોય છે. અગ્નિ ગરમ છે, તો પાણી શીતળ છે. તેઓ તેમના સ્વભાવમાં વર્તશે. મરચાં તીખાં છે, કેળાં મીઠાં છે. તેઓ તેમનો સ્વભાવ નહીં છોડે. એક જ જમીનમાં જો મરચાં વાવ્યાં હશે અને કેળાં વાવ્યાં હશે, એક જ પ્રકારનાં ખાતર-પાણી તેમને મળ્યાં હશે તો પણ છોડ ઉપર જે મરચાં બેસશે તે તીખાં હોવાનાં અને કેળ ઉપર બેઠેલાં કેળાં મીઠાં નીવડવાનાં.

ગમે તેટલું ખાધું હશે તો પણ બકરી બાજુની વાડમાં માથું નાખીને કંઈ મોઢામાં નાખ્યા કરવાની; ઉપકાર કરનારને પણ વીંછી ડંખ્યા વિના નહીં રહેવાનો અને કૂતરાં ભસ્યા વિના નહીં રહેવાનાં. સંસારનો સ્વભાવ છે સર્જન, વિસર્જન અને વળી પાછું સર્જન. તેથી તત્ત્વજ્ઞો કહે છે કે **સંસાર એટલે પુનરાવર્તન** અને **ધર્મ એટલે પરિવર્તન**. ધર્મ જીવનું પરિવર્તન કરી તેને દેવ પણ બનાવે - પરમાત્મા પણ બનાવે.

હવે જો આપણે એમ ઇચ્છીએ કે વસ્તુના સ્વભાવને આપણે બદલી નાખીએ અને તે માટે પુરુષાર્થ કરતા રહીએ તો તેમાં આપણે ક્યારેય સફળ થવાના નથી. સૂર્યને પશ્ચિમમાં નહીં ઉગાડી શકીએ, પૃથ્વીની ગતિને બદલી નહીં શકીએ. કર્મસત્તા, સ્વભાવ- સત્તા સામે પાંગળી છે.

ત્રીજી સત્તા **ભવિતવ્યતા**ની છે. ભવિતવ્યતાને કેટલાક નિયતિ કહે છે. બધા શબ્દોના ખેલ છે. આપણે પૂર્વકૃત કર્મોને નિયતિ કહી છે. કારણ કે તેનાથી ભાગ્ય નિયત – નિશ્ચિત થયેલું હોય છે. જ્યારે ભવિતવ્યતા એટલે એવી ઘટના કે તે ક્યારે બનશે, કેવી રહેશે, કેમ બની તે વિશે કોઈ કહી શકે નહીં. તે તેનો પ્રભાવ બતાવીને જ રહે. તેને Cosmic pnenomenon કહી શકાય.

સંસારમાં આટલા બધા જીવો કેમ છે? આટલી સૂર્યમાળાઓ કેમ છે? આટલા તારાઓ અને નક્ષત્રો કેમ? તેનો કોઈ ઉત્તર નથી. અત્યારે આપણી પૃથ્વી આકાશમાં અધ્ધર લટકેલી છે. જો તે સહેજ સૂર્યની તરફ સરકે તો સળગી જાય અને સૂર્યથી જરા વધારે દૂર જાય તો ઠરી જાય. પૃથ્વીને અહીં જ અટકવાનું કેમ થયું? તેનો કોઈ જવાબ નથી. ધૂમકેતુ ક્યાંકથી આવીને પૃથ્વીને અથડાઈને તેને ગબડાવી પાડે કે અન્ય રીતે વિનાશ વેરે તો તેમાં આપણું કંઈ ચાલે નહીં. આ બધાને ભવિતવ્યતા તરીકે ઓળખાવવી રહી. અજ્ઞાત પરિબળોને કારણે સંસારમાં જે ઘટિત થાય અને સકળ જીવસૃષ્ટિને તેને કારણે જે સહન કરવું પડે તેમાં કર્મને વચ્ચે લવાય જ નહીં. તેની સામે માનવીનો પુરુષાર્થ કંઈ કરી શકે નહીં. અહીં કર્મની કોઈ ચાવી લાગે નહીં. બસ, આ બધું આમ છે અને આમ બન્યું કે બને છે – તે સિવાય માનવી બીજું કંઈ કહી શકે નહીં.

આવી ઘટનાઓનો ઉત્તર આપવાનું અશક્ય હોવાને કારણે ધર્મોએ આ વાતને ભગવાનને હવાલે નાખી છે. જેવી ઈશ્વરેચ્છા. વાસ્તવિકતામાં જીવસૃષ્ટિનું નિકંદન નીકળી જાય એવી ઇચ્છા ભગવાનની ન હોય. જો તે તેમ કરે તો તેની ભગવત્તા લાજે. ટૂંકમાં કાળ, સ્વભાવ અને ભવિતવ્યતાની સત્તાઓ ઉપર કર્મનો કોઈ પ્રભાવ પડે નહીં. આ ત્રણ સત્તાઓ સમક્ષ શિર ઝુકાવીને તેમનો સ્વીકાર કર્યા સિવાય આપણે બીજું કંઈ કરી શકીએ નહીં.

હવે પછી આવે છે **પૂર્વકૃતકર્મ** – જે પ્રારબ્ધ બનીને સામે આવે છે. એક રીતે જોઈએ તો આપણું જીવન પ્રારબ્ધ અને **પુરુષાર્થ** (એટલે કે વર્તમાન કર્મ) વચ્ચેના સંઘર્ષમાં જ વ્યતીત થતું રહે છે. આપણે જોઈ ગયા કે કર્મ એ એક દ્રવ્ય છે (પુદ્‌ગલ). જે જડ પરમાણુઓનું બનેલું હોય છે. જીવના સુખ-દુ:ખનું કારણ કર્મ છે અને કર્મ કરનાર જીવાત્મા છે – જે ચેતન છે. વાસ્તવિકતામાં આ સંઘર્ષ જડ અને ચૈતન્ય વચ્ચેનો છે. પૂર્વકૃત કર્મ અર્થાત્

પ્રારબ્ધને કારણે આપણે જે સહન કરવાનું આવ્યું હોય છે તેને પાછું હઠાવીને કે તેને અનુકૂળ રહીને આપણે સુખ શાન્તિ અને સમૃદ્ધિ માટે સતત પ્રયાસ કરતા રહીએ છીએ. કર્મની સત્તા એ પદાર્થની છે જે જડ છે અને પુરુષાર્થ કરનાર ચૈતન્ય સત્તા છે. ચૈતન્ય સત્તા જો એક વાર કર્મસત્તાનો પરાજય કરીને કર્મરહિત થઈ જાય તો પછી તેને સંસારમાં રખડવું પડે નહીં અને પછી ચૈતન્યસત્તા તેના સ્વભાવમાં અવસ્થિત થઈ જાય. ચૈતન્યનો મૂળ સ્વભાવ અસ્તિત્વના આનંદમાં રહેવાનો છે પણ કર્મના સંગથી તેનો એ સ્વભાવ બદલાઈ ગયો છે. જડ એવું કર્મ, ચૈતન્યના સ્વભાવને દબાવીને તેને રખડાવીને કેવી રીતે દુ:ખી કરે છે તે વાત આપણે આગલાં પ્રકરણોમાં વિગતે કરેલી છે.

વાસ્તવિકતામાં આપણે બે સત્તાઓ સાથે જ નિસબત છે કારણ કે બીજી ત્રણ સત્તાઓ સામે આપણું કંઈ નીપજે તેમ નથી. એ ત્રણ સત્તાઓની શરણાગતિ આપણે સ્વીકારવી જ રહે. વળી એય ખરું કે જાણતાં-અજાણતાં આ બીજી ત્રણ સત્તાઓનો સ્વીકાર કરીને આપણે જીવતાં શીખી જ ગયા હોઈએ છીએ.

હવે આપણને એ વિચાર આવ્યા વિના ન રહે કે શું આપણે કાયમ માટે આમ સંઘર્ષ કરતા જ રહેવાનું? ખરેખર કહીએ તો કર્મની વ્યવસ્થા સમજવા માટે આ જે પુસ્તક લખ્યું છે તે કર્મને આધીન થવા માટે નહિ પણ કર્મને પરાજય આપીને તેની ચુંગાલમાંથી બહાર નીકળી જવા માટે. આપણી ધર્મક્રિયાઓના હાર્દમાં જઈએ તો તેની પાછળ આ વાત રહેલી દેખાય છે અને જાણતાં અજાણતાં તે સધાઈ જાય છે. જો આપણે ભાવથી અને જ્ઞાનસહિત ધર્મક્રિયાઓ કરતા રહીએ તો વળી તેનું ફળ સત્વરે મળે અને આપણે કર્મથી મુક્ત થતા જઈએ.

ભલે કર્મસત્તા ઘણી પ્રબળ હોય પણ તે જડની સત્તા છે. જ્યારે પુરુષાર્થ કરનાર ચૈતન્ય સત્તા છે. આમ જોઈએ તો જડને શક્તિશાળી બનાવનાર છેવટે ચૈતન્ય સત્તા છે. માનવીની ચેતનાએ જ પરમાણુ બૉમ્બ શોધી કાઢ્યો. જે ચેતના વિનાશનાં સાધનો શોધી વિનાશ વેરી શકે તે ચેતના જો સર્જનને માર્ગે વળે તો ઘણું સર્જન પણ કરી શકે. જો તે ચેતના કર્મથી રહિત થવા માટે કટિબદ્ધ થાય તો તે પણ તે સિદ્ધ કરી શકે. **ભલે પ્રત્યેક જીવ સિદ્ધ ન થઈ શકે, પણ પ્રત્યેક જીવમાં પરમાત્મા થવાની સંભાવના તો રહેલી જ છે.**

કર્મ શક્તિશાળી છે પણ ચૈતન્ય તેના કરતાં અનંત શક્તિશાળી છે. જો તે જાગે તો તે કર્મનો પરાભવ કરીને અનંત આનંદમાં સ્થિતિ કરી શકે. જડને શક્તિ આપનાર આપણે જ છીએ. બાકી જડ પાસે પુરુષાર્થની શક્તિ નથી. પુરુષાર્થ કરવાની શક્તિ ચેતન એવા જીવાત્મા પાસે છે. પણ કરુણ વાત એ છે કે એ શક્તિ મોટે ભાગે સુષુપ્ત રહે છે અને તેને કારણે જીવ સંસારમાં રખડ્યા કરે છે. ભલે જીવ અને જડનો સંયોગ અનાદિ કાળનો રહ્યો હોય પણ જડ એ જડ જ રહેવાનું અને ચૈતન્ય એ ચૈતન્ય જ રહેવાનું. છતાંય બંનેનો પ્રભાવ એકબીજા ઉપર પડતો જ રહેવાનો. છેવટે કર્મને કર્મથી મારી હઠાવી તેનાથી કાયમ માટે મુક્ત થઈ જવા માટે જ આ 'કર્મસાર' છે.

---

# ૧૦. વાસ્તવિકતા અને માન્યતા

કર્મની નીતિ-રીતિ અને પ્રભાવની આટલી વાતો કર્યા પછી બે-ચાર વાતોની ચર્ચા કરી લેવી જરૂરી લાગે છે કારણ કે તે બાબત સૌને સ્પર્શે છે અને તેની ગેરસમજને કારણે લોકો તેનો ભોગ બને છે.

એમાં એક પ્રધાન વાત મૃત્યુની છે. બહુજન સમાજમાં એવી માન્યતા પ્રચલિત છે કે મૃત્યુનાં ઘડી-પળ-તિથિ-સ્થળ વગેરે નક્કી જ હોય છે અને તે કોઈ મિથ્યા કરી શકતું નથી. આવી માન્યતા આરૂઢ થવાનું કારણ કેટલેક અંશે મનોવૈજ્ઞાનિક છે. તેનાથી માણસને એક સાચો-ખોટો સધિયારો મળી રહે છે કે મોત તો નક્કી છે એટલે હવે આપણે જેમ કરવું હોય તેમ મોજથી કર્યા કરો. પરિણામે લોકો ખાવા-પીવામાં સાચવતા નથી, વ્યસનો કરતાં પાછા પડતા નથી અને રાત-દિન જોયા વગર ગમે ત્યારે પ્રવાસે નીકળી પડે છે.

આવી જ એક એવી માન્યતા લોકારૂઢ થયેલી છે કે યાત્રાએ જતા હોઈએ કે ભગવાનના દર્શને જતા હોઈએ એટલે ભગવાન આપણું રક્ષણ કરતા રહે. આ માન્યતાને કારણે લોકો ગમે તે વખતે અને ગમે તે ઝડપે યાત્રાએ જવા નીકળી પડે છે. આપણે જાણીએ છીએ કે કેટલાય અકસ્માતો યાત્રાએથી મોડી રાત્રે પાછા ફરતાં થાય છે અને માણસો મરે છે.

જો કર્મની વ્યવસ્થાથી આપણે સુપેરે પરિચિત હોઈએ તો આપણે આવી ભૂલ ન કરીએ અને વ્યવસ્થિત રીતે જીવીએ જેથી અકાળે થતા મૃત્યુમાંથી બચી જઈએ.

આપણે આગળ ચર્ચા કરી ગયા કે કર્મનો ચાર પ્રકારે બંધ પડે છે. તેમાં એક પ્રદેશબંધ છે. પ્રદેશબંધ એટલે કર્મના કેટલા પરમાણુઓ જીવ તે વખતે ગ્રહણ કરે છે. જીવ જ્યારે આયુષ્યકર્મનો બંધ કરે છે ત્યારે તે અમુક જથ્થામાં (Quantity માં) આયુષ્યના પરમાણુઓ ગ્રહણ કરે છે. જેની પાસે આયુષ્યના પરમાણુઓ વધારે હોય તેનું આયુષ્ય સામાન્ય રીતે લાંબું રહે અને ઓછા હોય તેનું આયુષ્ય ટૂંકું રહે - તેમ માની શકાય. આપણા પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ સાથે આયુષ્યના પરમાણુઓ ભોગવાતા જાય છે અને ઓછા થતા જાય છે -

વૃદ્ધાવસ્થા વખતે આપણી પાસે સૌથી ઓછા પરમાણુઓ રહેલા હોય છે અને મરણ સુધીમાં તો બધા જ પરમાણુઓ ભોગવાઈ જાય છે.

પરંતુ દરેક જીવાત્મા બાંધેલું આયુષ્ય ભાગ્યે જ ભોગવે છે કારણ કે તે મિથ્યા આહાર-વિહાર અને વ્યસનો કરીને તનાવગ્રસ્ત રહીને વધારે પ્રમાણમાં આયુષ્યના પરમાણુઓનો વ્યય કરતો રહે છે. જો માણસ સંયમમાં જીવતો હોય તો તેના આયુષ્યના પરમાણુઓ ઓછા વપરાય અને તે બાંધેલું આયુષ્ય ધીમે ધીમે ભોગવે. અત્યારે તબીબી વિજ્ઞાનની શોધોને કારણે આપણને આયુષ્ય લંબાતું દેખાય છે, પણ વાસ્તવિકતામાં તેનાથી આયુષ્યના પરમાણુઓના વપરાશનું નિયમન થાય છે અને તેના વ્યયનો વેગ ઘટી જાય છે.

જીવે આગળના ભવમાં આયુષ્યના પરમાણુઓ ગ્રહણ કરીને આ ભવનું આયુષ્ય બાંધ્યું હોય છે. જો તે વખતે આ પરમાણુઓનો જીવ સાથે બંધ શિથિલ પડ્યો હોય તો પણ આ પરમાણુઓ જલદી જલદી જીવાત્મા ઉપરથી ખરી પડે છે અને આયુષ્ય વહેલું પૂરું થઈ જાય છે. વળી જો અકસ્માત થાય તો જીવાત્માને લાગેલા આયુષ્યના પરમાણુઓ હચમચી જાય છે અને જીવનો સંગ છોડીને ખરી પડે છે તેથી આયુષ્ય પૂરું થઈ જાય છે. જે જીવે આયુષ્યના પરમાણુઓનો બંધ સજ્જડ કર્યો હોય છે તે જીવ અકસ્માત જીરવી જાય છે કારણ કે આયુષ્યના પરમાણુઓ જલદીથી જીવથી અલગ થઈ જતા નથી. **આપણે જેને મૃત્યુ કહીએ છીએ તે વાસ્તવિકતામાં આયુષ્યના પરમાણુઓનું જીવથી અલગ થવાનું છે. આમ આયુષ્યનો આધાર જીવે આયુષ્યકર્મના કેટલા પરમાણુઓ ગ્રહણ કર્યા છે અને તેનો જીવ સાથેનો બંધ કેટલો દઢ કે શિથિલ છે તેના ઉપર છે.** કર્મનો પ્રદેશબંધ જીવના મન-વચન અને કર્મના યોગોને કારણે થાય છે અને તે બંધ કેટલો ગાઢ પડે છે – તેનો આધાર તે વખતનાં જીવાત્માનાં પરિણામો (કષાય ઈત્યાદિ) ઉપર રહે છે.

જો કર્મના સિદ્ધાંતને - તેના કર્મબંધને બરોબર સમજ્યા હોઈશું તો ધરતીકંપ - સુનામી જેવી કુદરતી હોનારતો વખતે થતાં મૃત્યુઓને યથાર્થ સમજી શકીશું. આ જ વાત ત્રાસવાદીઓ દ્વારા થતા બૉમ્બ-બ્લાસ્ટ, રેલવે અને પ્લેનો વગેરેના અકસ્માતોને પણ લાગુ પડે છે. તે વખતે મરનાર માણસોનાં આયુષ્ય પૂરાં થયેલાં હોતાં નથી, પણ અકસ્માતને કારણે જીવને જે વ્યાઘાત નડે છે તેનાથી તેની સાથે રહેલા આયુષ્યના પરમાણુઓ ભેગા થઈ જાય

છે અને એક સાથે ભોગવાઈ જાય છે. તેનો અર્થ એ થયો કે જો માણસ તે વખતે ત્યાં ન હોત તો બચી ગયો હોત અને પછી બાંધેલું આયુષ્ય આગળ ઉપર ભોગવી શક્યો હોત. આવી હોનારતો અને અકસ્માતોનો ભોગ બનનાર માણસોનાં આયુષ્ય તે વખતે પૂરાં થઈ ગયેલાં હોતાં નથી; પણ આઘાત-પ્રત્યાઘાતથી તે આયુષ્ય ભોગવાઈ જાય છે જે ભોગવતાં કદાચ વર્ષો લાગ્યાં હોત. આવા અકસ્માતોમાંથી ક્યારેક કેટલાક બચી જાય છે તેનું કારણ એ હોય છે કે તે જીવોના આયુષ્યકર્મનો બંધ સજ્જડ હોવાને કારણે તેઓ અકસ્માતના આઘાત-પ્રત્યાઘાતને જીરવી ગયા હોય છે.

આવી હોનારતોનું કારણ વ્યક્તિગત કર્મોમાં નથી હોતું; પણ કર્મ સિવાયની જે બીજી ત્રણ સત્તાઓની આપણે ચર્ચા કરી તેના પ્રભાવને કારણે હોય છે. એમાં કાળ અને ભવિતવ્યતા ઘણાં પ્રબળ છે. તેની ગતિ વિશે કોઈ કહી શકતું નથી. અજ્ઞાત અસ્તિત્વનાં તે પરિબળો છે અને તેને એમ જ રહેવા દઈને આપણે જીવવું પડશે. જો તેને ભગવાનનો હવલો આપીશું તો વળી તેમાંથી બીજા ઘણા પ્રશ્નો ઊભા થઈ જશે. અને આમ જોઈએ તો ભગવાન એ પણ અજ્ઞાત અસ્તિત્વ જ કહેવાય ને?

બાકી આ વાત સમજાવવા કેટલાક સામૂહિક કર્મની વાત આગળ કરે છે જે વૈજ્ઞાનિક નથી લાગતી. તે એક સમાધાન જેવી કે દિલાસા જેવી વધારે લાગે છે. જેમની પાસે કર્મના પ્રદેશબંધની વાત જ નથી તેઓ આવી વાત આગળ કરીને ઘટનાને મૂલવવા પ્રયાસ કરે છે. વાસ્તવિકતામાં કર્મ સામૂહિક રીતે બંધાતું જ નથી. કર્મનો બંધ વ્યક્તિગત જ હોય છે અને તેનો આધાર પોતપોતાના કષાયોની માત્રા અને યોગોના પ્રવર્તન ઉપર રહેલો હોય છે.

આવી જ એક વાત થોડીક ધર્મની જાણકારી વાળા કેટલાક લોકોમાં પ્રચલિત છે કે આત્માને કર્મ લાગે જ નહીં. જ્યાં તેને કર્મ લાગે નહીં ત્યાં તેને ભોગવવાનું હોય જ ક્યાંથી? અહીં આપણને પૂછવાનું મન થાય કે તો પછી આ કર્મ કરનાર કોણ અને તેને ભોગવનાર કોણ? અને તેનો જે ઉત્તર મળે છે તે સંતોષકારક નથી હોતો. વેદાંતમાં આ જે વાત કહેવામાં આવી છે તે અમુક દૃષ્ટિબિંદુથી કહેવાયેલી છે. વાસ્તવિકતા એ છે કે શુદ્ધાત્માને કર્મ ન લાગે કારણ કે તેને કષાય હોતા નથી. આપણને લાગે છે કારણ કે આપણો આત્મા કષાયથી રંગાયેલો છે. કર્મરહિત અવસ્થા આપણે પ્રાપ્ત કરવાની છે તે

પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આપણને કર્મ લાગવાનાં અને આપણે તે ભોગવવાં પડવાનાં. શુદ્ધાત્મા એ આપણું લક્ષ્ય છે જે આપણે સિદ્ધ કરવાનું છે અને તે માટે તો આ 'કર્મસાર' છે.

આને જ લગભગ મળતી એક એવી વાત પ્રચલિત છે કે જો માણસ કર્તૃત્વ ભાવમાં ન રહે અને કેવળ સાક્ષીભાવમાં વર્તે તો જીવને કર્મનો બંધ થાય નહીં. વાત વિચાર માગી લે તેવી છે; પણ પ્રશ્ન એ છે કે કેવળ સાક્ષી ભાવમાં આ કાળમાં કોણ જીવે છે ? અને કેટલા વર્તી શકશે ? સાક્ષીભાવ બહુ ઊંચી અવસ્થા છે ત્યાં પહોંચેલ જીવને કષાય ન હોય તેથી કર્મબંધ થવાનું એક કારણ ન રહ્યું, પણ અન્ય કારણો તો ઊભાં રહ્યાં. સાક્ષીભાવમાં સ્થિત જીવને મન-વચન અને કાયાના યોગોનું પ્રવર્તન તો રહે છે જ, જે કર્મબંધનું એક મહત્ત્વનું કારણ છે. અલબત્ત એ રીતે બાંધેલાં કર્મનો ભોગવટો અલ્પ કાળનો હોય. વળી જીવને પ્રમાદ પણ હોય. તેથી કષાયમાં ક્યાંક સરકી પડ્યા વિના ન જ રહી શકે.

તદુપરાંત જીવનના અંતિમ લક્ષ્યની દૃષ્ટિએ એ વાત પણ વિચારવી રહી કે જીવ ભવોભવનાં અનેક જન્મોનાં કર્મો પોતાની સાથે લઈને આવ્યો હોય તેનું શું કરવાનું ? તેનો જ્યાં સુધી નિકાલ ન થાય ત્યાં સુધી જીવાત્મા મુક્તાત્મા ન બની શકે. માટે જીવાત્માએ અન્ય રીતે પુરુષાર્થ કરવાની આવશ્યકતા તો ઊભી જ રહે છે. કેવળ કર્તૃત્વભાવ ન હોવાથી કર્મરહિત થઈને જીવાત્મા મુક્તાત્મા બની જાય તેમ ન કહી શકાય. કર્મ એ સંસારનું પ્રમુખ કારણ છે તેનો પરાભવ કરવા માટે સમ્યગ્‌દર્શન સમ્યક જ્ઞાન અને સમ્યક ચારિત્ર (આચરણ) એમ ત્રણ પાંખિયો વ્યૂહ કરી આગળ વધવું ઈષ્ટ બની રહે છે.

વળી કેટલાક એમ માને છે કે કર્મના ફળનો ત્યાગ કરીને ફળની અપેક્ષા રાખ્યા વિના કર્મ કરતા રહીશું તો કૃતકૃત્ય અવસ્થા સુધી આસાનીથી પહોંચી જઈશું. વાતમાં થોડુંક તથ્ય છે, પણ પૂર્ણ નથી. જીવાત્માને કર્મનો બંધ કરવા, કરાવવા અને કર્મ કરવા પ્રોત્સાહન (અનુમોદના) આપવાથી પડે છે. ફળની અપેક્ષા રાખ્યા વિના કર્મ થાય તો તેનો કર્મબંધ ગાઢ ન પડે પણ 'ક્રિયાએ કર્મ' એ ન્યાયે તેનો કર્મબંધ પડ્યા વિના તો ન જ રહે જેનો ભોગવટો જીવે કરવો જ પડે. હા, એમ માની શકાય કે ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કરનાર જીવ સ્વાભાવિક રીતે શુભ કર્મ જ કરતો રહેવાનો. આવો જીવ અલ્પ કષાયથી

રંજિત (રંગાયેલો) હોવાનો તેનો લાભ તો જીવાત્માને અવશ્ય મળવાનો.

અલબત્ત એ તો આપણે સ્વીકારવું જ પડે કે કર્તૃત્વના ભાવ વિના કર્મ કરવાની વાત અને ફળનો ત્યાગ કરીને કે ફળની અપેક્ષા રાખ્યા વિના કર્મ કરવાની બંને વાતો કર્મરહિત અવસ્થાના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવા માટે સહાયરૂપ બની શકે તેવી છે.

અહીં આપણે બીજી પણ એક વાત કરી લઈએ. લોકોને ઘણી વખત એમ બોલતા સાંભળીએ છીએ કે ભગવાને ધાર્યું હશે તે થશે. આ કથનથી એક પ્રકારનું આશ્વાસન રહે છે કે આપણે શું કરી શકીએ? ભગવાને જે ધાર્યું હશે તે જ થઈને રહેવાનું. પણ આ કથનને સત્ય માનીને વ્યવહાર કરીએ તો ન ચાલે. સૌ પ્રથમ તો એ જ વાત નથી સમજાતી કે ભગવાન દરેક જીવ માટે આવી ધારણા શા માટે કરે? અને કરે તો તેના માટે સારી જ કરે ને? જો જીવનમાં આ વાત વણાઈ જાય તો પછી આપણે કંઈ કરવાનું રહેતું જ નથી. ભગવાનનું ધાર્યું જ થવાનું હોય તો જીવનમાં આટલો બધો સંઘર્ષ શા માટે કરવો? વાસ્તવિકતામાં કોઈ ઉપર બેસીને આવી ધારણા કરતું નથી. જે કંઈ થાય છે તે આપણાં કર્મ પ્રમાણે. માટે આપણે તો સારાં કર્મ કરતા જ રહેવું. ત્યાર પછી પરિણામ સારું ન આવે તો માનવું કે પ્રારબ્ધ પાસે કર્મનું કંઈ ચાલ્યું નહીં; પરંતુ કરેલું ક્યારેય નિષ્ફળ નહીં જાય. આજે નહીં તો કાલે, આ જન્મે નહીં તો બીજા કોઈ જન્મમાં પણ તેનું સારું ફળ આપણને મળવાનું.

વળી ક્યાંક ક્યાંક એવું બોલવાનો રિવાજ પ્રચલિત છે કે ભગવાને જોયું હશે તે થશે, કારણકે ભગવાને ધાર્યું એમ કહેવામાં તેમના સિદ્ધાંતને બાધ આવે છે. પણ આ તો આગળના કથનની સુધારેલી આવૃત્તિ જેવું કથન છે. બાકી તેનો તાત્ત્વિક અર્થ તો એનો એ જ રહે છે. જો આ વાતનો દોર પકડીને છેક સુધી જઈએ તો પુરુષાર્થ કરતાં અટકી જવાનો વિચાર આવ્યા વિના ન રહે. માટે આપણે તો પરિણામ અનિશ્ચિત છે એમ માનીને સારાં કર્મ કરતાં જ રહેવું. સદ્‌વિચાર અને સદાચારનું પરિણામ સારું જ આવશે. જેવું આપીશું તેવું મોડા-વહેલાં આપણને મળવાનું જ છે.

કોઈ વિચારશીલ વ્યક્તિને એવો પણ વિચાર આવ્યા વિના ન રહે કે જીવ કષાયો કરતો રહે છે., યોગનું પ્રવર્તન કરતો રહે છે કારણ કે તે કર્મથી બંધાયેલો છે. જો તેને કર્મ વળગેલ ન હોય તો તેને કષાયો ન હોત અને મન-વચન-

કાયાના યોગોનું પ્રવર્તન ન હોત. તો જીવે પ્રથમ કર્મ ક્યારે કર્યું-કેમ કર્યું કે જેથી તેને કર્મ લાગ્યાં અને તેનો સંસાર શરૂ થઈ ગયો. ધર્મ આ વાતનો એટલો જ ઉત્તર આપે છે કે અનાદિકાળથી જીવ કર્મથી બંધાયેલો છે અને તે પુરુષાર્થ કરીને કર્મથી છૂટે તો તેનો સંસાર છૂટે. શ્રદ્ધાથી આ વાત લોકો માની લે છે અને તે વિના છૂટકો નથી, પણ તેથી કંઈ પ્રશ્નનું સમાધાન થતું નથી. પ્રશ્ન ઊભો ને ઊભો જ રહે છે. દરેક ધર્મના મૂળમાં આવા પ્રશ્નો મળી આવે છે અને તેને અતિ પ્રશ્નો કરીને બાજુએ મૂકી દેવામાં આવે છે. જો આ પ્રશ્નનો ઉત્તર મળી જાય તો પછી સંદેહને માટે કોઈ અવકાશ રહે જ નહીં. આવા પ્રશ્નોના જે ઉત્તરો મળે છે તે જે તે ધર્મની ધારણાઓ જેવા લાગે અને બિચારા મનુષ્યે છેવટે કોઈ ધારણાને ખોળે માથું મૂકયા વિના ચાલતું નથી. **છેવટે જીવન એક સમાધાન છે. પ્રથમ પગલે કરો કે અંતિમ પગલે કરો. તે વિના છૂટકો જ નથી.**

# ૧૧. અંતિમ લક્ષ્ય

કર્મવાદ ઘણો જ જટિલ વિષય છે; પણ છે વૈજ્ઞાનિક. કર્મગ્રંથોમાં પથરાયેલા વિસ્તૃત જ્ઞાનને અહીં અત્યંત સંક્ષિપ્ત કરીને સરળ ભાષામાં રજૂ કર્યું છે. જેથી ઘણા લોકો તેનો લાભ લઈ શકે. આ પુસ્તક વાંચીને મુકાઈ જશે તો કંઈ ખાસ ફાયદો નહીં થાય. રસ્તો જાણીએ પણ તેના ઉપર ચાલીએ જ નહીં તો ક્યાંય ન પહોંચાય.

માણસનું જીવન સ્વસ્થ-સુખી-સંપન્ન બની રહે તે માટે આ પુસ્તક લખાયેલું છે. આવું સુખી જીવન જીવવું મુશ્કેલ નથી. આજ સુધી આપણે સંસારમાં ઘણું રખડ્યા છીએ, ઘણા પીડાયા છીએ, કારણ કે આપણને કર્મની વ્યવસ્થા વિશેની જાણકારી ન હતી અને કદાચ ક્યારેક હશે તો તે પ્રમાણે જીવ્યા નહીં હોઈએ. આજે આપણે મનુષ્ય ભવમાં છીએ, ઘણી બધી અનુકૂળતાઓ મળેલી છે ત્યારે જો જાગી જઈશું અને કર્મના મર્મને સમજીને જીવવા માંડીશું તો આ ભવ સુધરી જશે અને હવે પછી મળનારા ભવો પણ સુધરી જશે અને એક દિવસ આપણે આ સંસારની જંજાળમાંથી છૂટી જઈશું.

આજે આપણે જે કંઈ છીએ, જેવા છીએ અને જે સુખ-દુઃખ ભોગવીએ છીએ તે આપણાં કર્મને કારણે જ ભોગવીએ છીએ તે વાત જાણ્યા પછી હવે આપણે આપણા સુખનો વિચાર કરીને જ કર્મ કરવાં જોઈએ. કર્મ એટલે ક્રિયા એકલી જ નહીં. મન-વચન અને કાયાથી જે કંઈ થાય તે કર્મ જ બની જાય. વળી આપણે જાતે કર્મ ન કરીએ અને કોઈની પાસે કરાવીએ તો પણ તે કર્મનો બંધ આપણને જ પડે. અરે, એટલું જ નહીં પણ જો કોઈ કર્મ કરતું હોય તો તે જોઈને આપણા મનમાં જે ભાવો ઊઠે તેનોય કર્મબંધ આપણને પડ્યા સિવાય રહે નહીં. તેથી કહેવાય છે કરવું, કરાવવું અને અનુમોદવું તે ત્રણેય રીતે કર્મબંધ પડે છે.

માટે સુખી થવું હોય તો સારું વિચારો, સારું કરો, સારું કરાવો અને સારા કર્મની પ્રશંસા કરો - અનુમોદના કરો. પાપકર્મ કરવું નહીં, કરાવવું નહીં અને કોઈ કરતું હોય તો તે જોઈ-જાણીને રાજી ન થવું. આ સુખની ચાવી છે.

કર્મવાદમાં મૂળ વાત એ છે કે જેટલાં કર્મ વધારે એટલો જીવનનો ભાર પણ વધારે. અનંત કાળથી જીવ સંસારમાં ભટક્યા કરે છે તે કર્મને કારણે. કર્મરહિત થવું મુશ્કેલ છે; પણ જો એક વાર પુરુષાર્થ ફોરવીને જો જીવ કર્મરહિત થઈ જાય તો તે અનંત કાળ માટે સુખમાં અવસ્થિત થઈ જાય. કર્મથી કલુષિત થયેલ આત્મા જીવાત્મા કહેવાય છે. કર્મરહિત થયેલો આત્મા પરમાત્મા થઈ જાય છે. જીવનનું અંતિમ લક્ષ્ય તો કર્મરહિત થવાનું હોવું જોઈએ. પણ આ વાત જો વર્તમાનની સુખ-સુવિધાઓ વચ્ચે વસતા જીવને ન ગમે તો તેણે એટલું તો અવશ્ય કરવું જોઈએ જેથી આ જીવન સુખ-શાંતિ અને સુવિધાપૂર્ણ બની રહે અને હવે પછીના જન્મોમાં આકરાં દુઃખ વેઠવાં ન પડે.

આ સિદ્ધ કરવા માટેનું પ્રથમ ચરણ એ છે કે બને તેટલાં કર્મ ઓછાં કરવાં અને જે કરીએ તે સદ્ભાવથી કરવાં. જીવનમાં જેટલો આરંભ-સમારંભ વધારે તેટલો કર્મનો ભાર વધારે વેઠવાનો આવવાનો. આ કર્મનો ભાર વેઠતાં સારા કરતાં દુર્ભાવ વધારે થવાના, હિંસા વધારે થવાની એટલે તાત્ત્વિક રીતે આ સોદો ખોટનો થવાનો. જેટલા રાગ-દ્વેષના ઉછાળા ઓછા અને મન-વચન અને કાયાનું પ્રવર્તન મર્યાદિત એટલાં કર્મ ઓછાં થવાનાં. અને જેનાં કર્મ ઓછાં તે વધારે સુખી. માટે જીવનમાં જરૂર કરતાં મોટા પથારા ન કરવા. દરેક ધર્મમાં જપ-તપ અને સંયમની વાત થયેલી છે. તેની પાછળનો ગર્ભિત ભાવ બને એટલાં કર્મ ઓછાં થાય અને જે થાય તે શુભ-સારાં જ થાય તેવો હશે.

કર્મની બાબતમાં એક વાત નિશ્ચિત છે કે જે આપીશું, જેવું આપીશું તેવું આપણને મળશે. આજે નહીં તો કાલે, આ ભવમાં નહીં તો હવે પછીના ભવોમાં. માટે બને તેટલાં પુણ્યકર્મ કરવાં અને પાપકર્મોથી દૂર રહેવું. પુણ્યકર્મ કરતી વખતે મનોમન ખુશ થતા રહેવું અને તેની પ્રશંસાનો ભાવ ભાવતા રહેવો જેથી તેનો બંધ ગાઢ પડે. જાણતાં અજાણતાં પાપકર્મ થાય કે કરવું પડે તો તેનો પશ્ચાત્તાપ કરવો જેથી પાપકર્મનો બંધ શિથિલ પડે.

પુણ્યકર્મ કોને કહેવું અને પાપકર્મ કોને માનવું એ બહુ સાપેક્ષ વાત છે પણ તેને સરળતાથી સમજવા માટેની એક ચાવી છે કે જે આપણને ન ગમે તે અન્ય જીવોને પણ ન જ ગમે. માટે કોઈની સાથે એવો વ્યવહાર ન કરવો. જીવમાત્ર સુખ-શાંતિનો ઇચ્છુક છે. આપણને જે ગમતું હોય તે અન્યને પણ

મળે તેવી ઈચ્છા રાખવી અને બને તો તેમાં સહાય કરવી. અહીં આ વાત સારા ભદ્રિક માણસોને લક્ષમાં રાખીને કહેવાયેલી છે - તે ધ્યાનમાં રાખશો. જો આટલું ધ્યાન રાખીને વર્તતા રહીશું તો સ્વભાવિક રીતે પુણ્યકર્મ થતાં રહેશે અને પાપકર્મથી બચતા રહેવાશે. બાકી દરેક ધર્મમાં પુણ્ય-પાપની વાતો વિગતે થયેલી છે. એમાં નીર-ક્ષીરનો તફાવત કરી જાણવો, નહીં તો પુણ્યકર્મને બદલે અનાયાસે પાપકર્મનું ઉપાર્જન થતું રહેશે. ટૂંકમાં સૌનું સુખ એ આપણું સુખ અને સૌનું દુ:ખ એ આપણું દુ:ખ - એમ જે માને છે તેનો પગ પુણ્યમાં જ છે એમ માની શકાય.

બાકી સ્વનો રાગ જેટલો ઓછો અને પરપ્રતિ દ્વેષ જેટલો ઓછો એટલાં કર્મ ઓછાં થવાનાં અને જે થાય તેનો બંધ ગાઢ નહીં પડવાનો.

બંધની વાત કરીએ ત્યારે અનુબંધની વાત લક્ષ બહાર ન રહેવી જોઈએ. જેની રુચિ ધર્મ પ્રતિ હોય છે, જીવન પ્રત્યેનો અભિગમ જેનો સ્વસ્થ હોય છે, અન્ય જીવોના સુખે જે સુખી થતો હોય છે અને અન્યનું દુ:ખ જોઈને જેને દુ:ખ લાગતું હોય છે, જેનામાં રાગ-દ્વેષ અલ્પ હોય છે, જીવનનું જેને યથાર્થ દર્શન હોય છે (સમ્યગ્દર્શન) તેવી વ્યક્તિને મોટે ભાગે અનુબંધ પુણ્યનો જ પડે છે. પછી ભલેને તેને ન છૂટકે પાપકર્મના ભાગીદાર થવું પડ્યું હોય. આવી વ્યક્તિ ક્યારેય રાચી-માચીને અર્થાત્ કે આનંદપૂર્વક પાપ ન કરે. પાપનો તેને પશ્ચાત્તાપ હોય.

આ તો કર્મની અને કર્મના બંધની વાત થઈ પણ જે કર્મો ઉદયમાં આવી ગયાં હોય તેનું શું કરવાનું? જો ઉદયમાં આવેલ કર્મ, પુણ્યકર્મ હશે તો સુખ-સુવિધાઓ મળતાં રહેવાનાં, યશ મળવાનો, માન-સન્માન થતાં રહેવાનાં - તે સમયે માણસે ગર્વ ન કરવો અને પુણ્યથી મળેલ સમૃદ્ધિનો ઉપયોગ અન્યને દુ:ખ દેવામાં ન થાય તેનું ધ્યાન રાખવું. જો પાપકર્મનો ઉદય પ્રવર્તતો હોય તો દુ:ખમાં દિવસો જવાના, બધેથી નિષ્ફળતા મળવાની, સારું કરવા છતાંય લોકોને અવળું પડવાનું. આવે વખતે હાય-વોય કરી દુ:ખી ન થતાં આવી પડેલ પરિસ્થિતિને સરળતાથી વેઠી લેવી - ભોગવી લેવી. મનમાં એવો વિચાર કરવો કે આજે હું દુ:ખી છું તે મારાં જ કર્મોને કારણે. કોઈ મને શું દુ:ખ આપવાનું હતું? તેઓ તો માત્ર નિમિત્ત જ છે. આમ વિચારી કોઈના તરફ દુર્ભાવ ન સેવવો જેથી વળી પાછો પાપકર્મનો બંધ ન પડે.

માટે કહેવાય છે કે **પુણ્યકર્મના ઉદયને મમતા વિના ભોગવો અને પાપકર્મના ઉદયને સમતાથી વેઠી લો – સહન કરી લો.** તેનો મોટો લાભ એ થાય છે કે કર્મોની પરંપરાથી બચી જવાય છે કે તે ટૂંકાઈ જાય છે.

આપણે આટલું જ કરીને બેસી રહેવાનું નથી. આપણી પાસે કર્મની ગતિ-વિધિ અને રીતિનું જ્ઞાન છે. તેમાં આપણે કરણો વિશે જાણ્યું છે કે જેના દ્વારા સત્તામાં પડેલાં (સ્ટોકમાં પડેલા) કર્મોમાં ફેરફાર કરી શકાય છે. આ કરણોનો યથા-તથા ઉપયોગ કરીને આપણે કર્મમાં સંક્રમણ કરી શકીએ, કર્મના ભોગવટાને ટૂંકાવી શકીએ કે વધારી શકીએ, અનુકૂળતા પ્રમાણે ઉદ્દીરણા કરી શકીએ. આ કરણોનો ઉપયોગ કરવા માટે આંતરિક પુરુષાર્થ કરવો પડે છે અને આંતરિક પુરુષાર્થમાં ભાવ જ મુખ્ય કામ કરે છે. આપણી દાન-શીલ-તપ અને ધર્મની વિવિધ ક્રિયાઓનું તાત્ત્વિક પ્રયોજન સત્તામાં પડેલાં (ઉદયમાં નહીં આવેલ) કર્મોમાં ઉપકારક ફેરફાર કરવાનું હોય છે. આ બાબત આપણે એટલા સભાન ન હોઈએ છતાંય તે ક્રિયાઓ આત્મા માટે ઉપકારક તો બની રહે છે.

કર્મ વિશે આપણે આ પુસ્તકમાં જે ચર્ચા કરી છે તે કર્મની શરણાગતિ સ્વીકારવા માટે નહીં પણ કર્મથી બચવા માટે અને તેનો પરાભવ કરવા માટે છે. કર્મ એ જડ એવા પરમાણુઓની સત્તા છે. કર્મને બળવાન બનાવનાર છેવટે આપણે જ છીએ – આપણી ચેતના છે. જો આપણે જાગી જઈએ અને સમજણપૂર્વક જીવવા માંગીએ તો કર્મ ખસતાં જાય, માર્ગ આપતાં જાય અને જીવાત્મા સફળ થતો જાય. કર્મ બળવાન છે – સમર્થ છે; પણ ચૈતન્ય તેનાથી અધિક બળવાન છે – અતિ સમર્થ છે. જો આપણે બાંધેલાં કર્મને તોડતાં જઈએ, ખસેડતા જઈએ, નવાં આવતાં કર્મને રોકતાં જઈએ અને જે કર્મો ગ્રહણ કરીએ તે મુખ્યત્વે પુણ્યકર્મ જ હોય તેટલું ધ્યાન રાખીએ તો અંતે વિજય આપણો જ થાય.

કર્મને રોકવાની ક્રિયાને સંવર કહે છે. કર્મના વિસર્જનની ક્રિયાને નિર્જરા કહે છે. નિર્જરા સકામ હોય અને અકામ પણ હોય. ઈરાદાપૂર્વક ધર્મક્રિયાઓ કરીને કર્મને ખપાવીએ – ઓછાં કરીએ તે સકામ નિર્જરા કહેવાય. અને જ્ઞાન વગર સુખ-દુઃખ ભોગવતાં કર્મનું વિસર્જન કરતા રહીએ તે અકામ નિર્જરા કહેવાય. કર્મનો પરાભવ કરવાનું કામ એટલું સહેલું નથી. તે માટે જ્ઞાન-દર્શન અને ચારિત્ર ત્રણેયની જાણકારી અને પાલન આવશ્યક બની જાય છે. દર્શન

એ બતાવે છે કે આપણે જે સહન કરીએ છીએ અને સંસારમાં રખડીએ છીએ તે કર્મને કારણે, જ્ઞાન કર્મનો પરાભવ કરવાના માર્ગો બતાવે છે અને ચારિત્ર એટલે જે જાણ્યું તેનું આચરણ કરવું. આ ત્રણેય વસ્તુ સમ્યક્ હોય તો જ કામ સરે. જો તે વિપરીત હોય તો વળી આપણે વધારે ભટકી જઈએ.

જે જીવ કર્મનો સદંતર પરાભવ કરી શકે છે તે મુક્ત થઈ જાય છે. ત્યાર પછી તે પરમાત્મ દશામાં અવસ્થિત થઈ જાય છે. અર્થાત્ કે આત્મા જ પરમાત્મા બની જાય છે. આત્માથી પરમાત્મા જુદો નથી એમ જે કહેવાય છે તે શુદ્ધાત્માને લક્ષમાં રાખીને કહેવાય છે. શુદ્ધાત્મા કર્મરહિત હોય, તેને કષાય એટલે રાગ-દ્વેષ ન હોય, પરિણામે મન-વચન અને કાયાના યોગોનું પ્રવર્તન પણ ન હોય. તે અસ્તિત્વ સાથે તદ્રુપ થઈને - સમરસ બનીને સદાય પ્રસન્નતા અનુભવતો હોય. એક વાર શુદ્ધાત્મા બનેલ આત્મા અવતાર લઈને સંસારમાં ફરી આવતો નથી.

કર્મસારનું લક્ષ્ય સ્વસ્થ - પ્રસન્ન જીવન છે. સાંસારિક રીતે સુખ-શાંતિ અને સુવિધાપૂર્ણ જીવન માટે પુણ્યકર્મ જોઈએ, પણ શાશ્વતકાળ માટે પરમાત્મા બનીને અનંત પ્રસન્નતામાં સ્થિતિ કરવા માટે કર્મરહિત થવું પડે. શુદ્ધાત્મા બનવું પડે. કર્મના જ્ઞાનનું અંતિમ લક્ષ્ય પરમાત્મ અવસ્થા છે જેને અનેક રીતે અનેક નામોથી વિધવિધ ધર્મોએ વર્ણવી છે, ઓળખાવી છે.

---

# પરિશિષ્ટ

આપણે કર્મની વ્યવસ્થા વિશે જે વિશદ ચર્ચા કરી છે તે આપણે જીવનને સ્વસ્થ અને પ્રસન્ન રાખવા માટે કરી છે. તેમાં આલોક અને પરલોક બંનેને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. કર્મની વ્યવસ્થા વિશે જાણવાનો હેતુ એ છે કે જાણતાંઅજાણતાં આપણે એવાં કેટલાંય પાપકર્મો કરીએ છીએ તેનાથી સ્હેજમાં આપણે બચી જઈએ અને જો થોડોક જ ખ્યાલ રાખીએ તો પુણ્યકર્મનું ઉપાર્જન કરતા રહીએ. તેને પરિણામે આપણે દુઃખથી બચતા રહીએ અને સુખનું નિર્માણ કરતા રહીએ – જે પરંપરાએ આપણને પરમાત્મ- અવસ્થા સુધી દોરી જાય. સાથે સાથે આપણે એ વાતનું ખાસ ધ્યાન રાખવાનું છે કે તેમ કરતાં આપણે, આપણી સાથે રહેનારાઓના કે આપણા જીવનને અસહ્ય કરી ન મૂકીએ. આપણે ક્યારેય એ વાત ન ભૂલવી જોઈએ કે જન્મ થયો એટલે કર્મમાં પ્રસ્થાન થઈ ચૂક્યું. પ્રથમ શ્વાસ લેતાની સાથે જ કર્મની શરૂઆત થઈ જાય છે અને જ્યાં સુધી શ્વાસ ચાલશે ત્યાં સુધી કર્મ થતું જ રહેવાનું. જન્મ એ કર્મનું પરિણામ છે અને નવાં કર્મોની શરૂઆત પણ છે. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી કર્મથી બચવાનું અશક્ય છે. કર્મથી બચવા માટે શરીરને તો ફેંકી નહિ દેવાય.

જીવનનો બે રીતે વિચાર કરવો જોઈએ. એક છે તેના લક્ષ્યનો અને બીજો તેના વ્યવહારનો. ભલે લક્ષ્ય કર્મરહિત થવાનું રાખીએ પણ જીવન છે ત્યાં સુધી કર્મનો વ્યવહાર થતો જ રહેવાનો. તેનાથી બચી શકાય તેમ જ નથી. માટે કેટલીક ધર્મધારાઓએ કર્મ વિશે અન્ય રીતે વિચાર કરીને તેમનો માર્ગ ચાતર્યો છે. જેના ઉપર આપણે અહીં એક ઊડતી નજર નાખી લઈએ. કદાચ તેમાંથી કોઈક વાત આપણને કામ આવી જાય અને ઉપકારક નીવડે. કેટલાય લોકો વ્યવહારને નજરમાં રાખીને જીવે છે. તો કેટલાક પરમાર્થને-નિશ્ચયને નજરમાં રાખીને જીવવા માંગે છે. આ બંને અતિથી બચીને જે માણસ જીવન ગોઠવે છે તે સુખે જીવી શકે છે અને સુખે મરી શકે છે. જીવન એક અમૂલ્ય અવસર છે. તેનો એક જ રીતે વિચાર કરીને એકાંતે જીવનાર ઘણી વાર

જીવનને શોષી નાખે છે. માટે જીવનનો માર્ગ પસંદ કરતા પહેલાં વિવેક રાખવો ખાસ જરૂરી છે.

દુનિયામાં વિધ વિધ ધર્મધારાઓ વહે છે. તે બધાનું લક્ષ્ય (સ્વસ્થ અને પ્રસન્ન જીવન) લગભગ એકસરખું કહી શકાય પણ તેમના લક્ષ્ય સિદ્ધ કરવાના માર્ગો ભિન્ન છે. એમાં એક અતિ પ્રચલિત માર્ગ ભક્તિનો છે. ભક્તિ એટલે શરણાગતિ. તેમાં જે જીવન આવી મળ્યું હોય તેનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરવાની વાત આવે. તેને પ્રભુનો પ્રસાદ માનીને માથે ચઢાવી લેવાનું. તેની સામે ફરિયાદ કરીએ તે પણ ઠીક ન કહેવાય. તેનાથી ભક્તિ અશુદ્ધ થઈ જાય. આ રીતે માણસ જીવતો હોય તો તે ઘણાં અશુભ કર્મો કે પાપકર્મોથી બચી જાય એ સ્વાભાવિક છે અને સદ્‌ભાવમાં રહેતો હોવાથી પુણ્યકર્મનું ઉપાર્જન તો કરતો જ રહે. જે 'સ્વ' ને ભગવાનને સમર્પિત કરીને જીવે છે તે કર્મબંધ ક્યાંથી કરે? અને કરેય તો પણ કેટલો કરે? તેનો સંસાર ટૂંકો જ હોય. તે મોક્ષની વાટ ઉપર જ છે તેમ કહી શકાય. પણ આ રીતે જીવનારા કેટલા? વાતો કરે ન ચાલે.

બાકી બહુજન સમાજમાં જે ભક્તિ પ્રચલિત છે તે તો ભગવાનને રીઝવવા માટેની છે અને તે માટે દરેક ધર્મો પાસે પોતાનાં વિધિ-વિધાનો છે. આ ભક્તિ જીવનમાં દિલાસો આપી શકે પણ તે ઝાઝે દૂર ન લઈ જાય. તેનાથી માણસને એક પ્રકારનો સધિયારો મળી રહે છે – તે તેનું મોટું મૂલ્ય છે.

બીજી બાજુ વેદાંતની વિચારધારા છે. તેમાં જ્ઞાનને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. જ્ઞાનનો ભાર કર્મમાંથી કર્તૃત્વના ભાવને જ કાઢી નાખવા ઉપર છે. માણસ કર્તૃત્વના ભાવ વિના કર્મ કરે તો તેને કર્મનો ઝાઝો બંધ ન પડે અને જે પડે તે વધારે ટકે નહિ. આવી વ્યક્તિ જીવન માટે આવશ્યક કર્મ જ કરતી હોય. તે સંસારમાં રાચતી ન હોય; પરંતુ ગત જન્મોમાં કર્મનો જે ભાર તેના ઉપર હોય તેને તેણે જ્ઞાનથી અને ધ્યાનથી ઉતારવો રહે. તે ન ઊતરે ત્યાં સુધી તેને ગત જન્મોનાં કર્મોનો ભોગવટો કરવો પડે કે તે માટે બીજો જન્મ લેવો પડે. અહીં જ્ઞાનની જે વાત છે તે આત્મપરિણત જ્ઞાનની છે. જો જ્ઞાન વાતોમાં જ વસેલું હોય તો એક પ્રકારની આત્મવંચના બની જાય અને ઊલટાનો ગાઢ કર્મબંધ પડે. બાકી કેવળ સાક્ષીભાવમાં જીવવું એ બહુ ઊંચી અવસ્થા છે. જે કોઈને જ સિદ્ધ થાય. આ વાત પારમાર્થિક વધારે છે. વ્યવહારુ ઓછી છે

આ બાબતમાં ત્રીજો વિકલ્પ કર્મયોગનો છે. જેની ચર્ચા ભગવદ્ગીતામાં સુપેરે થયેલી છે. ગીતાકારે કર્મયોગને વધારે સ્વીકાર્ય બનાવવા માટે જ્ઞાન અને ભક્તિ બંનેનો થોડોક સાથ લીધો છે એમ કહી શકાય. કર્મયોગમાં કર્મના ફળના ત્યાગની વાત ઉપર ભાર છે. કર્મ રહે પણ તેમાં ફળની અપેક્ષા ન હોવાથી તેમાં કર્મનો ડંખ ન રહે. વળી એમાં કર્મને પરમાત્માને સમર્પિત કરવાની પણ વાત આવે છે. આમ જે કર્મ ફળની આસક્તિ વિના થાય તે મહદઅંશે શુભ જ હોય, વળી કર્મ કરવામાંથી અહંકારને દૂર કરવાની વાત કર્મયોગે કરી છે તેથી કર્મબંધ ગાઢ ન પડે.

ગીતાના કર્મયોગમાં વ્યવહારને વધારે નજરમાં રાખીને કર્મની વાત કરવામાં આવી છે. બાકી આ રીતે કર્મ કોણ કરે છે? ગીતાનો જે કર્મયોગ અર્જુનને ઉદ્દેશીને કહેવાયો હતો તેણે પણ ફળની અપેક્ષા રાખ્યા વિના યુદ્ધ કર્યું હોય તેમ દેખાતું નથી. ત્યાં બીજાની શી વાત કરવી?

આમ કર્મનો સૌએ સ્વીકાર કર્યો છે પણ કર્મથી બચવાના માર્ગો સૌના સરખા નથી. કોઈએ નિશ્ચય-પરમાર્થ ઉપર વધારે ભાર મૂક્યો છે તો કોઈએ વ્યવહાર ઉપર.

આપણે 'કર્મસાર'માં જે ચર્ચા કરી છે તે જૈનધર્મધારાને નજરમાં રાખીને કરી છે. તેમાં કર્મને જ વિષય બનાવીને નિશ્ચય અને વ્યવહાર બંનેનો સમન્વય સાધીને વિષયનું નિરુપણ કરવામાં આવેલ છે. જૈન કર્મસિદ્ધાંત વૈજ્ઞાનિક છે જેથી તે વધારે સ્વીકાર્ય બની રહે છે. તેમાં આત્મવંચના માટે અવકાશ ઓછો છે. વળી આપણા મનમાં કર્મ વિશે ઊઠતા લગભગ દરેક પ્રશ્નનો ઉત્તર તેમાંથી મળી આવે છે જે મોટે ભાગે આપણને બીજે ક્યાંયથી નથી મળતા. તેમ છતાંય અન્ય ધર્મધારાઓએ વાતનો કેવી રીતે વિચાર કર્યો છે તેનો અછડતો ઉલ્લેખ અંતે કરી લીધો છે જે અભ્યાસી માટે રસપ્રદ થઈ પડશે.

---

## શ્રી ચંદ્રહાસ ત્રિવેદીનાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો (સ્વરૂપલક્ષી)

| | | | |
|---|---|---|---|
| નવલકથા : | ૧. | પાછે પગલે | ૧૯૯૩ |
| | ૨. | સીમાની પેલે પાર | ૨૦૦૧ |
| | ૩. | બદલાતા રંગ | ૨૦૦૪ |
| | ૪. | રાજરમત | ૨૦૦૯ |
| | ૫. | પરલોકવાસીની પ્રીત | ૨૦૧૦ |
| વિનોદ વ્યંગ : | ૧. | તરંગોની ભીતરમાં | ૧૯૯૪ |
| | ૨. | અષ્ટમ્ પષ્ટમ્ | ૨૦૦૦ |
| | ૩. | અવળી સવળી વાતો | ૨૦૦૩ |
| ટૂંકી વાર્તા : | ૧. | પળનાં પલાખાં | ૨૦૦૨ |
| આત્મકથા : | ૧. | સ્મૃતિની સાથે સાથે | ૧૯૯૯ |
| રેખાચિત્રો : | ૧. | વાટે ને ઘાટે | ૨૦૦૨ |
| નિબંધ : | ૧. | જીવતરને જીવી જાણીએ | ૨૦૦૦ |
| સંશોધન : | ૧. | મૃત્યુ વિજયને પંથે | ૧૯૯૬ |
| | ૨. | તનાવ : સમસ્યા અને સમાધાન | ૨૦૦૦ |
| જૈન ધર્મ : | ૧. | મહાવીરની સાધનાનો મર્મ | ૧૯૯૪ |
| | ૨. | કર્મવાદનાં રહસ્યો | ૧૯૯૪ |
| | ૩. | જૈન આચાર મીમાંસા | ૧૯૯૫ |
| | ૪. | જૈન ધર્મનું હાર્દ | ૧૯૯૬ |
| બૌદ્ધ ધર્મ : | ૧. | બૌદ્ધ ધર્મ : સિદ્ધાંત અને સાધના | ૨૦૦૪ |
| ગીતા ચિંતન : | ૧. | ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે (ગીતાનું રહસ્ય ઉદ્‌ઘાટન) | ૨૦૦૫ |
| | ૨. | ગીતાની ભગવત્તા | ૨૦૦૬ |
| | ૩. | ગીતાજ્ઞાનસાર | ૨૦૦૯ |
| કથા ચિંતન : | ૧. | બિંબ પ્રતિબિંબ | ૧૯૯૨ |
| (પર્સનલ એસેસ) | ૨. | ઘટનાને ઘાટે | ૧૯૯૬ |
| | ૩. | પારકી ભૂમિ પર ઘર | ૧૯૯૯ |
| | ૪. | અલ્પનો વિસ્તાર | ૨૦૦૧ |
| | ૫. | પણ હું મઝામાં છું | ૨૦૦૩ |
| | ૬. | અંતિમ વળાંક | ૨૦૦૭ |
| | ૭. | મૃત્યુ : સમસ્યા અને સમાધાન | ૨૦૦૮ |

# કર્મસાર

## માર્મિકતાનું સર્વજન ભોગ્ય પુસ્તક

"આપણે આજે જે છીએ તે કર્મને કારણે છીએ અને કાલે જે હોઈશું તે પણ કર્મને કારણે હોઈશું. પળે પળે જીવનને સુખ-દુઃખમાં પલટી નાખતા કર્મનો બંધ કેવી રીતે થાય છે, તેનાથી કેમ બચી શકાય, બાંધેલા કર્મમાં ફેરફાર કેવી રીતે થઈ શકે, ક્યારે કર્મ ભોગવ્યા વિના છૂટકો થાય જ નહિ અને કેવી રીતે વગર ભોગવ્યે કર્મથી છૂટી શકાય- એવી બધી ગહન વાતોનું નિરૂપણ આ પુસ્તકમાં થયેલ છે. વળી લેખકે કર્મ વિશેની કેટલીક ભ્રામક માન્યતાઓનું સુપેરે નિરસન કરતાં જીવનના અંતિમ લક્ષ્ય તરફ ઈશારો પણ કર્યો છે. વિશિષ્ટ અને વૈજ્ઞાનિક સિદ્ધાંતને આધારે લખાયેલ આ પુસ્તકના વાંચનમાંથી આપણને મૂંઝવતા બધા પ્રશ્નોનું સમાધાન મળી જાય છે તેમાં જ લેખકની સફળતા છે."